પાનાં : ૩૬ કિંમત : રૂા. ૬-૦૦ ** તા. ૧૮ ઓક્ટોબર ૨૦૨૬ રવિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૮ વર્ષ : ૯૪, અંક : ૨૮૩ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4




## અલ નીનોના લીધે દક્ષિણ અમેરિકામાં ભારે તારાજી

સાઉથ અમેરિકામાં ભારે વરસાદના કારણે આવેલા પૂરે એક કે બે નહીં પણ ત્રણ-ત્રણ દેશમાં તારાજી મચાવી છે. અલ નીનોના લીધે સાઉથ અમેરિકાની ત્રણ-ત્રણ નદીઓમાં પૂર આવતા આર્જેન્ટિના, પારાગ્વે અને ઉરુગ્વેમાં ખાનાખરાબી સર્જાઈ છે. મોટી સંખ્યામાં લોકો ઘરવિહોણા થઈ ગયા છે, ગ્રામીણ વિસ્તારોમાં લોકોએ તેમના ઢોરવાડા છોડી દેવા પડ્યા છે. આર્જેન્ટિનાના ઉત્તરપૂર્વી પ્રાંતમાં પરાના નદી તની જોખમી સપાટી ૪.૭ મીટર કરતાં ઉપરથી વહી રહી છે. તેના લીધે પ્રાંતના નદીકિનારે આવેલા ટાઉન ઇતુઝૈન્ગો સહિત બીજા ટાઉન્સ પણ ખાલી કરાવવા પડ્યા છે. સંખ્યાબંધ ઢોરો નદીના પ્રવાહમાં વહી ગયા છે. પ્રાંતીય અધિકારીઓનું કહેવું છે કે તેઓ વધારેને વધારે કેનાલો ખોદી રહ્યા છે, જેથી વધારે વરસાદ પડે તો પણ પહોંચી વળાય.

લગ્ન વિષયક

Parul University
BOPAL, AHMEDABAD
ADMISSION IN
BHMS BPT
B. PHARM
PHARM. D
6352426327

FOR SALE
NBFC COMPANY
BSE Stock Exchange Listed
Call: 89808 20100

સેમ્પલ હાઉસ રેડી
2 BHK
98250 07752

2500 SQ. FT.
3 BHK FLAT
Rs. 1.5 Cr. All inclusive
2 ALLOTED CAR PARKING
Gym, Theatre Club House
Near Parimal Garden Ambawadi
M. 7778044466

25 લાખના રોકાણથી ડિલર બનો
9 73 74 75 9 65
શું આપને ધંધા માટે નાણાંની જરૂર છે ?

દાનની અપીલ
Bank Details : Navjyot Andhjan Mandal, HDFC Bank, Paldi Branch
Account No. : 50100239406592, IFSC CODE : HDFC0000299












### ૨૦ કિલોના ડબ્બામાં વેચાણ, લેબલ પર ફ્રૂટ પલ્પ દર્શાવ્યું

# ગોતામાં ટમેટા વગર જ નકલી સોસ બનાવતું કારખાનુ પકડાયું, ૧૦ હજાર કિલો જથ્થો સીઝ

અમદાવાદ, શનિવાર

ખાણીપીણીની લારીઓ, રેસ્ટોરન્ટમાં પિત્ઝા, પાસ્તા, સેન્ડવિચ, ચાઈનીઝ સહિતના ફાસ્ટ ફૂડ સાથે તમે જે ટોમેટો સોસ ખાઈ રહ્યા છો, તે નકલી હોઈ શકે છે! ભેળસેળથી એક ડગલું આગળ વધી હવે શહેરમાં નકલી ખાદ્ય પદાર્થોનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. પીરાણા બાદ આજે ગોતામાં ટામેટા વગર જ નકલી ટોમેટો સોસ બનાવતું કારખાનું ઝડપાયું હતું. જેને પગલે ગૃહ ઉદ્યોગને સીલ કરી બટાકા, સ્ટાર્ચ જેવો કાચો સામાન અને તૈયાર સોસનો કુલ ૧૦, ૬૩૦ કિલો જથ્થો સ્થગિત કરાયો હતો.

## લેબલ પર દર્શાવેલા ઈ-૧૨૨ અને ઈ-૧૧૦ જેવા જોખમી સિન્થેટિક કલર ઓસ્ટ્રેલિયા અને જાપાન જેવા કેટલાક દેશોમાં પ્રતિબંધિત

ગોતાના મેલડી એસ્ટેટમાં આવેલા આઈ શ્રી ખોડિયાર ગૃહ ઉદ્યોગમાં આજે મ્યુનિ.ના ફૂડ વિભાગ દ્વારા દરોડો પડાયો હતો. જ્યાં ટામેટા વગર જ બટાકા, સ્ટાર્ચ પાવડર, સિન્થેટિક રંગનો ઉપયોગ કરી ટોમેટો સોસ તૈયાર કરાઈ રહ્યો હોવાનું સામે આવ્યું હતું. આર કે ફ્રૂટ કોર્ડિઅલ, ફ્રૂટ સ્કવેશ નામથી સોસનું પાંચ અને વીસ કિલોના ડબ્બામાં વેચાણ કરાતું હતું. તેમજ લેબલ પર ફ્રૂટ પલ્પ જેવા ખોટા ઘટકો દર્શાવી મિસબ્રાન્ડિંગ કરી લોકોને ગેરમાર્ગે દોરવામાં આવતું હતું. જેને પગલે કાચો સામાન અને તૈયાર સોસનો કુલ ૧૦,૬૩૦ કિલો જથ્થો વેચાણ માટે સ્થગિત કરાયો હતો. જ્યારે બટાકાની પેસ્ટ, સ્ટાર્ચ પાવડર, ટોમેટો પેસ્ટ તરીકે દર્શાવેલો પદાર્થ, સિન્થેટિક ફૂડ કલર અને ફ્રૂટ સ્કવોશ એમ કુલ પાંચ વસ્તુઓના નમૂના લઈ લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. ગૃહ




ઉદ્યોગને સીલ કરી એફએસએસએઆઈનું લાયસન્સ રદ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. નોંધનીય છે કે, લેબલ પર દર્શાવેલા ઈ-૧૨૨ અને ઈ-૧૧૦ જેવા જોખમી સિન્થેટિક કલર ઓસ્ટ્રેલિયા, જાપાન જેવા કેટલાક દેશોમાં પ્રતિબંધિત છે. જ્યારે અહીં ખાદ્ય પદાર્થોમાં તેમનો બેરોકટોક ઉપયોગ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરાઈ રહ્યા છે. ભેળસેળિયા તત્વો સામે કડક પગલાં ન લેવાતા હોવાથી એક એકમ સીલ કર્યા બાદ બીજા નામથી લાયસન્સ લઈ નવા એકમો ખુલી જાય છે!

**લેબર પર કઈ સામગ્રી દર્શાવાઈ?**

- ફ્રૂટ પલ્પ
- ચિલી પાઉડર
- સ્પાઈસ એક્સટ્રેક્ટ
- સિન્થેટિક ફૂડ કલર
- પ્રિઝર્વેટિવ્સ

**કઈ વસ્તુઓમાંથી નકલી સોસ બનતો હતો?**

- પાણી
- સ્ટાર્ચ પાવડર
- મીઠું
- એસિટિક એસિડ
- સ્ટેબિલાઈઝર્સ
- ખાંડ
- બટાકા
- કલર
- પ્રિઝર્વેટિવ્સ

**બટાકાની પેસ્ટ, સ્ટાર્ચ, સિન્થેટિક ફૂડ કલરથી સોસ બનાવી આર કે ફ્રૂટ કોર્ડિઅલ નામથી વેચાણ કરાતું હતું : ખોડિયાર ગૃહ ઉદ્યોગ સીલ કરાયો**

### નવરાત્રીના તહેવારોના ટ્રાફિકનો ગેરલાભ ઉઠાવી

# ઓનલાઈન કેબ-રિક્ષામાં નફાખોરી, ભાડામાં અઢીથી ત્રણ ગણો વધારો

અમદાવાદ, શનિવાર

અમદાવાદમાં રિક્ષા- ટેક્સીના ભાડામાં છેલ્લાં કેટલાય સમયથી વધારો થયો છે. ઓગસ્ટ મહિનામાં સત્તાવાર રીતે ભાડાવધારો કરાતાં મુસાફરોના ખિસ્સા પર પહેલાંથી ભારણ હતું. તેવામાં નવરાત્રીના તહેવારમાં મુસાફરોમાં વધારો થતાં ઓનલાઈન બૂક થતી ટેક્સી-રિક્ષાના ભાડામાં અઢીથી ત્રણ ગણો વધારો કરાયો છે. કેટલીક રાઈડમાં તો રિતસર કિલોમીટર દીઠ ૨૮થી ૩૨ રૂપિયા વસૂલવામાં આવતા હોવાથી મુસાફરો મુશ્કેલીમાં મૂકાયા છે.

## કેટલીક રાઈડમાં રીતસર કિલોમીટર દીઠ વસૂલાતો ૨૮થી ૩૨ રૂપિયા ચાર્જ, નોકરિયાત અને વિદ્યાર્થીવર્ગ પરેશાન

તહેવારોની મોસમમાં ગરબાના રંગે રંગાયેલા અમદાવાદમાં મુસાફરી ફરી એકવાર મોંઘી બની છે. નવરાત્રી દરમિયાન ઓનલાઈન બૂક થતી ટેક્સી અને રિક્ષાના ભાડામાં અધધ વધારો થતાં સામાન્ય મુસાફરોના ખિસ્સા પર સીધી અસર પડી રહી છે. જે અંતર કાપવા માટે અગાઉ ૧૦૦થી ૧૫૦ રૂપિયા ભાડું ચૂકવવું પડતું હતું, તે જ અંતર માટે અત્યારે ૨૦૦થી ૨૫૦ રૂપિયા સુધીનું ભાડું વસૂલવામાં આવે છે. ખાસ કરીને રાત્રે પિક અવર્સમાં અને વહેલી સવારે ભાડું અઢી- ત્રણ ગણું થઈ જતું હોવાથી ગરબા રમવા જતાં ખેલૈયાઓ ઉપરાંત નોકરિયાતો અને વિદ્યાર્થીઓ પણ મુશ્કેલીમાં મૂકાયા છે. તહેવારોમાં મુસાફરોની સંખ્યામાં વધારો થવાની સાથે જ ઓનલાઈન કેબ સેવાઓમાં માંગ આધારિત ભાડા વધારાની અસર જોવા મળે છે. જોકે ભાડામાં થતો વધારો માત્ર ગરબાના મેદાન સુધી મર્યાદિત રહ્યો નથી. સામાન્ય વિસ્તારોમાં જવા માટે પણ મુસાફરોએ વધુ નાણાં ખર્ચવા પડે છે. એટલું જ નહીં, મોટાભાગની રાઈડમાં જ્યાં સુધી ટિપ ઉમેરવામાં ના આવે ત્યાં સુધી ચાલકો બૂકિંગ સ્વીકારતા નથી. ઉપરાંત તે ભાડે રાઈડ લેવામાં આનાકાની કરે છે. પરિણામે ગંતવ્ય સ્થાને પહોંચવા મુસાફરોને નાછૂટકે વધુ નાણાં ચૂકવવા પડે છે.

### ગરબો ઝાકમઝોળ પણ વ્યવસ્થામાં પોલંપોલ...!

# ગરબાના મેદાનોમાં ગેરવ્યવસ્થા છતાંય મોંઘાદાટ પાસનો ક્રેઝ !

અમદાવાદ, શનિવાર

આ વખતે સોશિયલ મીડિયા પર માત્ર ગરબાની મોજમસ્તી જ નહીં, પરંતુ આયોજનની ખામીઓ દર્શાવતા વીડિયો પણ મોટી સંખ્યામાં વહેંચાઈ રહ્યા છે. એક જ સ્થળના ભવ્ય દ્રશ્યોની સામે ભીડ અને અવ્યવસ્થાના દ્રશ્યો પ્રચારની ચમકને પડકાર આપી રહ્યા છે. અમદાવાદમાં આ વર્ષની નવરાત્રિમાં ગરબાની ભવ્યતા જેટલી ચર્ચામાં રહી છે, એટલી જ ચર્ચા ગેરવ્યવસ્થાના સંખ્યાબંધ વીડિયોથી લઈને પણ થઈ છે.

## ઊભા રહેવાની જગ્યા નહીં, ફૂડ કોર્ટમાં ખેંચાખેંચી અને ટ્રાફિકની અંધાધૂંધીની રીલ્સ વાઈરલ થતાં ભવ્ય આયોજન સામે સવાલો

એક તરફ લાખો રૂપિયાના પ્રચાર, ઝાકમઝોળ, વિશાળ મંચ અને મોંઘા પાસનું આકર્ષણ ઊભું કરવામાં આવ્યું, તો બીજી તરફ અનેક ગરબા ગ્રાઉન્ડમાં ભીડના સંચાલનથી માંડીને ભોજન અને વાહનવ્યવહારની વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોએ આયોજકોના દાવા અને ખેલૈયાઓના વાસ્તવિક અનુભવ વચ્ચેનું અંતર ઉજાગર કર્યું છે. સૌથી મોંઘા ગણાતાં ગરબામાં મુદ્દો માત્ર પંદર હજાર રૂપિયાના પાસવાળા કોઈ એક ગ્રાઉન્ડ પૂરતો સીમિત નથી. પરંતુ શહેરનાં વિવિધ ગરબા મેદાનોમાં ક્ષમતા કરતાં વધુ પાસ વેચાયા હોવાના આક્ષેપો વચ્ચે ખેલૈયાઓને ઊભા રહેવા માટે પૂરતી જગ્યા ન મળતી હોવાની ફરિયાદો સામે આવી છે. ગરબા રમવા માટે ઊંચી કિંમત ચૂકવીને પહોંચેલા લોકોને જો મેદાનમાં જ ભીડનો સામનો કરવો પડે, તો પાસ ખરીદવા પાછળ ખર્ચેલા નાણાં સામે મળતા અનુભવ અંગે અસંતોષ ઊભો જોવા મળ્યો હતો.

**ઉબડ-ખાબડ પાર્કિંગથી ફૂડ કોર્ટ સુધી હાલાકી**

એસ.પી. રીંગ રોડની નજીક આવેલા સંખ્યાબંધ મેદાનોમાં સેટ કરવામાં આવેલા અનેક ગરબાઓમાં ઉબડ ખાબડ પાર્કિંગને કારણે અસંખ્ય ખેલૈયાઓએ પોતાના વાહનોની એલાઈન્મેન્ટ સાથે પાર્કિંગની અસંખ્ય ફરીયાદો કરી છે. અમદાવાદના સફેદ પરિંદેના પંદર હજાર રૂપિયા સુધીની કિંમત ધરાવતા પાસના આયોજનમાં પણ ભોજનના કાઉન્ટર પર હાલાકીનાં દ્રશ્યો સામે આવતાં લોકોમાં છેતરાયાની લાગણી ઊભી થઈ છે. જોકે, મોંઘા પાસવાળા એક ગ્રાઉન્ડની ચર્ચા કરતાં વધુ મહત્ત્વનો મુદ્દો એ છે કે અલગ અલગ સ્થળોએ ભીડ અને વ્યવસ્થાની સમસ્યાઓ અંગે એકસરખી ફરિયાદો કેમ ઊભી થઈ રહી છે.

**પાસની સંખ્યા નક્કી કરતા પહેલા ગ્રાઉન્ડની ક્ષમતા તો જોવાનું રાખો...**

સોશિયલ મીડિયાએ આ વખતે ગરબાના આયોજકો માટે એક નવી કસોટી ઊભી કરી છે. અગાઉ આયોજનોની સફળતા માટે ભીડ, કલાકારો, લાઈટિંગ અને મંચની ભવ્યતા ચર્ચાતી હતી. હવે ખેલૈયાઓના મોબાઈલ કેમેરા આયોજનની ખામીઓ પણ જાહેર કરી રહ્યા છે. આયોજકો માટે આ વીડિયો માત્ર ટીકા નથી, પરંતુ વ્યવસ્થાની ખામીઓ ઓળખવાની તક પણ છે.

ગરબાના નામે ઊંચી કિંમતના પાસ વેચવા સામે વાંધો નથી, પરંતુ તેની સામે સલામત અને સુવ્યવસ્થિત અનુભવ આપવાની જવાબદારી પણ એટલી જ મહત્ત્વની છે. પાસની સંખ્યા નક્કી કરતી વખતે મેદાનની વાસ્તવિક ક્ષમતા, ફૂડ કોર્ટની સુવિધા અને વાહનવ્યવહારની વ્યવસ્થા ધ્યાનમાં લેવી અનિવાર્ય છે.

### અલ નીનો, કૃષિ ક્ષેત્રે વધુ માંગ સહિતના પરિબળો

# ગુજરાતમાં વીજ સંકટ ? સાંજે પથી ૧૧ બિનજરૂરી વીજ વપરાશ ટાળવા અપીલ

અમદાવાદ, શનિવાર

ગુજરાતમાં હવે વીજ સંકટ ઘેરું બની રહ્યું હોય તેવી ભીતિ સર્જાઈ છે. રાજ્ય સરકાર દ્વારા વીજળીનો કરકસરયુક્ત ઉપયોગ કરવાની અપીલ કરાઈ છે અને સાથે એમ પણ ઉમેર્યું છે કે વીજ વપરાશના દિવસના સૌર કલાકમાં ગોઠવવા-સાંજના ૫ થી ૧૧ દરમિયાન બિનજરૂરી વીજ વપરાશ ટાળવામાં આવે.

સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસ દરમિયાન ગુજરાતની વીજ માંગ ગત વર્ષોની સરખામણીએ અંદાજે ચાર હજાર મેગાવોટ એટલે કે ૧૨ ટકા સુધી વધી છે. ૧૬ ઓક્ટોબરના રોજ રાજ્યમાં અત્યારસુધીની સર્વોચ્ચ ૨૯૮૨૨ મેગાવોટ વીજ માગ નોંધાઇ હતી, જે ગત વર્ષે ઓક્ટોબરમાં ૨૧૮૨૨ મેગાવોટની સરખામણીએ ૩૬.૬૦ ટકા વધારે છે. ૧૬ ઓક્ટોબરના દૈનિક વીજ વપરાશ ૫૭૪ મિલિયન યુનિટ હતો, જેનું પ્રમાણ ગત વર્ષે ઓક્ટોબરમાં ૪૫૭ મિલિયન યુનિટ હતું.

આમ, વીજ વપરાશમાં ૨૭ ટકાનો વધારો થયો છે. કુલ સપ્લાય કરેલી વીજળીમાંથી પીજીવીસીએલમાં ૩૦ ટકા, ડીજીવીસીએલમાં ૨૨ ટકા, યુજીવીસીએલમાં ૨૨ ટકા, એમજીવીસીએલમાં ૧૦ ટકા, ડિસ્કોમમાં ૧૬ ટકા વપરાશ નોંધાયો હતો. સાંજના પથી રાત્રે ૧૧ સુધી સોલાર ઉત્પાદન શૂન્ય થતાં અને પવન ઊર્જા અનિયમિત હોવાથી માગને પહોંચી વળવા કોલસા અને ગેસ આધારિત પ્લાન્ટ્સમાંથી પુરવઠો અપાય છે. ગુજરાતમાં ઊર્જા ક્ષેત્રે વધતી માંગ અને વીજ પુરવઠાની પરિસ્થિતિ અંગે ઊર્જા મંત્રી- રાજ્ય મંત્રીની અધ્યક્ષતામાં ઊર્જા-પેટ્રોકેમિકલ્સ વિભાગ અને તમામ વીજ કંપનીઓના અગ્રણી અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઇ હતી. જેમાં રાજ્યમાં વીજ માગ વધવાના કારણો, તાત્કાલિક નિવારણ માટે લેવાયેલા પગલાં અને આગામી સમયની માંગને પહોંચી વળવા માટેના આયોજન અંગે ચર્ચા કરાઇ હતી. સરકારના દાવા પ્રમાણે રાજ્ય પાસે વીજ માગને પહોંચી વળવા માટે પુરતો પુરવઠો ઉપલબ્ધ છે. આગામી દિવસોમાં હવામાન બદલાતાં માંગમાં પણ ઘટાડો થશે.

**વીજ માગમાં વધારો થવાના કારણો**

- અલ નીનો : આ વર્ષે નબળા ચોમાસા બાદ તાપમાન સતત ઊંચું રહેતાં કૂલિંગ લોડમાં વધારો.
- કૃષિ ક્ષેત્રે માંગ : ઊભા પાકને સિંચાઈનું પાણી પૂરું પાડવા ખેડૂતોને પૂરતા કલાકો વીજળી અપાતા કૃષિ લોડ વધ્યો, જે દૈનિક મહત્તમ ૧૨ હજાર મેગાવોટ રહે છે.
- તહેવારો : નવરાત્રી, આગામી દિવાળીના તહેવારોથી ઔદ્યોગિક માંગમાં વધારો.
- હાઈડ્રો-પવન ઊર્જામાં ઘટાડો : ઓછા વરસાદને કારણે હાઈડ્રો પાવર ઉત્પાદન ઘટ્યું છે. જે સામાન્ય રીતે ઓક્ટોબર-નવેમ્બરમાં મહત્તમ મળે છે.

**કઈ કંપનીના વિસ્તારમાં કેટલો વપરાશ થયો**

રાજ્યમાં સપ્લાય કરાયેલી કુલ વીજળીમાંથી સૌથી વધુ વપરાશ સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં નોંધાયો છે :

| | | |
|---|---|---|
| PGVCL (પશ્ચિમ ગુજરાત) | : | ૩૦% વપરાશ |
| DGVCL (દક્ષિણ ગુજરાત) | : | ૨૨% વપરાશ |
| UGVCL (ઉત્તર ગુજરાત) | : | ૨૨% વપરાશ |
| MGVCL (મધ્ય ગુજરાત) | : | ૧૦% વપરાશ |

**સોલાર ઊર્જાના મહત્તમ ઉપયોગનું આયોજન**

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં ખેતીવાડી લોડને દિવસના સૌર કલાકોમાં જ વપરાય તેવું આયોજન કરાયું છે. રાજ્યમાં ઉત્પન્ન થતી અંદાજે ૧૨ હજાર મેગાવોટ સોલાર ઉર્જાનો દિવસ દરમિયાન મહત્તમ ઉપયોગ થાય તેવું પણ આયોજન કરાયું છે.

**પુરવઠો વધારવા કયા પગલા લેવાયા?**

- એનટીપીસીના ફરક્કા પ્લાન્ટમાંથી નવેમ્બર માટે ૩૭૯ મેગાવોટ, આસામમાં કેન્દ્ર સરકારના પાવર જનરેશન ફાળામાંથી લાંબા ગાળા માટે ૫૦૦ મેગા વોટ ટૂંક સમયમાં મળે તેવી વ્યવસ્થા ગોઠવાઈ.
- ઓક્ટોબર માટે ૨૯૯૦ મેગાવોટ, નવેમ્બર માટે ૧૭૪૦ મેગાવોટ, ડિસેમ્બર માટે ૧૩૩૫ મેગાવોટના શોર્ટ ટર્મ ટાઈઅપ કરાયા.
- દિવસની સોલાર ઊર્જાનો સંગ્રહ કરીને સાંજે ઉપયોગ કરવા માટે બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ ક્ષમતા વધારવામાં આવી રહી છે.

**રાજ્યની વીજ માંગમાં સપ્ટેમ્બર-ઓક્ટોબર માસ દરમિયાન ગત વર્ષ કરતાં ૧૨ ટકાનો વધારો નોંધાયો**

### અમદાવાદના પશ્ચિમ વિસ્તારની ઘટના

# જાણીતી ફાર્મા કંપની પર સાયબર એટેક કરીને ૩૦ કરોડની ખંડણી વસુલાઇ !

અમદાવાદ,શનિવાર

ગુજરાતની એક જાણીતી ફાર્મા કંપનીની કોમ્પ્યુટર સિસ્ટમ પર સાયબર એટેક કરીને તમામ ડેટા હેક કરીને ૩૦ કરોડની માતબર રકમની હેકર્સ દ્વારા વસુલવામાં આવીની વિગતો સામે આવી છે. જે અંગે અમદાવાદના પશ્ચિમ વિસ્તારના એક પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવતા સાયબર એક્સપર્ટની મદદથી તપાસ શરૂ કરવામાં આવી છે. સુત્રોના જણાવ્યા મુજબ હેકર્સે ફાર્મા કંપનીના મેડીસીન મોડ્યુલના ડેટા પણ હેક કર્યા હતા.

## કંપનીના ડેટા અને મેડિસિન મોડ્યુલ સહિતના કિંમતી ડેટા હેક કરાયા હતાઃ ફાર્મા કંપનીમાં સૌથી મોટો સાયબર એટેક

ગુજરાતની એક જાણીતી ફાર્મા કંપનીમાં ચાઈનીઝ હેકર્સ દ્વારા સાયબર એટેક કરીને ફાર્મા કંપનીના તમામ ડેટા અને ખાસ કરીને મેડીસીનના મોડ્યુલની કંપનીની મહત્વની વિગતો હેક કરી હતી. જેના કારણે કંપનીની સિસ્ટમ ખોરવાઇ ગઇ હતી. બાદમાં આ ડેટા પરત કરવાના બદલામાં ૩૦ કરોડની ખંડણી માંગવામાં આવી હતી. ત્યારે કરોડો રૂપિયાના ડેટા પરત મેળવવા માટે કંપની દ્વારા આ માતબર રકમ ક્રિપ્ટોના વોલેટથી ચુકવવામાં આવ્યા હોવાની ચર્ચા છે. સાયબર એટેક અંગે અમદાવાદના પશ્ચિમ વિસ્તારના એક પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જો કે કરોડોની ખંડણી વસુલવામાં આવી હોવાથી સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ તેમજ સાયબર એક્સપર્ટની ખાસ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. સુત્રોના જણાવ્યા મુજબ આ કેસની તપાસ સંવેદનશીલ રીતે ચલાવવામાં આવી રહી છે. જેથી તેની વિગતો હાલ જાહેર થઇ શકે તેમ નથી.

### બજારમાં અછત, પણ ખેડૂતો ખાલી હાથ

# લીંબુની ખટાશે ભારે કરી ! કિલોના ભાવ ૩૦૦ને પાર

અમદાવાદ, શનિવાર

તહેવારોની સીઝન ચાલી રહી છે ત્યારે જ સામાન્ય માણસના રસોડાનું બજેટ ખોરવાઈ ગયું છે. અમદાવાદ સહિત રાજ્યના છૂટક બજારોમાં લીંબુના ભાવ પ્રતિ કિલો રૂ. ૩૦૦ સુધી પહોંચી જતાં ગ્રાહકોની મુશ્કેલી વધી છે. માત્ર દોઢ મહિના પહેલાં રૂ. ૬૦ આસપાસ મળતા લીંબુના ભાવમાં સીધો ચાર ગણો ઉછાળો આવ્યો છે.

## દોઢ મહિના પહેલાં ૬૦ રૂપિયે કિલોએ વેચાતા લીંબુના ભાવમાં ચાર ગણો વધારો, દિવાળી સુધી રાહત નહીં મળે

પ્રતિકૂળ હવામાનની સાથે સાથે આવક ઘટવાના કારણે બજારમાં લીંબુની ભારે અછત સર્જાઈ છે. જથ્થાબંધ બજાર અને છૂટક બજારના ભાવો વચ્ચે પણ મોટો તફાવત જોવા મળી રહ્યો છે. છૂટક બજારનો ભાવ ૩૦૦ પ્રતિ કિલો બોલાયો છે પણ જથ્થાબંધ બજારનો ભાવ રૂ.૧૫૦ થી ૨૦૦ પ્રતિ કિલો છે.

મોંઘવારી વચ્ચે સૌથી મોટી વાત એ છે કે ગ્રાહકો ભલે કિલો લીંબુના રૂ.૩૦૦ ચૂકવી રહ્યા હોય, પરંતુ પરસેવો પાડતા ખેડૂતોને માત્ર રૂ.૧૦૦થી રૂ.૧૫૦ જ મળી રહ્યા છે. એક બાજુ, વચેટિયાઓ અને એપીએમસી બજારની નબળી વ્યવસ્થાને કારણે ગ્રાહકો લૂંટાઈ રહ્યા છે તો બીજી બાજુ,ખેડૂતોને પોતાના પાકનો પૂરતો વળતર મળતો નથી.

વેપારીઓના મતે, જો આગામી દિવસોમાં લીંબુની આવક અને પુરવઠામાં સુધારો નહીં થાય, તો દિવાળીના તહેવારો સુધી ભાવ આ જ રીતે આસમાને રહી શકે છે.

મોંઘવારીના આ પ્રહારથી સામાન્ય પરિવારોના ખિસ્સા ખાલી થઈ રહ્યા છે.

### ગંદકીના બહાને કાર્યવાહીથી વેપારીઓમાં રોષ

# લો-ગાર્ડનની આલ્ફા બજારમાં એક સાથે આઠ દુકાનો સીલ કરી દેવાઈ

અમદાવાદ, શનિવાર

અમદાવાદમાં એક તરફ નવરાત્રીના આયોજનના પગલે વેપાર-ધંધાને થોડો વેગ મળ્યો છે, ત્યારે શહેરના લો-ગાર્ડન વિસ્તારમાં આવેલી આલ્ફા બજારમાં એક સાથે ૮ દુકાનો મ્યુનિ. દ્વારા સીલ કરી દેવામાં આવી છે. જાહેરમાં ગંદકી ફેલાવવા સબબ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે.

## પશ્ચિમ ઝોનમાં ૧૮૪ દુકાનદારોને પ્લાસ્ટિકના વપરાશ અને ગંદકી મામલે નોટિસ, રૂપિયા ૨.૧૦ લાખ દંડ

અમદાવાદ શહેરના નવરંગપુરા વોર્ડમાં લો-ગાર્ડન સ્થિત આલ્ફા બજારમાં આવેલી ૯૯ શોપ, ફ્લોરિશ, લક્કી સ્પેશિયલ, મીરા બ્યુટી બજાર, ધ મી શોપ, એનવીઆર કલેક્શન, દાદા સેન્ડવિચ, હોક્કો આઈસક્રીમ સહિતની આઠ દુકાનો ગંદકી ફેલાવવા સબબ મ્યુનિ. તંત્રએ સીલ કરી દીધી છે. આ સિવાય સાબરમતી વોર્ડમાં આકાશ દર્શન સોસાયટી સ્થિત ઓમ સેલ્સને પણ સીલ કરવામાં આવી છે. ત્રણ દિવસ દરમિયાન પશ્ચિમ ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશ અને ગંદકી ફેલાવવા સબબ ૧૮૪ દુકાનદારોને નોટિસ ફટકારવામાં આવી છે.

આ નોટિસ તેમજ સીલ કરાયેલી દુકાનો બાબતે રૂપિયા ૨.૧૦ લાખ વહીવટી ચાર્જ વસૂલ કરાયો છે. ગંદકી ફેલાવવાના નામે તહેવારો સમયે જ કરાઈ રહેલી આ કાર્યવાહી સામે વેપારીઓમાં રોષની લાગણી પ્રસરી છે. યોગ્ય તપાસ વગર મ્યુનિ.નો સ્ટાફ ટાર્ગેટ પૂરા કરવા ગંદકી અને સફાઈ મામલે આડેધડ કાર્યવાહી કરી રહ્યો છે.

### ગરબાના પાસ લઈ આવવા મામલે યાદવાસ્થળી

# અમદાવાદ ફાયર બ્રિગેડમાં ભડકો : DFOને નોટિસ, CFO સામે ACB તપાસની માંગ

અમદાવાદ, શનિવાર

અમદાવાદ મ્યુનિ.ના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિઝ વિભાગમાં ભ્રષ્ટાચારનો મામલો ફરી વખત સળગ્યો છે. થોડા સમય પહેલા ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે લાંચના છટકામાં સપડાયા બાદ હવે સીએફઓ અને ડિવિઝનલ ફાયર ઓફિસર સામે સામે આવી જતા રીતસર યાદવાસ્થળી જેવો તાલ સર્જાયો છે. ચીફ ફાયર ઓફિસરે ડીએફઓને ગેરશિસ્ત બાબતે શો-કોઝ નોટિસ ફટકારી છે. સામાપક્ષે ડિવિઝનલ ઓફિસરે સીએફઓ સામે એસીબી તપાસની માંગ કરી છે.

## થલતેજના ડિવિઝનલ ઓફિસરે એન્ટ્રી વગર આખી રાત ગાડી ફેરવી, સીએફઓ પાસ ઉઘરાવી કરપ્શન કરી રહ્યા છે

અમદાવાદ મ્યુનિ.ની ફાયર બ્રિગેડમાં થયેલા આ ભડકા અંગેની વિગતો કંઈક એવી છે કે, ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર જયેશ ખડિયા દ્વારા ઉત્તર-પશ્ચિમ વિભાગના ડિવિઝનલ ફાયર ઓફિસર સ્વસ્તિક જાડેજાને શોકોઝ નોટિસ ફટકારી એક દિવસમાં ખુલાસો રજૂ કરવા તાકીદ કરાઈ છે. સીએફઓના જણાવ્યા અનુસાર ડીએફઓ જાડેજા ગઈકાલે રાત્રે ૧૧.૫૦ કલાકે થલતેજ ફાયર સ્ટેશનથી જીપીએસ વગરની ફર્સ્ટ રિસ્પોન્સ વાન એન્ટ્રી કરાવ્યા વગર લઈ ગયા હતા. સવારે ૪.૨૫ કલાકે આ ગાડી પરત આવી હતી. ફાયર બ્રિગેડ શિસ્તબદ્ધ ફોર્સ છે. દરેક અધિકારીને વાહન ફાળવેલું છે. છતાં આ ગાડી શા માટે લઈ ગયા? અને કંઈ કામગીરી માટે ગયા છે? તેવું પૂછવા રાત્રે ફોન કરતા ડીએફઓએ ઉદ્ધત વર્તન કર્યું હતું. જેના પગલે આજે સવારે નાયબ કમિશનર સમક્ષ તેમને બોલાવવામાં આવ્યા હતા. પરંતુ તેઓ હાજર ન રહેતા ગેરશિસ્ત અંગે શોકોઝ નોટિસ આપવામાં આવી છે. બીજી તરફ ડિવિઝનલ ફાયર ઓફિસર સ્વસ્તિક જાડેજાએ ઈન્ચાર્જ સીએફઓ ખડિયા સામે એસીબી તપાસની માંગ કરતો પત્ર નાયબ કમિશનરને લખ્યો છે. તેમણે જણાવ્યું છે કે, નવરાત્રિના વીઆઈપી પાસની ઉઘરાણી કરવી એ પણ એક પ્રકારના ભ્રષ્ટાચારનો ભાગ જ છે. આવા કામ માટે અમારા સ્ટાફને દોડાવવામાં આવે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ફાયર સેફ્ટીની જે એનઓસી આપવામાં આવેલી છે, તેનું ક્રોસ વેરિફિકેશન કરાવવાની પણ અમારી તૈયારી છે. સમગ્ર ઘટનાક્રમમાં સાચુ-ખોટુ શું છે? તે તો સમય આવ્યે બહાર આવશે. પરંતુ હાલમાં ખુદ ફાયર બ્રિગેડમાં જ નવરાત્રિના પાસના ઉઘરાણા અને ભ્રષ્ટાચાર મામલે લાગેલી આગ લોકોમાં ચર્ચાની એરણે ચડી છે.

### વિકાસની આંધળી દોડમાં પર્યાવરણનું નિકંદન

# ગુજરાતના શહેરોમાં ૧૫ વર્ષથી વૃક્ષોની ગણતરી જ થઈ નથી!

અમદાવાદ, શનિવાર

ગુજરાત ભલે ઔદ્યોગિક ક્ષેત્રે દેશનું ગ્રોથ એન્જિન ગણાતું હોય, પરંતુ પર્યાવરણીય સંતુલનની બાબતમાં રાજ્ય એક જોખમ તરફ આગળ વધી રહ્યું છે. ગુજરાતની અડધાથી વધુ વસ્તી હવે નાના-મોટા શહેરો અને મહાનગરોમાં વસે છે. શહેરીકરણની આ તેજ ગતિ વચ્ચે કૃષિ વિષયક જમીનો બિન-કૃષિમાં ફેરવાઈ રહી છે. વૃક્ષો કાપીને શહેરો જાણે કોંક્રિટના જંગલ બની રહ્યા છે.

## 'સ્ટેટ્સ ઓફ ટ્રી કવર' રિપોર્ટ ધૂળ ખાય છે : અડધાથી વધુ વસ્તી કોંક્રિટના જંગલમાં શ્વાસ લેવા મજબૂર

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, વર્ષ ૨૦૧૧માં 'સ્ટેટસ ઓફ ટ્રી કવર ઈન અર્બન એરિયા ઓફ ગુજરાત' અભ્યાસ અહેવાલ રજૂ કરાયો હતો, ત્યારબાદ છેલ્લા દોઢ દાયકાથી શહેરોમાં વૃક્ષોની કોઈ ગણતરી જ કરવામાં આવી નથી!વિકાસના નામે માત્ર વૃક્ષો જ નથી કપાતા, પરંતુ શહેરોના કુદરતી જળસ્ત્રોતો પણ રોળાઈ રહ્યા છે. અનેક તળાવોને માટી પૂરીને તેના પર બાંધકામો કરી દેવાયા છે, તો બાકી બચેલા જળાશયો કેમિકલ અને ડ્રેનેજના પાણીથી પ્રદૂષિત થઈ ચૂક્યા છે. વારંવાર રસ્તાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે થતા ખોદકામોને લીધે જમીનની છિદ્રાળુતા ઘટી ગઈ છે, જેના કારણે ચોમાસામાં પાણી જમીનમાં ઉતરવાને બદલે પૂરની સ્થિતિ સર્જાય છે અને વૃક્ષોના મૂળ નબળા પડી રહ્યા છે.

વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૯માં વન વિભાગે ગ્રામ્ય વિસ્તારોમાં જંગલ બહારના વૃક્ષોની ગણતરી કરી હતી. ત્યારબાદ ૨૦૧૧ના ઐતિહાસિક અહેવાલમાં શહેરી વિસ્તારો માટે કઈ જમીનમાં કેવા વૃક્ષો વાવવા, કેટલી જમીન ગ્રીન ઝોન તરીકે અનામત રાખવી તેની સ્પષ્ટ માર્ગદર્શિકા અપાઈ હતી. આ રિપોર્ટનો મુખ્ય હેતુ સમયાંતરે વૃક્ષોની ગણતરી કરવી, વિવિધ પ્રજાતિઓ ઓળખવી અને મોનિટરિંગ કરવાનો હતો, પરંતુ ૨૦૧૧ પછી તંત્ર જાણે આ આખી કવાયત જ ભૂલી ગયું છે.

**મહાનગરોમાં વાયુ પ્રદૂષણ-કાર્બન ઉત્સર્જન ચિંતાજનક સ્તરે**

હાલ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટાભાગના મહાનગરોમાં વાયુ પ્રદૂષણ અને કાર્બન ઉત્સર્જન ચિંતાજનક સ્તરે છે. શિયાળામાં હવાની ગુણવત્તા 'નબળી' થી 'અતિ નબળી' શ્રેણીમાં પહોંચી જાય છે. નિષ્ણાતોના મતે, ગ્રીન કવરને નુકસાન પહોંચાડ્યા વિનાની વિકાસ યોજનાઓ સમયની માંગ છે. ગુજરાતને પર્યાવરણીય દ્રષ્ટિએ સુરક્ષિત રાખવું હશે તો વન વિભાગે તાકીદે નવો 'અર્બન ટ્રી કવર' અભ્યાસ હાથ ધરી યુદ્ધના ધોરણે વૃક્ષારોપણ કરવું જ પડશે.

### ગોતામાં આયોજકોએ ભાડું ન ભરતા વિવાદ થયો હતો

# નવરાત્રીમાં ખુલ્લા પ્લોટ ભાડે આપી મ્યુનિ.એ રૂ.૧૪ લાખની કમાણી કરી

અમદાવાદ, શનિવાર

નવરાત્રી મહોત્સવ માટે ગોતા-જગતપુર રોડ પર મ્યુનિ.નો પ્લોટ ભાડે લઈ આયોજકો દ્વારા પૈસા ન ચૂકવાયા હોવાનો મામલે તાજેતરમાં વિવાદ સર્જાયો હતો. ત્યારે નોંધનીય છે કે, આ વર્ષે મ્યુનિ. દ્વારા ગોતા, થલતેજ, કાંકરિયા, મણિનગર અને નિકોલમાં પણ નવરાત્રી મહોત્સવ માટે પ્લોટ ભાડે અપાયા છે. આવા પાંચ પ્લોટ ભાડે આપી મ્યુનિ. તંત્રએ રૂ. ૧૪.૬૬ લાખની કમાણી કરી છે.

## ગોતા, થલતેજ, નિકોલ, મણિનગરના પાંચ પ્લોટ રૂ. ૪.૫૦ લાખ સુધીના ભાડે અપાયા

અમદાવાદમાં શેરી ગરબાથી લઈને પાર્ટી પ્લોટ સુધી મોટે પાયે રાસ-ગરબાના આયોજનો કરાય છે. તેવામાં મ્યુનિ. પણ પોતાના ખુલ્લા પ્લોટ નવરાત્રી મહોત્સવ યોજવા માટે ભાડે આપી આવક રળી રહ્યું છે.નિકોલમાં ડી માર્ટ પાસે આવેલો ૩૫,૭૫૩ ચોરસ મીટરનો પ્લોટ ૨૧ દિવસ માટે રૂ. ૪૪ હજારમાં ભાડે અપાયો છે. જ્યારે મણિનગરનું એલજી ગ્રાઉન્ડ ૧૨ દિવસ માટે રૂ. ત્રણ લાખમાં, કાંકરિયાનું ફૂટબોલ ગ્રાઉન્ડ રૂ.૨.૫૨ લાખમાં, ગોતામાં દેવનગર પાસેનો પ્લોટ ૨૦ દિવસ માટે રૂ. ૪.૨૦ લાખમાં તેમજ થલતેજમાં તાજ હોટેલ પાસેનો પ્લોટ ૧૮ દિવસ માટે રૂ. ૪.૫૦ લાખમાં ભાડે અપાયા છે. ઉપરાંત તમામ પ્લોટ માટે ભાડા સાથે રૂ. ૭ હજારથી ૮૧ હજાર સુધીનો જીએસટી અલગથી વસૂલાશે. આમ નવરાત્રી પર્વ મ્યુનિ.ને ફળ્યું હોય તેમ ખુલ્લા પડેલા પ્લોટ ભાડે આપી મ્યુનિ. રૂપિયા ૧૪.૬૬ લાખ ઉભા કર્યા હોવાનું સ્થાયી સમિતિના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું છે.

પાનાં : ૩૬ કિંમત : રૂા. ૬-૦૦ ** તા. ૧૮ ઓક્ટોબર ૨૦૨૬ રવિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ► સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૮ વર્ષ : ૯૪, અંક : ૨૮૩ ► ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ► http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ► મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ► RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

## ઈમરાન ખાને ભારત છોડવાની તાકીદ કરતી નોટિસને હાઈકોર્ટમાં પડકારી

મુંબઈ, તા. ૧૭

બોલીવુડ અભિનેતા ઈમરાન ખાને ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ (એફઆરઆરઈ) દ્વારા જારી કરાયેલી નોટિસને પડકારતા બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી છે, જેમાં તેમને ફોરેનર્સ એક્ટનું ઉલ્લંઘન કરવા બદલ ૨૮ ઓક્ટોબર સુધીમાં દેશ છોડી દેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. નોટિસને

(અનુસંધાન ૧૫મે પાને)

### ઓસીઆઈ કાર્ડ ધારકને શાંતિપૂર્ણ વિરોધમાં ભાગ લેવા પર પ્રતિબંધની જોગવાઈ ન હોવાની રજૂઆત

## જિયોનો સબ્સ્ક્રાઈબર બેઝ ૫૩૩.૩ મિલિયન અને ૨૮.૬ મિલિયન જિયોફાઈબર સબ્સ્ક્રાઈબર્સ

# 5G, બ્રોડબેન્ડ અને AI પર આધારિત ભારતના આગામી ડિજિટલ દાયકાનું પ્રવેશદ્વાર એટલે જીઓ પ્લેટફોર્મનો IPO






## 'જિયો પ્લેટફોર્મ્સ તેના જિયોબ્રેન AI પ્લેટફોર્મ અને ઓટોનોમસ નેટવર્ક ક્ષમતાઓને વૈશ્વિક ટેલિકોમ ઓપરેટરો અને અન્ય ઉદ્યોગો સુધી વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે.'





નવરાત્રીના પાવન પર્વ દરમિયાન અમદાવાદમાં એક તરફ જ્યાં ગરબાની રમઝટ જામી છે, તો બીજી તરફ શહેરમાં બંગાળી સંસ્કૃતિનો અદ્ભુત સંગમ જોવા મળી રહ્યો છે. દર વર્ષે નવરાત્રિના છઠ્ઠા નોરતા એટલે કે 'મહાષષ્ઠી'થી શરૂ કરીને 'વિજયાદશમી' એટલે કે દશેરા સુધી આ પાંચ દિવસીય મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.મહોત્સવ દરમિયાન બંગાળી પરંપરા મુજબ વિશાળ પંડાલમાં મા દુર્ગાની મનોરમ્ય મૂર્તિની સ્થાપના કરીને વિધિવત નિત્ય પૂજા-અર્ચના કરવામાં આવે છે. દરરોજ સાંજે પંડાલમાં ઢોલ-નગારાના તાલે થતી વિશેષ સંધ્યા આરતી અને 'ધુનુચી નૃત્ય' મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બને છે. પૂજાના પાંચેય દિવસ દરમિયાન તમામ માઈભક્તો માટે વિશેષ 'ભોગ'(મહાપ્રસાદ)નું આયોજન કરવામાં આવે છે. કોમ શયલ ગરબાના યુગમાં પણ અમદાવાદમાં વસતો બંગાળી સમાજ પોતાની સદીઓ જૂની સંસ્કૃતિ અને પરંપરાને અકબંધ રાખીને સમગ્ર અમદાવાદને 'મિની બંગાળ'ના રંગમાં રંગી દે છે. (તસવીર : સુરેશ મિસ્ત્રી)

### માતાજીના મંદિરો ઝળહળતી રોશની-આકર્ષણોથી દીપી ઉઠ્યા

# આજે મહાઅષ્ટમી : માઈ મંદિરોમાં હોમ-હવન, વિશેષ પૂજાનું આયોજન

અમદાવાદ, શનિવાર

નવરાત્રી પર્વનું સૌથી મોટુ અને અનન્ય શાક્ત મહાત્મ્ય ધરાવતી આઠમ નિમિતે શહેરના વિવિધ વિસ્તારોમાં અંબાજી સહિતના માતાજીના મંદિરોમાં આઠમ નિમિતે વિશેષ પૂજા, હોમ, હવન અને નવચંડી યજ્ઞ સહિતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

## ભદ્રકાળી, ધનાસુથારની પોળનું પ્રાચીન અંબાજી મંદિર, માધુપુરાનું અંબાજી મંદિર સહિતના મંદિરોમાં વિશેષ શણગારો-આકર્ષણો

શહેરના સુપ્રસિધ્ધ ભદ્રાકાળી મંદિર, ધનાસુથારની પોળના ૮૦૭ વર્ષ કરતાં પણ અતિ પ્રાચીન અંબાજી મંદિર, ભુલાભાઈ પાર્ક ખાતે બહુચર માતાજી, માધુપુરાના અંબાજી માતાજી સહિતના વિવિધ મંદિરોમાં આઠમ નિમિતે માતાજીના અદ્ભુત શણગાર, પૂજા, મહાઆરતી, શ્રધ્ધાળુ ભકતો માટે વિશેષ પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. નવરાત્રિ દરમ્યાન અષ્ટમીની પૂજા-આરાધનાનું બહુ મોટુ, વિશેષ અને ચમત્કારિક મહાત્મ્ય હોવાથી શહેરના આ માતાજીના મંદિરોમાં આઠમ અને નોમ દરમ્યાન હજારો શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટશે.

આઠમ-નોમને લઈને શહેરના અંબાજી માતાજી સહિત વિવિધ મંદિરો ઝળહળતી રોશની સહિતના આકર્ષણોથી સુશોભિત અને સજ્જ કરવામાં આવ્યા છે. શહેરના ધનાસુથારની પોળના ૮૦૭ કરતાં પણ અતિપ્રાચીન અને ચમત્કારિક અંબાજી માતાજીના મંદિર સાથે જોડાયેલો ચમત્કારિક અને રોચક ઈતિહાસ પણ એટલો જ રસપ્રદ છે. ધનાસુથારની પોળના ઐતિહાસિક અંબાજી મંદિરના ગાદીપતિ દિપેનભાઈ ભૂપેન્દ્રભાઈ ભટ્ટના જણાવ્યા મુજબ, સદીઓ પૂર્વે જયાંથી સાબરમતી નદી વહેતી હતી,તે હાલના માણેકચોક અને ફર્નાન્ડીજ બ્રિજ વિસ્તારમાં કોતરો હતો અને હાલના રિલીફ રોડ અને ગાંધી રોડનો વિસ્તાર પણ ખુલ્લો અને જંગલ જેવો હતો એ અરસામાં આ મંદિર અને મૂર્તિની સ્થાપના થયા હોવાનું મનાય છે. લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડોલોજીના સંશોધનકારોના મત મુજબ, ધનાસુથારની પોળ સ્થિત મા અઁબાજીની આ મૂર્તિ સદીઓ પુરાણી છે અને મંદિર પણ એટલુ જૂનું છે.

### કૃષિ ક્ષેત્રે ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ હજુ પણ ઓછો

# આધુનિક ખેતીમાં ટેક-સેવી ગુજરાત દેશના ટોચના રાજ્યોથી ઘણું દૂર!

અમદાવાદ, શનિવાર

કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી 'નમો ડ્રોન દીદી યોજના' અંતર્ગત ગ્રામીણ મહિલાઓને આત્મનિર્ભર અને હાઈટેક બનાવવાની રેસમાં ગુજરાત અપેક્ષા કરતાં ઘણું પાછળ રહી ગયું છે. સત્તાવાર ડેટા અનુસાર, કૃષિ ક્ષેત્રે ડ્રોન ટેક્નોલોજી અપનાવવામાં અને મહિલાઓને ડ્રોન પાઈલટની તાલીમ આપવામાં દક્ષિણ અને ઉત્તર ભારતના રાજ્યો બાજી મારી ગયા છે, જ્યારે દેશનું ગ્રોથ એન્જિન ગણાતું ગુજરાત હજુ પણ મધ્યમ સ્તરે અટવાયેલું જોવા મળી રહ્યું છે.

## ગુજરાતમાં મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ સુધી ડ્રોન પહોંચાડવાની અને સપ્લાય ચેઈનની ગતિ ધીમી

જાહેર થયેલા સત્તાવાર આંકડાઓ પ્રમાણે, દક્ષિણ ભારતનું કર્ણાટક ૧૪૫ ડ્રોન સાથે દેશભરમાં પ્રથમ ક્રમે છે. જ્યારે દેશનું સૌથી મોટું રાજ્ય ઉત્તર પ્રદેશ ૧૨૮ ડ્રોન સાથે બીજા ક્રમે અને આંધ્ર પ્રદેશ ૧૦૮ ડ્રોન સાથે ત્રીજા ક્રમે છે. નાનકડા હરિયાણાએ પણ ૧૦૨ ડ્રોન ફાળવીને સદી વટાવી દીધી છે.

જાન્યુઆરી ૨૬, સુધીમાં ગુજરાત માત્ર ૫૮ ડ્રોન અને એટલી જ મહિલા પાઈલટોની તાલીમ સાથે ઘણું પાછળ છે. જોકે, ગોવા અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોની સરખામણીએ ગુજરાતની સ્થિતિ સારી છે, પરંતુ કૃષિ અને સહકારી ક્ષેત્રે હંમેશા અગ્રેસર રહેતા ગુજરાત માટે આ આંકડો ચિંતાજનક છે. ટોચના રાજ્યોની સરખામણીમાં ગુજરાત અડધાથી પણ ઓછી ક્ષમતા પર કામ કરી રહ્યું છે. અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ સુધી ડ્રોન પહોંચાડવાની અને સપ્લાય ચેઈનની ગતિ ધીમી રહી છે. ઉપરાંત, અન્ય રાજ્યોએ ડ્રોન દ્વારા નેનો યુરિયા અને જંતુનાશકોના છંટકાવની નીતિને વધુ આક્રમક રીતે લાગુ કરી છે. જો ગુજરાત આધુનિક ખેતી અને મહિલા સશક્તિકરણના આ મહાયજ્ઞમાં મોખરાનું સ્થાન મેળવવા માંગતું હોય, તો આ યોજનાને વધુ અસરકારક અને ઝડપી બનાવવી પડશે.

## વાત વાતમાં

# ગરબામાં પોલિટિકલ રંગ !

આજકાલ દેશમાં અને ખાસ કરીને દિલ્હીમાં બરાબર નવરાત્રિ ટાણે જે 'રામલીલા' ચાલી રહી છે તે જોતાં અમુક ગુજરાતી ગરબાને પણ રાજકીય રંગ લાગી રહ્યો છે ! સાંભળો...

***

(પ્રિયંકા ગાંધી ગાઈ રહ્યાં છે)
અરજી લઈને હું તો સુપ્રીમ કોર્ટે ગઈ'તી સુપ્રીમ કોર્ટ, મને તારીખ દે ! નઈ તો મારી વોટબેન્ક પાછી દે...!

***

(ભાજપવાળા નાચી રહ્યા છે)
'ચોરી લેશું ચોરી લેશું' 'સર' મોટો દાવ ! પણ... એક વોટ હટાવું ત્યાં તો કોક્રોચ નીકળે ચાર !

***

(જેન-ઝિ વાળા સીજેપી નેતાઓને ચેતવી રહ્યા છે)
એક જંતર મંતરે... તાળાં મારીયાં રે લોલ ! સહુ તમે ના જશો ખોલવાને ત્યાં પોલીસ બડો મિજાજી !

***

(ઈન્ડિયા બ્લોકના નેતાઓ ધસમસી રહેલા રાહુલ ગાંધીને વીનવે છે)
'જોડે રહેજો રાજ... હવે ધક્કો લાગે કે ના લાગે બેરીકેડ પર ચડો કે ના ચડો, તમે... જોડે રહેજો રાજ !

***

(મોદી સાહેબ પણ મુંઝાયા છે કે આ લોકોનું કરવું શું ?)
'ઝીણું બોલું તો માથે ચડી જાય... આખું બોલું તો મિડીયા ફોલી ખાય !

***

(વિપક્ષોનો આક્ષેપ છે કે...)
ઘોર અંધારી રે 'યાદી'માંથી નીકળ્યાં તેર કરોડ નામ ! એવી યાદી રે, કોણ કાઢે...? એનું પ્રજ્ઞેશકુમાર છે નામ !

***

(દેશભરનાં યુવક યુવતીઓ 'ઘેર બેઠાં' ઓનલાઈન પાનો ચડાવી રહ્યા છે !)
તમે એકવાર દિલ્હી જાજો રે હો જેન-ઝિ વાળા ! તમે દિલ્હીનાં રીલ્સ મોકલાવજો રે, હો જેન-ઝિ વાળા !

***

(અને છેલ્લે, સૌ દેખાવકારો આરતી ઉતારી રહ્યા છે...)
જય મિડીયા માતા ! ઓ જય મિડીયા માતા ! અખંડ પ્રચાર ચલાવ્યો પ્રચંડ વિરોધ ચગાવ્યો શાહ-મોદી થાક્યા... ઓહો, જય મિડીયા માતા !

- મન્નુ શેખચલ્લી

### સિવિલમાં બિલીરૂબિનોમીટર મશીન વસાવાતાં

# શિશુને કમળો છે કે નહીં તે હવે બ્લડ સેમ્પલ વગર ત્વચાથી જાણી શકાશે

અમદાવાદ,શનિવાર

અસારવા સિવિલ હોસ્પિટલમાં અદ્યતન બિલીરૂબિનોમીટર વસાવવામાં આવ્યા છે. જેના દ્વારા હવે નવજાત શિશુને કમળો છે કે નહીં તે હવે સોય ભોંક્યા વગર કે લોહીનો નમૂનો લીધા વગર માત્ર ત્વચા દ્વારા જ બિલીરૂબિનના સ્તરનો અંદાજ મળી શકશે. જેના પગલે શિશુઓને પીડાદાયક પ્રક્રિયામાંથી મુક્તિ મળશે.

## સિવિલમાં રૂ. ૧૭ લાખના બે નવા સોનોગ્રાફી સહિત કુલ ૭૭ લાખના તબીબી સાધનો વસાવાયા

અસારવા સિવિલ હોસ્પિટલમાં ચાર અદ્યતન સોનોગ્રાફી મશીન, બે બિલીરૂબિનોમીટર સહિત કુલ અંદાજે રૂપિયા ૭૭ લાખના તબીબી સાધનો ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ઉપલબ્ધ કરાવાયા છે. અંદાજે રૂ. ૧૭ લાખની કિંમત ધરાવતા ચાર સોનોગ્રાફી મશીનમાંથી બે મશીન રેડિયોલોજી વિભાગમાં, એક સ્ત્રીરોગ વિભાગની ઓપીડીમાં અને એક પલ્મોનરી વિભાગમાં કાર્યરત કરાશે. રેડિયોલોજી વિભાગના વડા ડૉ. શીતલ પટેલે જણાવ્યું કે, 'સ્ત્રીરોગ ઓપીડીમાં જ સોનોગ્રાફી મશીન મૂકાતાં ગર્ભવતી તથા સ્ત્રીરોગ સંબંધિત સમસ્યાઓ ધરાવતી મહિલા દર્દીઓને રેડિયોલોજી વિભાગ સુધી લાંબા થવું નહીં પડે. તેમજ પલ્મોનરી વિભાગમાં જ સોનોગ્રાફીની સુવિધા ઉપલબ્ધ થતાં છાતી અને ફેફસાંના રોગો ધરાવતા દર્દીઓની તપાસ સરળ બનશે.'

બાળરોગ વિભાગના વડા ડૉ. જોલી વૈષ્ણવે જણાવ્યું કે, ' બે આધુનિક બિલીરૂબિનોમીટર અત્યંત ઉપયોગી સાબિત થશે.

શિશુઓને પીડાદાયક પ્રક્રિયામાંથી મુક્તિ મળશે અને સમયસર આગળની સારવાર શરૂ કરી શકાશે.'

### સહપ્રવાસીઓને પરેશાન કરવા ભારે પડશે

# ટ્રેનમાં રીલ્સ વગાડી ઘોંઘાટ કરશો તો રૂપિયા પાંચ હજાર સુધીનો દંડ

અમદાવાદ, શનિવાર

ટ્રેનમાં લાંબી મુસાફરી દરમિયાન કોઈ મુસાફર આરામ કરતો હોય, તો કોઈ પરિવાર સાથે સમય પસાર કરતો હોય છે. આવા સમયે મોબાઈલ પર મોટા અવાજે વાત કરી, સ્પીકર પર ગીતો વગાડવાં કે ઊંચા અવાજે રીલ્સ વગાડવાથી અન્ય મુસાફરોને પરેશાની થતી હોય છે. રેલવેમાં આવા વર્તનને કારણે ઉપદ્રવ સર્જાય તો રેલવે અધિનિયમની કલમ ૧૪૫ હેઠળ એકથી પાંચ હજારનો દંડ સાથે કેદ સહિતની કાર્યવાહી થઈ શકે છે.

## રેલવે અધિનિયમની કલમ ૧૪૫ હેઠળ કાર્યવાહી થશે, ગંભીર કિસ્સામાં ૬ માસની કેદની પણ જોગવાઈ

ટ્રેનના ડબ્બામાં અનેક મુસાફરો એકસાથે મુસાફરી કરતા હોવાથી દરેકે અન્ય બાબતે પણ ધ્યાન રાખવું જરૂરી હોય છે. ખાસ કરીને રાત્રિના સમયે મોટા અવાજે ફોન પર વાત કરવી, ગીતો વગાડવાં કે ઊંચા અવાજ રાખીને રિલ્સ જોવાથી ઊંઘતા મુસાફરોને મુશ્કેલી પડતી હોય છે. આવી હરકતથી સહપ્રવાસીઓને પરેશાની થાય અને તે ફરિયાદ કરે તો રેલવેના અધિનિયમ કલમ ૧૪૫ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. આ જોગવાઈ હેઠળ ઊંચા અવાજે ગીતો સાંભળનાર, રિલ્સ વગાડનાર વ્યક્તિ સામે ઉપદ્રવ કરવા બદલ એક હજારનો દંડ થઈ શકે છે.

અનેક વખત ટકોર કરવા છતાં ઉપદ્રવ ચાલુ રાખવાના કિસ્સામાં ૬ માસની કેદ અને પાંચ હજાર સુધીનો દંડ પણ થઈ શકે છે. જેથી ટ્રેનમાં મુસાફરી કરતાં લોકોએ ફોન પર વાત કરતી વખતે અવાજ ધીમો રાખવો, ગીતો સાંભળવા ઈયરફોન વાપરવા અને રાત્રે અન્ય મુસાફરોની ઊંભનો ખ્યાલ રાખવા રેલવએ અપીલ કરી છે.

### આઈ.ડી.બી.આઈ. બેન્ક ૫૩ હજાર કરોડમાં સરકારે વિદેશીઓને વેચી

# ૩.૫૦ લાખ કરોડની બેન્ક ડિપોઝિટો મોદી સરકારે વિદેશીઓના ભરોસે મૂકી

રાજકોટ,શનિવાર

ભારતના ઉદ્યોગોને વિકાસ માટે નાણાં આપવા સંસદમાં પસાર થયેલા કાયદા હેઠળ ૧ જૂલાઈ ૧૯૬૪માં સ્થપાયેલી અને ૧૯૭૬માં સીધી સરકારની માલિકી ટ્રાન્સફર થઈ તે આઈ.ડી.બી.આઈ. (ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયા) કે જેમાં દેશવાસીઓના રૂા.૩,૫૦,૦૦૦ કરોડની ડિપોઝીટ પડી છે તે વિદેશી હાથમાં સોંપી દેવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામે આ ઘટનાની ગંભીરતા સુપેરે સમજતા બેન્ક કર્મચારીઓમાં તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા છે અને કાળી પટ્ટી બાંધીને વિરોધ કરાયો હતો.

## કેન્દ્ર સરકારે એર ઈન્ડિયા પછી નજીવી કિંમતે આઈડીબીઆઈ બેન્ક વેચી દેશ માટે સૌથી ખોટો નિર્ણય લીધો છે-બેન્ક યુનિયનનો આક્રોશ

ગુજરાતના બેન્ક કર્મચારી યુનિયને જણાવ્યું કે ગત તા.૧૪-૧૦-૨૦૨૬ના ઔદ્યોગિક વિકાસ બેન્ક (આઈ.ડી.બી.આઈ.)ને માત્ર રૂા.૫૩ હજાર કરોડમાં વેચવાનો નિર્ણય નરેન્દ્ર મોદીની સરકારની કેબીનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેયરની બેઠકમાં લેવાયો હતો.

જનતાના પૈસે ઉભી કરાયેલા બેન્ક હવે ખાનગી હાથોમાં જશે. ભારતના ઈતિહાસમાં આ એવી સરકાર છે જેણે ૭૦ વર્ષોમાં જનતાના પૈસે નિર્માણ થયેલી સંપતિનું નિલામ કર્યું છે. અગાઉ એર ઈન્ડીયાને માત્ર રૂા.૧૮ હજાર કરોડમાં ખાનગીકરણ બાદ દેશ માટે આ સૌથી મોટો ખોટનો સોદો કરાયો છે.

કેનેડાની કંપની 'ફેરફેક્સ ફાયનાન્શિયલ હોલ્ડિંગ્ઝની પેટા કંપની કેનેડા ઈન્ક.ને માત્ર રૂા.૫૨,૮૭૮ કરોડની નજીવી કિંમતે આ તગડો નફો કરતી બેન્ક વેચી દીધી છે. આ બેન્કે ગત ત્રણ વર્ષમાં અનુક્રમે રૂા.૫૬૦૦ કરોડ, ૭૫૦૦ કરોડ અને ૯૫૯૦ કરોડનો મોટો નફો કર્યો છે અને નફા કરતી બેન્ક વેચાઈ છે. આ બેન્કમાં સરકાર પાસે ૪૫.૪૭ ટકા અને એલ.આઈ.સી. પાસે ૪૯.૨૪ ટકા સહિત ૯૪.૭૨ ટકા હિસ્સો હતો જે હવે માત્ર ૧૫ ટકા રહેશે. બેન્ક ઉપર ૬૦.૭૨ ટકા કબજો વિદેશી કંપનીનો રહેશે.

કર્મચારી સંગઠને જણાવ્યું કે આ સોદો એ બેન્કનું ખાનગીકરણ માત્ર નથી પરંતુ, વિદેશીકરણ છે. આત્મનિર્ભરતાની વાતોથી તદ્દન વિપરીત આ નિર્ણય છે. સરકાર દેશમાં નફોકરતી અને અર્થતંત્ર માટે વ્યુહાત્મક મહત્વની બેન્કો વિદેશી રોકાણકારોને આપી દેવા માંગે છે અને જાહેરક્ષેત્રની બેન્કોને નબળી પાડવાનો વ્યુહ છે.

### ઈન્દિરા ગાંધી-કોંગ્રેસના શાસનમાં ૨૦ મોટી બેન્કો રાષ્ટ્રીયકૃત થઈ હતી

આજે આઈડીબીઆઈ બેન્ક વિદેશ હાથમાં સોંપવાનો ગંભીર વિવાદ ચાલે છે ત્યારે બીજી તરફ સ્વ.વડાપ્રધાન ઈન્દિરા ગાંધી અને કોંગ્રેસના શાસનકાળમાં બેન્કિંગ ક્ષેત્રનો દેશના ગ્રામ્ય વિસ્તારના ગરીબોને લાભ મળે તે હેતુ દર્શાવીને ૧૯ જૂલાઈ ૧૯૬૯ના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા સહિત ૧૪ મોટી બેન્કો અને ૧૫ એપ્રિલ ૧૯૮૦ના વધુ ૬ બેન્કો સહિત ૨૦ બેન્કો રાષ્ટ્રીયકૃત કરીને સરકાર હસ્તક લીધી હતી. જો કે આ ૨૦ બેન્કોમાં વધારો તો દૂરની વાત છે પરંતુ, એન.ડી.એ.શાસનમાં મર્જીંગ થતા ૧૨ બેન્કો કાર્યરત રહી છે.

### ગજબની વાતઃ પહેલા ટેન્ડરમાં ડિસ્ક્વોલિફાય થઈ, બીજા ટેન્ડરમાં એલ-૧

# રિ-ટેન્ડરમાં એક પૈસાનો પણ નફો ન માગનાર કંપની ટેન્ડર મેળવી ગઈ

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,શુક્રવાર

સ્માર્ટ સિટીને ચોખ્ખું રાખવા માટે મેનપાવર સપ્લાયના પહેલા ટેન્ડરમાં ડિસક્વોલિફાય થયેલી કંપનીએ રિ-ટેન્ડરિંગમાં મેનપાવરના ચાર્જ ઉપરાંત રાતીપાઈનો પણ નફો કરવા ન માગતા હોય તેમ શૂન્ય નફા સાથે ટેન્ડર ભરતાં તે રિટેન્ડરિંગમાં ક્વોલિફાય થઈ ગઈ હતી. તેમ જ એલ-૧ થતાં ટેન્ડર મેળવી ગઈ છે.

## સ્માર્ટ સિટીના મેનપાવર સપ્લાયના ટેન્ડરમાં માણસોની હાજરી બતાવવામાં થતાં ગોટાળા કરી નફો કમાવા શૂન્ય નફાએ ટેન્ડર ભર્યુ

નવાઈની વાત તો એ છે કે પ્રાપરાઈટરી કંપનીને આ ટેન્ડર ભરવાની છૂટ ન હોવાનું પ્રથમ ટેન્ડરમાં શરત મૂકવામાં આવી હોવાથી જ આ કંપની ડિસક્વોલિફાય થઈ હતી. પરંતુ રિટેન્ડરિંગમાં પ્રોપરાયટરી કંપનીને ટેન્ડર ભરવાની છૂટ આપવામાં આવતા માહિ એન્ટરપ્રાઈસ ટેન્ડર પણ ભરી શકી હતી અને ક્વોલિફાયી થઈને ટેન્ડર મેળવી પણ ગઈ હતી. પરિણામે અધિકારીઓ સાથેની મિલીભગતમાં આ કંપનીએ ટેન્ડર ભર્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પહેલા ટેન્ડરમાં એલ-૧ થયેલી સર્કલ કમ્પ્લિય પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની ઉપરાંત હાર્દિક કન્સ્ટ્રક્શન, રાજપૂત સિક્યોરિટીઝ સર્વિસીસ નામની ત્રણેય કંપનીઓ રિ-ટેન્ડરિંગમાં ફેંકાઈ ગઈ હતી.

સામાન્ય રીતે મેનપાવર સપ્લાયના કોન્ટ્રક્ટમાં મેનપાવરનો મિનિમમ વેજીસને ધોરણે થતા પગાર ખર્ચ ઉપરાંત કુલ બિલના પાંચ ટકા સુધીનો નફો કરવાની છૂટ આપવામાં આવે છે. સ્માર્ટ સિટીમાં શહેરની સ્વચ્છતા માટે બહાર પાડવામાં આવેલા પહેલા ટેન્ડર નંબર એસસીએડીએલ-૨૦૨૫-૨૬-૦૨માં ચાર કંપનીઓએ ટેન્ડર ભર્યા હતા. તેમાં સર્કલ કમ્પ્લિટ એલ-૧ સાથે ક્વોલિફાય થઈ અને અન્ય કંપનીઓ ડિસક્વોલિફાઈ થઈ હોવાથી સિંગલ વિનર હોવાનું કારણ આગળ કરીને રિ-ટેન્ડરિંગ કરવામાં આવ્યું હતું. પહેલા ટેન્ડરમાં કંપની કે ભાગીદારી પેઢી જ ભાગ લઈ શકે તેવી શરત હતી. તેથી જ પ્રોપરાયટરશીપ કંપનીજ માહિ એન્ટરપ્રાઈઝને ડિસ્ક્વોલિફાય કરવામાં આવી હતી.

રિટેન્ડરિંગમાં કેટલીક શરતો બદલવામાં આવી હતી. એક તો અરજી કરનારી પેઢીના પ્રકારમાં ફેરફાર કરીને પ્રોપરાયટરી કંપનીને ટેન્ડર ભરવાની છૂટ આપી હતી. પ્રોપરાયટરી કંપનીને ટેન્ડર ભરવાની છૂટ આપવામાં આવી હતી. જોકે આ અંગે માહિતી માગવામાં આવતા ટેન્ડરમાં ભાગ લેનારા કોઈપણ બિડરને ટેન્ડરની શરતો કે અનુભવના નિયમોમાં લાભ આપવામાં ન આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે. આમ ખોટી માહિતી આપવામાં આવી છે.

આ જ રીતે આ જ કામ માટે ફેબ્રુઆરી ૨૦૨૬માં નવેસરથી ટેન્ડર ઈન્વોઈટ કરવામાં આવ્યા હતા. પહેલા ટેન્ડરમાં ૨૦૨૦-૨૧થી ૨૦૨૩-૨૪ના ત્રણ વષના નફા નુકસાનના સી.એ.સર્ટિફિકેશનના પ્રમાણપત્ર માગ્યા હતા. રિટેન્ડરિંગમાં ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના સી.એ.ના પ્રમાણિત પ્રમાણપત્ર માગ્યા હતા. તેમ જ ૬૦ લાખના સરેરાશ ટર્નઓવરનો આગ્રહ રાખ્યો હતો. આ ફેરફાર કર્યો હોવા છતાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હોવાનો દાવો કરવામાં આવે છે. શરતોમાં બદલાવ કરવાના આ નિર્ણય પણ માહિ એન્ટરપ્રાઈસને ક્વોલિફાય કરાવવામાં જવાબદાર બન્યો હતો. માહિ એન્ટરપ્રાઈસને લાભ કરાવવા જ ટેન્ડરની શરત ૨-૧(સી)ની જોગવાઈને હળવી કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### ટેન્ડર મળ્યા પછી અધિકારીઓ સાથેની મિલીભગતમા વાસ્તવિક કરતાં વધુ હાજરી બતાવી આચરવામાં આવતું કૌભાંડ

## અવસાન નોંધ

**ચોકસીઃ** સ્વ. હસુમતીબેન મહેન્દ્રકુમાર ચોક્સીનું બેસણું, સરયુ હસુ ઝાલાવાડ સાંસ્કૃતિક ભવન, ચંદ્રનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે, પાલડી ખાતે, સવારે ૯થી ૧૧.

**ચાવડા :** સ્વ. કરસનભાઈ જેઠાભાઈ ચાવડાનું બેસણું, સ્વામિનારાયણ મંદિર, જીવરાજ પાર્ક મેટ્રો સ્ટેશનની નીચે, જીવરાજ પાર્ક ચાર રસ્તા ખાતે, સવારે ૮થી ૧૧.

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**
**- જાહેરખબર મેનેજર**

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28















| કેશ ડિસ્કાઉન્ટ | એક્સચેન્જ બોનસ | ઇન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ | ઓછું ડાઉન પેમેન્ટ | એક્સક્લુઝિવ કોર્પોરેટ ઓફર |
|---|---|---|---|---|
| ₹2 500* સુધી | ₹5 000* સુધી | ₹10 000* સુધી (SBI card, HDFC Bank, pine labs) | ₹4 999* થી શરૂ | ₹3 200* સુધી |

For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD

Hero GoodLife

Also Available on: Flipkart amazon.in

TOLL FREE 1800 266 0018

Authorised Dealers: AHMEDABAD: Ambavadi: Shradha Hero: 9289922563; Bopal: Raj Hero: 9289233435; CTM: Rajdeep Hero: 9289922511; Gota: Shradha Hero: 9289922209; Laldarwaja: Shradha Hero: 9289922209; Maninagar (Kankaria): Rajdeep Hero: 9289922511; Narol: Rajdeep Hero: 9289922511; Navrangpura: Bikes Hero: 9289922253; Nikol: Mann Hero: 9875090031 RTO Circle: Chiraniya Hero 9289235287; Sanand: Bikes Hero: 9289923089; Sarkhej: Raj Hero: 9289233435; ANAND: Chikhodra Road: Prakash Hero : 9289922237; Lambhvel Road: Legacy Hero: 9289923138; ANJAR: Shiv Shakti Hero: 9821739780; ANKLESHWAR: Anas Hero : 9289922241; AMRELI: Navnit Hero : 9289922254; BARDOLI: Vamdote Hero : 9289923136; BHARUCH: Vimco Hero : 9289922428; BHAVNAGAR: Chitra: Patel Hero: 9289922512; Crescent Circle: Capital Hero : 9289922238; BHUJ: K.D. Hero : 9289922480; BOTAD: Patel Hero: 9289923201; CHIKHLI: Supreme Hero: 9289922542; DAHOD: Shree Laxminarayan Hero: 9289922242; GANDHIDHAM: Quality Hero : 9289922248; GANDHINAGAR: Nanda Hero : 9289922236; GODHRA: Century Hero: 9104400559; GONDAL: Everest Hero : 9289922694; HALVAD: Shreeji Hero : 9289923041; HIMMATNAGAR : Harsolia Motors : 9289923821 JAMNAGAR: Saru Section Road: Karan Hero : 9289922670; Hapa: Gokul Hero: 9289923051; JAMKHAMBHALIA: Ashok Hero : 9289922610; JUNAGADH: Jagdish Hero: 9289922239; MEHSANA: Nagalpur: Umiya Hero : 9289922249; Radhanpur Road: Umiya Hero : 9289922249; KALOL: Shakti Hero: 9289922809; KAMREJ: Shubham Hero: 9289922750; MAHUVA: Vinay Hero: 9289922825; MODASA: Pavan Hero : 9289922826; MORBI: Jai Ganesh Hero : 9289922481; NAVSARI: Metro Hero : 9289922250; NADIAD: Horizon Hero : 9289922247; NARMADA: Rajpipla: Anas Hero : 9289922241; PALANPUR: Sarthi Hero : 9289923155; Shiv Hero : 9289922243; PATAN: Sarthi Hero : 9289922426; PORBANDAR: Jayshree Hero : 9289922494; RAJKOT: Gondal Road: Jay Kay Hero : 9289922715; Vavdi: Perfect Hero : 9289922235; 150 Ft Ring Road: Jai Ganesh Hero : 9289923067; Rajkot: Kuvadva Road Gopinath Mobility : 7490904512; SILVASA : Anil Motors : 9289924306 SURAT: Adajan Road: Jalaram Hero : 9289923027; Surat: Tapi Motors : 7069726000; Katargam: Sadguru Hero : 9289922982; Puna-Kumbharia Road: Shivani Hero : 9289922755; Udhna: Sadguru Hero: 9289923809; Ring-Road: GK Hero : 9289923810; Varracha: Rajdeep Hero: 9821737620; SURENDRANAGAR: Jai Ganesh Hero : 9289923144; VADODARA: Pandya Bridge: Century Hero : 9289922210; Nizampura: Century Hero: 9289922210; Subhanpura: Century Hero :9289922210; Bahucharaji Road, Karelibagh: Kumar Hero : 9289922208; Dandia Bazar: Kumar Hero: 9289922208; O P Road: Kumar Hero : 9289922252; Gotri : Kumar Hero: 9289922252; Makarpura: Jaydeep Hero : 9289923199; VAPI: Metro Hero : 9289922251; Shanti Hero : 9289923190; VISNAGAR: Auto World Hero : 9289923055; VERAVAL: Jagdish Hero : 9289922300; VALSAD: Shanti Hero : 9289922234; UNA: Modheshwary Hero : 9289922596; VYARA: Wheel Hero : 9289922732

Cheil 33547/26



## પેસ્ટિસાઇડ્સનો વધારે ઉપયોગ સ્વાસ્થ્ય માટે જોખમી

# શાકભાજીમાં પેસ્ટિસાઇડ્સનું ધીમું ઝેર : ગુજરાત પણ જોખમી રાજ્યોમાં

અમદાવાદ, શનિવાર

સ્વાસ્થ્ય જાળવવા માટે રોજની થાળીમાં શાકભાજી હોવું જરૂરી છે, પરંતુ એ જ શાકભાજી ઉગાડવા માટે વપરાતી જંતુનાશક દવાઓના અવશેષો આરોગ્ય માટે ચિંતાનો વિષય બની શકે છે.

જીવાતથી પાકને બચાવવા થતો દવાઓનો ઉપયોગ જો યોગ્ય માત્રામાં ન થાય, છંટકાવ અને લણણી વચ્ચેનો જરૂરી સમય ન જળવાય અથવા પ્રતિબંધિત દવાઓનો ઉપયોગ થાય તો શાકભાજી મારફતે રસાયણોના અવશેષો આપણા શરીરમાં પહોંચી શકે છે. આ મુદ્દે સામે આવેલા સરકારી આંકડાઓએ ગુજરાત સહિત દેશનાં વિવિધ રાજ્યોમાં ખાદ્ય સુરક્ષા અંગે સવાલો ઊભા કર્યા છે.

તાજેતરમાં જારી થયેલા અહેવાલ અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૨૩-૨૦૨૬ દરમિયાન શાકભાજી અને ફળના ૬૦૩૫ નમૂનાની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૧૭૦ નમૂનામાં મર્યાદા કરતાં વધારે પેસ્ટિસાઈડ્સના તત્વો મળી આવ્યા છે. દેશમાંથી કુલ ૨૩ રાજ્યમાં ૭૦૬૫૨ સેમ્પલ્સ લેવામાં આવ્યા હતા અને તેમાંથી ૩.૧ ટકામાં પેસ્ટિસાઈડ્સનું પ્રમાણ વધારે હતું.

આ સમયગાળામાં સૌથી વધુ સેમ્પલ્સ લેવામાં આવ્યા હોય તેમાં કર્ણાટક ૯૧૭૬ સાથે મોખરે, તેલંગાણા ૮૧૯૮ સાથે બીજા, પંજાબ ૬૫૮૦ સાથે ત્રીજા, ગુજરાત ચોથા જ્યારે હિમાચલ પ્રદેશ ૫૭૬૫ સાથે પાંચમાં સ્થાને છે.

લેવામાં આવેલા સેમ્પલ્સમાંથી સૌથી વધુ પેસ્ટિસાઈડ્સમાં તેલંગાણા ૪૮૬ સાથે મોખરાનું, કર્ણાટક ૩૩૪ સાથે બીજું, મહારાષ્ટ્ર ૨૬૦ સાથે ત્રીજું, ગુજરાત ચોથું જ્યારે હરિયાણા ૧૫૨ સાથે પાંચમું સ્થાન ધરાવે છે.

શાકભાજીમાં જંતુનાશકના અવશેષો મળવા અને તેનું પ્રમાણ નિર્ધારિત સુરક્ષિત મર્યાદા કરતાં વધી જવું એ બે અલગ બાબતો છે. તેમ છતાં, મર્યાદા કરતાં વધુ અવશેષો ધરાવતા નમૂનાઓ મળવા એ ખેતીની પદ્ધતિઓ, બજારમાં થતી તપાસ અને ગ્રાહકોની સુરક્ષા માટે ચેતવણી સમાન છે. આથી શાકભાજી ખાવાનું બંધ કરવાની નહીં, પરંતુ ખેતરથી થાળી સુધી ખોરાક સુરક્ષિત રહે તેની ખાતરી કરવાની જરૂર છે.

જંતુનાશકની અસર તેના પ્રકાર, માત્રા, શરીરમાં પ્રવેશવાના માર્ગ અને સંપર્કના સમયગાળા પર આધારિત હોય છે. કેટલાક રસાયણોનો વધુ પ્રમાણમાં સંપર્ક થાય તો તાત્કાલિક તકલીફો થઈ શકે છે.

જ્યારે અમુક રસાયણોના લાંબા ગાળાના સંપર્ક અંગે આરોગ્યલક્ષી ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે. પરંતુ શાકભાજીમાં અવશેષો મળી આવ્યા એટલે તે ખાવાથી જ ચોક્કસ બીમારી થશે એવું તારણ કાઢી શકાય નહીં.

### કયા રાજ્યમાં શાકભાજી-ફળમાં સેમ્પલ્સમાં પેસ્ટિસાઇડ્સનું પ્રમાણ?

| રાજ્ય | સેમ્પલ્સ | પેસ્ટિસાઇડ્સ વધુ મળ્યા |
|---|---|---|
| કર્ણાટક | ૯૧૭૬ | ૩૩૪ |
| તેલંગાણા | ૮૧૯૮ | ૪૮૬ |
| મહારાષ્ટ્ર | ૫૨૯૫ | ૨૬૦ |
| ગુજરાત | ૬૦૩૫ | ૧૭૦ |
| હરિયાણા | ૨૩૭૧ | ૧૫૨ |
| આંધ્ર પ્રદેશ | ૨૧૦૪ | ૧૩૪ |
| રાજસ્થાન | ૩૫૬૪ | ૧૧૧ |

### પાક માટે મંજૂર દવાઓનો યોગ્ય માત્રામાં ઉપયોગ જરૂરી

જાણકારોના મતે ખેડૂતોએ પાક માટે મંજૂર દવાઓનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવો, છંટકાવ વખતે સુરક્ષાનાં સાધનો પહેરવાં અને લણણી પહેલાં દવાના લેબલ પર જણાવેલો જરૂરી સમય જાળવવો જોઈએ. બીજી તરફ, ખાદ્ય સુરક્ષા તંત્રે બજારો અને પુરવઠા વ્યવસ્થામાંથી નિયમિત નમૂનાઓ લઈને તપાસ કરવી અને નિર્ધારિત મર્યાદા કરતાં વધુ અવશેષો ધરાવતા નમૂનાઓ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવી જરૂરી છે. ગ્રાહકોએ શાકભાજી પર અસામાન્ય ગંધ કે દેખાવ હોય તો તેનો ઉપયોગ ટાળવો જોઈએ, પરંતુ દેખાવ અને ગંધ સામાન્ય હોય એટલે શાકભાજી જંતુનાશકમુક્ત છે એવું માની લેવું નહીં.

### પેસ્ટિસાઇડ્સથી શું સમસ્યા થઇ શકે?

કેટલાક જંતુનાશકોના ઊંચા પ્રમાણના સંપર્કથી ઊબકા, ઊલટી, પેટમાં દુખાવો, ચક્કર, વધુ પડતો પરસેવો અને ચેતાતંત્રને લગતી તકલીફો થઈ શકે છે. ચોક્કસ રસાયણોનો વધુ પડતો અથવા લાંબા ગાળાનો સંપર્ક યકૃત, મૂત્રપિંડ અને અન્ય શારીરિક તંત્રો પર અસર કરી શકે છે. તેની ગંભીરતા રસાયણના પ્રકાર અને સંપર્કની માત્રા પર નિર્ભર છે.

### કોણે ખાસ તકેદારી રાખવી?

બાળકો અને ગર્ભવતી મહિલાઓ માટે ખાદ્ય સુરક્ષાની ખાસ કાળજી જરૂરી છે. બાળકોના શરીરનું વજન ઓછું હોવાથી સમાન માત્રાના સંપર્કની અસર પ્રમાણમાં વધારે હોઈ શકે છે. તેથી ઘરમાં શાકભાજીની યોગ્ય સફાઈ અને ખેતીમાં જંતુનાશકોના નિયંત્રિત ઉપયોગ અંગે જાગૃતિ લાવવી જરૂરી છે.

### માત્ર પાણીથી ધોવાથી બધું ઝેર નીકળી જાય છે?

* શાકભાજીને સ્વચ્છ, વહેતા પાણીથી સારી રીતે ધોવાથી માટી, ધૂળ અને સપાટી પર રહેલા કેટલાક જંતુનાશક અવશેષો દૂર કરવામાં મદદ મળે છે.
* પાંદડાવાળાં શાકનાં પાંદડાં અલગ કરીને ધોવાં, નુકસાન પામેલા બહારના પાંદડાં કાઢી નાખવાં અને જ્યાં યોગ્ય હોય ત્યાં છાલ ઉતારવી ઉપયોગી બની શકે છે. જોકે, શાકભાજીની અંદર શોષાઈ ગયેલા અથવા સપાટી સાથે મજબૂત રીતે ચોંટેલા તમામ અવશેષો માત્ર ધોવાથી દૂર થતા નથી.
* શાકભાજીને સારી રીતે રાંધવું ખાદ્યજન્ય જીવાણુઓનું જોખમ ઘટાડવામાં મદદરૂપ છે, પરંતુ ગરમીથી દરેક પ્રકારના જંતુનાશકો નાશ પામે છે એવું નથી. મીઠું, વિનેગર કે બેકિંગ સોડાથી ધોવાથી તમામ જંતુનાશકો સંપૂર્ણપણે દૂર થઈ જાય છે એવો પણ નિશ્ચિત પુરાવો નથી.
* શાકભાજી ધોવા માટે સાબુ, ડિટર્જન્ટ કે ઘરગથ્થુ સફાઈનાં રસાયણોનો ઉપયોગ કરવો નહીં.

## ગુજરાતમાં શાકભાજી-ફળના ૬૦૩૫ નમૂનાઓની તપાસમાંથી ૧૭૦માં જંતુનાશક અવશેષો નિર્ધારિત મર્યાદા કરતાં વધુ મળ્યા

## હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ કાગળ પર

# શહેરમાં લક્ઝરી-સ્કૂલ બસોનું આડેધડ પાર્કિંગ છતાં ટ્રાફિક વિભાગ નિષ્ક્રિય

અમદાવાદ,શનિવાર

અમદાવાદ શહેરમાં સવારે આઠ વાગ્યાથી રાત્રીના દસ વાગ્યા સુધી લકઝરી બસો અને ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતાં શહેર પોલીસ કમિશરના જાહેરનામાને ખુદ ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટે પણ બહાલ રાખી લકઝરી બસો અને ભારે વાહનો પર પ્રતિબંધ ફરમાવેલો હોવાછતાં શહેરના માર્ગો પર ખાસ કરીને ફુટપાથ પર લકઝરી બસો, સ્કૂલ બસો અને ભારે વાહનોનું આડેધડ પાર્કિંગ જોવા મળી રહ્યું છે. ટ્રાફિક વિભાગમાં છેક ઉચ્ચ સત્તાધીશો સુધી ધ્યાન દોરવા છતાં કોઈ પગલાં લેવાતાં નથી, જેને લઈને ટ્રાફિક વિભાગની કામગીરી સામે પણ ગંભીર સવાલ ઉઠયા છે. એકબાજુ, રાજય સરકાર હાઈકોર્ટમાં જયારે કેસની સુનાવણી આવે ત્યારે ફુલગુલાબી ચિત્ર રજૂ કરી કામગીરી કરી રહ્યાના પોકળ દાવા કરે છે પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી બહુ જ ખરાબ અને સીધી કન્ટેમ્પ્ટ એટલે કે, અદાલતી તિરસ્કાર સમાન છે.

### સત્તાધિશો હાઈકોર્ટમાં ફુલગુલાબી ચિત્ર રજૂ કરે છે પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી બદતર અને અદાલતી તિરસ્કાર સમાન

ટ્રાકિક વિભાગ, સ્થાનિક પોલીસ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવા ગેરકાયદે પાર્કિંગ અને જાહેરમાં રોડ-રસ્તા કે ફુટપાથ પર મોટા વાહનોના આડેધડ પાર્કિંગ વિરૂધ્ધ નક્કર કાર્યવાહી નહી થતાં હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના આ અંગેના ચુકાદાઓ જાણે કાગળ પર રહી ગયા છે અને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સાચુ ચિત્ર રજૂ નથી થતુ અને અદાલતને પણ જાણે અંધારામાં રાખવાનો અને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની ચર્ચાએ પણ જોર પકડયું છે.

થોડા મહિના પહેલાં જ શહેરના મેમનગર વિસ્તારમાં વિવેકાનંદ સર્કલથી દિવ્યપથ હાઈસ્કૂલવાળા રોડ પર એઈસી બ્રિજ સુધીના પટ્ટામાં પોલીસ દ્વારા વારંવારની ચેતવણી છતાં ગેરકાયદે પાર્ક થતી લક્ઝરી બસો વિરૂધ્ધ તવાઈ બોલાવવામાં આવી હતી પરંતુ સોલા એ ડિવીઝન ટ્રાફિક પોલીસના પીઆઈ નીલેશ દેસાઈની બદલી પછી નવા અધિકારીઓને કાયદાના પાલનમાં કોઈ રસ નથી. લકઝરી બસો તો ઠીક સ્કૂલ બસોવાળા પણ રોડ રસ્તા અને ફુટપાથ પર આડેધડ પાર્કિંગ કરીને જતા રહે છે. તાજેતરમાં જ સોલા રોડની નેશનલ સ્કૂલના બસના ડ્રાઈવરની લુખ્ખી દાદાગીરી સામે આવી હતી, જયારે ઘાટલોડિયા પોલીસ પોઈન્ટના કર્મચારીઓને તેને હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ, રસ્તા કે ફુટપાથ પર પાર્કિંગ પ્રતિબંધિત હોવાની વાત કરી ત્યારે નેશનલ સ્કૂલની બસના ડ્રાઈવરે થાય એ કરી લો..પોલીસ અને કોર્ટને જે કરવું હોય એ કરી લે એવો ઉધ્ધત જવાબ આપી પોલીસ કર્મચારીઓનું અપમાન કર્યું હતું. જેને પગલે સમગ્ર મામલે ટ્રાફિક વિભાગના ઉચ્ચ પોલીસ અધિકારીનું પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું પરંતુ તેમછતાં હજુ સુધી નેશનલ સ્કૂલની બસ કે તેના ડ્રાઈવર વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જેને લઈ સ્થાનિક રહીશોએ ટ્રાફિક પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા કે શું હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના ચુકાદાનો આટલી હદે અનાદર કેવી રીતે ચાલી શકે...? ટ્રાફિક વિભાગ આવા તત્વો વિરૂધ્ધ કાર્યવાહી કરતા કેમ અચકાય છે...? અને તેની પાછળનું કારણ શું...? આવી તો કંઈક કેટલીયે ઘટનાઓ શહેરના વિવિધ વિસ્તારોમાં બનતી હોય છે અને નિર્દોષ નાગરિકો અને વાહનચાલકો આવી મોટી લકઝરી બસો, સ્કૂલ બસો અને ભારે વાહનોના આડેધડ પાર્કિંગ અને કાયદાના સરેઆમ ઉલ્લંઘનના કારણે ટ્રાફિક ચક્કાજામ સહિતની હેરાનગતિનો ભોગ બનતા હ ોય છે.

### ફૂટપાથ રાહદારીઓના ચાલવા માટે છે : કોર્ટ

હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટે તેના વારંવારના ચુકાદોમાં સ્પષ્ટ કર્યું છે કે, ફુટપાથ એ રાહદારીઓના ચાલવા માટે છે, લારી-ગલ્લા અને પાથરણાવાળાં કે આવા ગેરકાયદે પાર્કિંગ નહી પરંતુ કરૂણ વાસ્તવિકતા એ છે કે, ફુટપાથનો મોટાભાગે ઉપયોગ આ બધા હેતુ માટે જ થતો આવ્યો છે. સુપ્રીમકોર્ટે તો તાજેતરમાં બહુ મહત્ત્વના ચુકાદામાં ફુટપાથ પર ચાલતા રાહદારીઓની સલામતી માટે પણ કેન્દ્ર સરકાર અને રાજય સરકારોને નિર્દેશ આપેલા છે.

## સોમવારે જિલ્લા પંચાયત સામે ઉગ્ર દેખાવોનો કાર્યક્રમ

# નવા લેબર કોડ સામે વિરોધની લડાઈમાં હવે કામદારો પણ જોડાશે

અમદાવાદ,શનિવાર

ગુજરાતમાં નવા લેબર કોડની જોગવાઈઓના વિરોધમાં અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરેલા ગુજરાત રાજયની તમામ લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટોના વકીલોના આંદોલનમાં હવે કામદારો પણ મેદાનમાં ઉતર્યા છે. લેબર લોઝ પ્રેક્ટિસનર્સ એસોસિએશન અને ટ્રેડ યુનિયન્સ દ્વારા સોમવારે લાલ દરવાજા જિલ્લા પંચાયત ખાતે આપવામાં આવેલા ઉગ્ર દેખાવોના કાર્યક્રમમાં વિવિધ ટ્રેડ યુનિયન્સના કામદારો ખૂબ મોટી સંખ્યામાં ભાગ લેશે.

### સૂત્રોચ્ચાર અને દેખાવોના કાર્યક્રમમાં કામદારો મોટી સંખ્યામાં ઉમટશે : મંગળવારે બાઈક રેલીનું આયોજન

કામદારોના બાકી પગાર, કાનૂની હક્કો અને તેમની નોકરીની સુરક્ષા સહિતના મુદ્દાઓને આગળ કરી હવે કામદારો પણ મેદાને આવ્યા છે અને વકીલમંડળોના આંદોલનને ખુલ્લુ સમર્થન જાહેર કર્યું છે. વિવિધ ટ્રેડ યુનિયન્સના કામદારો સોમવારના જિલ્લા પંચાયત ખાતેના સૂત્રોચ્ચાર અને દેખાવોના કાર્યક્રમોમાં પોતાની માંગણીઓ અને વિરોધ દર્શક બેનરો સાથે મોટી સંખ્યામાં ભાગ લેશે.

સોમવારના સૂત્રોચ્ચાર અને દેખાવોના કાર્યક્રમ બાદ બીજા દિવસે મંગળવારે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે,

જેમાં રાજયભરમાંથી લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટોના વકીલો ઉપરાંત, અન્ય વકીલમંડળોના આગેવાનોને પણ જોડાવવા માટે હાકલ કરવામાં આવશે.

બીજીબાજુ, વિવિધ ટ્રેડ યુનિયન્સ અને લેબર લોઝ પ્રેકટીશનર્સ એસોસીએશન, ઓલ ગુજરાત લેબર લોઝ પ્રેકટીશનર્સ ફેડરેશનના અચોક્કસ મુદતની હડતાળને પગલે લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટોમાં આજે સતત ૫ માં દિવસે પણ કોર્ટ કામગીરી ઠપ્પ રહી હતી. ગરીબ કામદારો, રોજમદારો અને મજૂરોના હજારો કેસોને ગંભીર અસર થઈ રહી છે તેમછતાં સરકારે જાણે અહમનો પ્રશ્ન બનાવી ગરીબ મજૂરો અને કામદારોને સ્પર્શતા આ મુદ્દાને હજુ એટલી ગંભીરતાથી લીધો નથી, જેને લઈ કામદારોમાં પણ ઉગ્ર રોષ વ્યાપી રહ્યો છે.

## એફઆઈઆર- સુપ્રીમ કોર્ટના બનાવટી કાગળો મોકલ્યા

# પિતા-પુત્રીને છ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરીને લાખોની છેતરપિંડી

અમદાવાદ,શનિવાર

ગાંધીનગરના સરગાસણમાં રહેતા ૮૬ વર્ષના સિનિયર સિટીઝન અને તેમની પુત્રીને બોગસ સીમ કાર્ડથી વાંધાજનક મેસેજ થયાનું અને મની લોન્ડરીંગના કેસ થયા હોવાનું કહીને સીબીઆઈના નામે કોલ કરીને સતત છ દિવસ સુધી ડીજીટલ એરેસ્ટ કરીને ૧૪ લાખની રકમ ટ્રાન્સફર કરાવીને છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ ગાંધીનગર સાયબર ક્રાઈમ સેલમાં નોંધવામા આવી છે.

### બોગસ સીમ કાર્ડ અને મની લોન્ડરીંગ થયાનું કહીને ડરાવાયાઃ ગાંધીનગર સાયબર ક્રાઈમે ગુનો નોંધ્યો

ગાંધીનગરના સરગાસણમા આવેલી મેઘ મલ્હાર રેસીડેન્સીમાં રહેતા અમૃતભાઈ પરમારને થોડા દિવસ પહેલા એક અજાણ્યા નંબરથી કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતાની ઓળખ ટેલીકોમ ઓથોરીટીના અધિકારી હોવાનું કહીને જણાવ્યું હતું કે તમારા નામથી એક સીમ કાર્ડ ખરીદાયુ છે. આ નંબરથી પોર્નગ્રાફીના વિડીયો અને ધમકીના મેસેજ મોકલાયાના કેસ થયા છે. સાથે સાથે આધાર કાર્ડથી એક બેંક એકાઉન્ટ પણ ખોલાયું છે. જેમાં બે કરોડના કાળા નાણાં જમા થયા છે. જેથી કેસ સીબીઆઈમાં નોધાયો છે. બાદમાં અન્ય મોબાઈલ નંબરથી કોલ આવ્યો હતો અને જણાવ્યું હતું કે તમારી મિલકત જપ્ત કરવાની છે અને તમને ડીજીટલ એરેસ્ટ કરવાના છે. બાદમાં વોટ્સએપ પર બનાવટી ડીજીટલ એરેસ્ટ લેટર, એફઆઈઆર, સુપ્રિમ કોર્ટનો બનાવટી ઓર્ડર સહિતના દસ્તાવેજ મોકલ્યા હતા. જેથી અમૃતભાઈ ગભરાઈ ગયા હતા અને તેમણે પોતાની પુત્રી મીરાને આ અંગે જાણ કરી હતી. જેથી મીરાએ વાત કરતા તેને પણ સતત છ દિવસ સુધી ડીજીટલ એરેસ્ટ કરવાનું કહીને વિડીયો કોલથી કનેક્ટ કરીને તેમની બચતના તમામ નાણાં ૧૪ લાખ રૂપિયા વેરીફિકેશન માટે મેળવીને ફોન કટ કર્યો હતો. બાદમાં તેમને સાયબર ફ્રોડ થયાની જાણ થતા સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ નોંધાવી હતી.

## વર્ષમાં ૮થી ૧૨ ટ્રેનનું મેન્ટેનન્સ કરી શકાશે

# સાબરમતીમાં ૩૦૭ કરોડના ખર્ચે વંદે ભારતનું મેન્ટેનન્સ હબ બનશે

અમદાવાદ, શનિવાર

અમદાવાદના સાબરમતી રેલવે ડેપોમાં વંદે ભારત ટ્રેનની જાળવણી માટે રૂ.૩૦૭ કરોડના ખર્ચે મેન્ટેનન્સ હબ બનાવવામાં આવશે. અહીં ટ્રેનના પૈડાં, મોટર, બ્રેક અને વીજળીના ઉપકરણોની તપાસ તેમજ જરૂરી કામ એક જ સ્થળે જ થઈ શકશે. રેલવેના જણાવ્યાં પ્રમાણે, પ્રોજેક્ટ હેઠળ ટ્રેનના કોચને ઉંચા કરીને નીચેની બોગી પર કામ કરવા માટેના હેવી રિપેર શેડનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. સાથો સાથ પૈડાં અને એક્સલ પણ કામ કરવા માટેના વ્હીલ કેશ શેડનું બાંધકામ પણ પૂર્ણ થઈ ગયું છે. જ્યારે મોટર, ટ્રાન્સફોર્મર અને અન્ય ઉપકરણોની તપાસ માટે અલગ શેડ બનાવવાનું કામ પ્રગતિ પર છે.

આ ઉપરાંત ચાર સ્ટેબલિંગ લાઈન પર કુલ ૨,૫૪૭ મીટર રેલવે ટ્રેક નાખવાનું કામ પણ પૂર્ણ કરાયુ છે. રેલવેની યોજના મુજબ, ૨૪ કોચની એક વંદે ભારત ટ્રેનના એક પ્રકારના મેન્ટેનન્સ માટે ૩૦ દિવસ જ્યારે બીજા પ્રકારના મેન્ટેનન્સ માટે ૪૫ દિવસ લાગશે. આ પ્રમાણે વર્ષમાં ૧૨ અથવા આઠ ટ્રેનસેટનું મેન્ટેનન્સ કરવાની ક્ષમતા નક્કી કરાઈ છે.

### એક કરોડ સુધી વેરો બાકી હોય તેવી મિલકતોની સંખ્યાથી મ્યુનિ. અજાણ

અમદાવાદ, શનિવાર

નાણાંકીય વર્ષ પૂરું થવાની આરે હોય ત્યારે અમદાવાદ મ્યુનિ. તંત્ર ઢોલ-નગારા વગાડીને બાકી મિલકત વેરો વસૂલવા નીકળે છે. પરંતુ શહેરમાં કેટલી મિલકતોનો રૂપિયા ૫૦ લાખથી એક કરોડ સુધીનો ટેક્સ બાકી છે અને કોર્ટ કેસ ચાલે છે, તે બાબતથી મ્યુનિ.ની લીગલ કમિટી અને જવાબદાર અધિકારીઓ પણ અજાણ છે. લીગલ કમિટીની આજે મળેલી બેઠકમાં ચેરમેન દ્વારા બાકી મિલકત વેરાને લગતા આવા કેટલા કેસ ચાલે છે? તેમજ કોર્ટની કાર્યવાહી કેટલે પહોંચી છે?તેની વિગતો મંગાવાવમાં આવી હતી.

## ૨૫થી વધુ મોટા ગરબાના પાસ વેચાણ માટે મૂક્યા

# ગરબાના બનાવટી પાસ મોકલવાના કૌભાંડમાં આંતરરાજ્ય ગેંગની સંડોવણી

અમદાવાદ,શનિવાર

નવરાત્રી દરમિયાન અમદાવાદ અને અન્ય શહેરોના જાણીતા મોટા ગરબા આયોજનની બોગસ ટિકિટ સોશિયલ મિડીયામાં ઓનલાઈન વેચાણ કરીને મોટાપાયે છેતરપિંડી કરવાના કૌભાંડમાં સાયબર ક્રાઈમ સેલ દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસમાં આંતરરાજ્ય ગેંગની સંડોવણી હોવાનું સામે આવ્યું છે. જે અનુસંધાનમાં અન્ય રાજ્યની પોલીસની મદદ લઈને સાયબર ક્રાઈમ સેલની અલગ અલગ ટીમ દ્વારા કાર્યવાહી શરૂ કરી છે.

### ચોક્કસ લીડને આધારે અન્ય રાજ્યની પોલીસની મદદથી આરોપીને ઝડપી લેવા તજવીજ શરૂ કરી

નવરાત્રી દરમિયાન ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર નવરાત્રીના મોટાઆયોજનની ટિકિટ ઓછી કિંમતે આપવાનું કહીને છેતરપિંડી કરતી ગેંગ મોટાપાયે સક્રિય થઈ હતી. જેમાં મોટાપ્રમાણમાં લોકોએ નાણાં ગુમાવ્યા હતા. એટલું જ નહી ગઠિયાઓએ ટિકિટ બુક કરીને વિશ્વાસ આવે તે માટે ટિકિટ ખરીદનારને ઈ-મેઈલ પણ મોકલતા હતા. બાદમાં ગરબાના સ્થળ પર પહોંચે ત્યારે ટિકિટ નકલી હોવાની જાણ થઈ હતી. આ અંગે સાયબર ક્રાઈમમાં અનેક લોકોએ જાણ કરી હતી અને એક ફરિયાદ પણ નોંધવામાં આવી હતી. ત્યારે ટેકનીકલ એનાલીસીસ તેમજ સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પરથી મળેલી માહિતીને આધારે જાણવા મળ્યું હતું કે આ કૌભાંડ રાજસ્થાન તેમજ અન્ય રાજ્યોમાંથી ચલાવવામાં આવતું હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે સાયબર ક્રાઈમ સેલની અલગ અલગ ટીમ દ્વારા અન્ય રાજ્યની પોલીસની મદદથી આરોપીઓને ઝડપી લેવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

## પોશ વિસ્તારમાં વર્ચસ્વ માટે વ્યંઢળોમાં ગળાકાપ લડાઈ

# બોડકદેવમાં નાણાં વસૂલવાના મામલે વ્યંઢળોના બે જુથ વચ્ચે મારામારી

અમદાવાદ,શનિવાર

શહેરના રાજપથ રંગોલી રોડ પર આવેલા એક કોમ્પ્લેક્સમાં નાણાં ઉઘરાવવા ગયેલા એક વ્યંઢળના જુથ સાથે અન્ય વ્યઢળોના જુથ દ્વારા છુટા હાથની મારામારી કરીને ભયનો માહોલ સર્જવામાં આવ્યો હતો. જે અંગે બોડકદેવ પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે. દિવાળીનો તહેવાર આવી રહ્યો છે ત્યારે પોશ વિસ્તારમાં નાણાં વસુલવા માટે વ્યંઢળોના અલગ અલગ જુથ વચ્ચે લાંબા સમયથી લડાઈ ચાલી રહી છે. જેના કારણે વેપારીઓ અને સ્થાનિક લોકોમાં ત્રસ્ત થઈ ગયા છે.

### પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરીઃ દાદાગીરી કરીને નાણાં ઉઘરાવતા વ્યંઢળોથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ

ઈસનપુરમાં રહેતા કરીના દે નામનો વ્યંઢળ શુક્રવારે તેની સાથે અન્ય વ્યંઢળો સાથે રાજપથ રંગોલી રોડ પર આવેલી એપિક હોસ્પિટલ પાસે આવેલા કોમ્પ્લેક્સમાં દિવાળીના શુકનના નાણાં લેવા માટે ગયા હતા. ત્યારે દરિયાપુરમાં રહેતા ઈશિતા દે અને તેની સાથેના વ્યંઢળો સાથે આવ્યો હતો. તેણે કરીના દેને આ વિસ્તારમાં જજમાન વૃતિ કરવા માટે નહી આવવાનું કહીને ધમકી આપી હતી. બાદમાં બંનેના જુથ વચ્ચે જાહેરમાં મારામારી થઈ હતી. જેના કારણે બે થી ત્રણ વ્યંઢળોને ઈજાઓ પહોંચી હતી. જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. એટલું જ બંને જુથના લોકોએ વાહનોમાં રાખેલા હથિયારનો ઉપયોગ કર્યો હતો. જો કે પોલીસને જાણ કરવામાં આવતા તમામ નાસી ગયા હતા. આ અંગે બોડકદેવ પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી છે.સ્થાનિક લોકોએ જણાવ્યું કે વ્યંઢળો થલતેજ, વસ્ત્રાપુર, સેટેલાઈટ, બોપલ આંબલી રોડ અને સાયન્સ સીટી જેવા પોશ વિસ્તારમાં વ્યંઢળો દ્વારા રીતસરની દાદાગીરી કરીને મોટા પ્રમાણમાં નાણાં વસુલવામાં આવે છે અને જો ના પાડવામાં આવે તો તેમને ધંધો કરવા દેતા નથી અને સ્થાનિક લોકોના ઘરે જઈને પણ તકરાર કરે છે. જેના કારણે હવે સ્થાનિક લોકો કંટાળી ગયા છે અને આવા તત્વો વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવા પોલીસને રજૂઆત કરી છે.

### વાઈબ્રન્ટ સમિટઃ પ્રતિનિધિ મંડળ ૨૨ દેશની મુલાકાત લેશે

અમદાવાદ, શનિવાર

ગાંધીનગર ખાતે આગામી વર્ષે ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમિયાન 'વિકસિત ગુજરાત-વૈશ્વિક ભવિષ્યનું ઘડતર' થીમ સાથે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજાશે. આ અગાઉ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ ઓક્ટોબર-નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ્સ, દક્ષિણ કોરિયા, સ્વીડન, પોલેન્ડ, જાપાન સહિતના ૨૨ દેશમાં ઉદ્યોગપતિઓ સાથે મુલાકાત કરશે. આ ઉપરાંત દેશમાં ગુવાહાટી, લખનઉ, બેંગાલુરુ, હૈદરાબાદ, ચેન્નાઈ, કોલકાતા, જયપુર, ભુવનેશ્વરમાં રોડ શો પણ યોજાશે.

## અચાનક ફ્લાઈટ કેન્સલ થઈ અને અટવાયા

# સાઉદી અરેબિયા પર થયેલા હુમલામાં ગુજરાતના ૨૫૦ ઉમરાહ યાત્રીઓ ફસાયા

શહેરા,શનિવાર

સાઉદી અરેબિયામાં હુતી બળવાખોરોના હુમલા બાદ ઈમરજન્સી જેવી સ્થિતિ સર્જાતા શહેરા સહિત પંચમહાલ જિલ્લાના ૨૫૦ ઉમરાહ યાત્રીઓ અટવાતા પરિવારજનોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે.

### કેટલાંક યાત્રીઓ મોંઘી ટિકિટ ખરીદી પરત ફર્યા, હવે ૨૨મીએ ફસાયેલા યાત્રીઓને પરત ફરવાની આશા

સાઉદી અરેબિયામાં છેલ્લા કેટલાક દિવસોથી હુતી બળવાખોરો દ્વારા કરવામાં આવેલા ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ સ્થિતિ વણસી છે.

સુરક્ષાના કારણોસર એરપોર્ટ બંધ કરાતાં રિયાધ, જેદ્દાહ, દમ્મામ અને મદીના આવતી-જતી તમામ ફ્લાઈટ્સ ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ સુધી રદ કરવામાં આવી છે. અચાનક ઊભી થયેલી ઈમરજન્સી જેવી પરિસ્થિતિને કારણે પંચમહાલ જિલ્લાના અંદાજિત ૨૫૦ જેટલા ઉમરાહ યાત્રીઓ સાઉદી અરેબિયામાં અટવાયા છે.

ગોધરા અને ગુજરાતના વિવિધ ટૂર ઓપરેટરો મારફતે મક્કા અને મદીના ઉમરાહ અર્થે ગયેલા યાત્રીઓની તા.૧૨,૧૩ અને ૧૪ દરમિયાન જેદ્દાહથી મુંબઈ પરત ફરવાની ફ્લાઈટ્સ રદ થઈ હતી.

જો કે, કેટલાક યાત્રીઓ મોંઘા દરે અન્ય ફ્લાઈટ્સની ટિકિટ ખરીદીને ભારત સુરક્ષિત વાપસી કરી લીધી છે. હાલ પંચમહાલના યાત્રીઓ મક્કા અને મદીનાની હોટેલોમાં રોકાયા છે અને ભારત સ્થિત પોતાના પરિવારજનો સાથે સતત સંપર્કમાં છે.

એક ટૂર સંચાલકે જણાવ્યું હતું કે તા.૨૦ના રોજે યાત્રા પૂર્ણ થતાં અમારી પરત ફરવાની ટિકિટ કન્ફર્મ હતી. પરંતુ અચાનક ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા મેસેજ આવ્યો કે પરિસ્થિતિને કારણે ફ્લાઈટ કેન્સલ થઈ છે. હવે તા.૨૨મીએ વાપસીનું શિડ્યુલ છે.

## RTI અરજીથી બચવા 'પાછલી તારીખે' પરવાનગી ઊભી કરી

# સિંહોને પૂર્વ લેખિત હુકમ વગર જ પકડી કેપ્ટિવિટીમાં મોકલી દેવાયા હતા

જૂનાગઢ, શનિવાર

ગુજરાત વનવિભાગના વહીવટ અને કાયદાકીય પ્રક્રિયાઓના પાલન સામે એક ગંભીર બાબત પ્રકાશમાં આવી છે. ગિરનાર સીડી પરથી સગીર બાળકને સિંહો ખેંચી ગયાના બનાવ બાદ વનવિભાગે વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટની સ્પષ્ટ કાયદાકીય જોગવાઈઓનો અનાદર કરીને કાર્યવાહી કરી હોવાનો અને બાદમાં આરટીઆઈ હેઠળ પર્દાફાશ થવાના ડરે 'બે મહિને' પાછલી તારીખે મંજૂરી મેળવીને ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ નિવૃત્ત એડિશનલ સેશન્સ જજ જયદેવભાઈ ધાધલ દ્વારા કરાયો છે.

### શેડ્યુલ-૧ વન્યજીવને પકડવા માટે ચિફ વાઈલ્ડ લાઈફ વોર્ડનની સકારણ 'પૂર્વ લેખિત પરવાનગી'ની આજ્ઞાત્મક જોગવાઈનું ઉલ્લંઘન

તા. ૧૧-૭-૨૦૨૬ના રોજ ગિરનાર સીડી પરથી યાત્રાળુઓની વચ્ચેથી મયુરસિંહ ચૌહાણ નામના બાળકને ખેંચી જઈ સિંહોએ ફાડી ખાધાના કમનસીબ બનાવ બાદ વનવિભાગે તુરંત જ અમુક સિંહોને પકડી, કહેવાતા વૈજ્ઞાનિક પ્રયોગો અને પરીક્ષણોના આધારે જવાબદાર બે પુખ્ત નર સિંહોને સક્કરબાગ કેપ્ટિવિટીમાં મોકલી આપ્યા હતા. વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, ૧૯૭૨ની આજ્ઞાત્મક જોગવાઈઓ મુજબ, કોઈ પણ વન્યજીવને પકડવા કે કેપ્ટિવિટીમાં રાખવા માટે ચિફ વાઈલ્ડલાઈફ વોર્ડનની કારણો સહિતની પૂર્વ લેખિત પરવાનગી અનિવાર્ય છે. પરંતુ આ બનાવમાં એ જોગવાઈનું પાલન થયું નહોતું. આ ગંભીર કાયદાકીય કસૂરને સપાટી પર લાવવા માટે નિવૃત્ત એડિશનલ સેશન્સ જજ દ્વારા તા. ૩૧-૭-૨૦૨૬ના રોજ આરટીઆઈ હેઠળ ચિફ વાઈલ્ડલાઈફ વોર્ડનની કચેરીના રેકોર્ડ પરથી મંજૂરીના હુકમોની માહિતી માંગવામાં આવી હતી.

અરજી મળતા જ વનવિભાગને ભાન થયું કે નિયમ મુજબની પૂર્વ પરવાનગી લેવામાં આવી જ નહોતી. આ ફરજલોપ છુપાવવા માટે તંત્ર દ્વારા અરજીની તારીખ સુધી આવો કોઈ લેખિત હુકમ અસ્તિત્વમાં જ ન હોવા છતાં, 'રેકોર્ડ પર માહિતી ઉપલબ્ધ નથી' તેવો સાચો જવાબ આપવાના બદલે અરજીને ૭૦ દિવસ સુધી એક કચેરીથી બીજી કચેરીએ ધકેલવામાં આવી. કાયદાકીય જવાબદારીમાંથી છટકવા માટે બનાવના લગભગ ૬૦-૬૨ દિવસ પછી વન સંરક્ષક જૂનાગઢ મારફતે તા. ૨૦-૮-૨૬ના રોજ મંજૂરી મંગાવવામાં આવી અને ચિફ વાઈલ્ડલાઈફ વોર્ડને તા.૧૬-૯-૨૦૨૬ના રોજ સિંહોને કેપ્ટિવિટીમાં રાખવાની પરવાનગી આપી!

### માહિતી છુપાવવાનો પ્રયાસ

તા.૫-૯-૨૦૨૬થી તા.૧૭-૯-૨૦૨૬ સુધી અરજી જૂનાગઢ વન વર્તુળ કચેરીમાં પડી હતી, તે સમયે તેમની પાસે પરવાનગી માટેની દરખાસ્ત ઉપલબ્ધ હોવા છતાં માહિતી આપવાને બદલે અરજી આગળ ધકેલી દેવાઈ. આ કદાચ પ્રથમ એવો કિસ્સો હશે જ્યાં અરજી મળ્યા બાદ, પોતાની ભૂલો ઢાંકવા માટે બે મહિને નવો રેકોર્ડ ઊભો કરીને માહિતી તરીકે પીરસવામાં આવ્યો હોય!



### ભવિષ્યના રેકોર્ડને ભૂતકાળની અરજીમાં આપવાનો પ્રયાસ, ગાંધીનગર માહિતી માંગી, જવાબ અપાવ્યો જૂનાગઢ પાસે

આરટીઆઈના કાયદા મુજબ અરજીની તારીખ સુધી રેકોર્ડ પર જે માહિતી ઉપલબ્ધ હોય તે જ આપવાની હોય છે. પરંતુ વનવિભાગે તા.૩૧-૭-૨૦૨૬ની અરજીના જવાબમાં દોઢ મહિના પછી તા. ૧૬-૯-૨૦૨૬ના રોજ તૈયાર કરાયેલો હુકમ તા.૧૨-૧૦-૨૦૨૬ના રોજ આંકડા સાથે 'માહિતી' તરીકે પૂરો પાડ્યો! સિંહોને કેપ્ટિવિટીમાં રાખવાનો હુકમ બે મહિને પાછળથી બનાવવામાં આવ્યો, પરંતુ સિંહોને પકડવા માટેનો ચિફ વાઈલ્ડલાઈફ વોર્ડનનો લેખિત હુકમ તો આજે પણ અસ્તિત્વમાં નથી! માહિતી ચિફ વાઈલ્ડલાઈફ વોર્ડનના રેકોર્ડમાંથી મંગાઈ હતી, પરંતુ જવાબ જે કચેરીના રેકોર્ડ સાથે કોઈ સંબંધ જ નથી તેવા જૂનાગઢ વનવિભાગના મદદનીશ વન સંરક્ષક મારફત અપાવવામાં આવ્યો.


KP GROUP Quality Since 1965
New Tashan Pack
30% EXTRA
KP GROUP Quality Since 1965
CELEBRATING 60 YEARS
राजश्री
पान मसाला
NO TOBACCO, NO NICOTINE
No Tobacco, No Nicotine
Not recommended for minors
Chewing of pan masala is injurious to health

## દિલ્હીની વાત

(૧૯મા પાનાનું ચાલુ)

પાસેથી શીખવું જોઈએ.

### સત્તા પરીવર્તનના નિવેદન પછી ભાજપ - કોંગ્રેસ વચ્ચે તીખુ યુદ્ધ

સુપ્રિમ કોર્ટના વકીલ અને એક જમાનામાં આમ આદમી પાર્ટીના સહસ્થાપક પ્રશાંત ભૂષણએ એવું નિવેદન આપ્યું હતું કે તેઓ રેજીમ ચેઈન્જ મતલબ કે સત્તા પરીવર્તન ઈચ્છે છે. આ નિવેદન ખરેખર તો ભાજપને સીધો કેચ આપી દેવા જેવું હતું. ભાજપે આ નિવેદન પકડીને એવો પ્રતિઉત્તર આપ્યો કે દેશના યુવાનોને છેતરીને દેશને અસ્થિર કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે એનો આ પુરાવો છે.

બહુ સમયથી ચૂપ રહેલા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પણ એકાએક મેદાનમાં આવ્યા અને એમણે આ બાબતે વિરોધ પક્ષોની ટીકા કરી. રાજનાથ સિંહના નિવેદન પછી કોંગ્રેસે ના છૂટકે આ વિવાદમાં પડવું પડ્યું અને પવન ખેડાએ એવું કહ્યું કે કોંગ્રેસ ચોક્કસ સત્તા પરિવર્તન ઈચ્છે છે, પરંતુ ચૂંટણી દ્વારા. પવન ખેડાના નિવેદનનો પણ પ્રતિઉત્તર આપતા ભાજપના પ્રવક્તાએ કહ્યું હતું કે કોંગ્રેસની ઈચ્છા ચૂંટણી લડ્યા વિના પોતાની સરકાર બનાવવાની છે.

### ભાજપને શરણે ગયેલા યુસુફ પઠાણને હવે પ્લોટ મળી જશે

પશ્ચિમ બંગાળના સાંસદ અને ભૂતપૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ સમય જોઈને સઢ ફેરવવામાં નિષ્ણાંત છે. મમતા બેનર્જીની આંગળી પકડીને રાજકારણમાં આવ્યા પછી યુસુફ પઠાણ ખૂબ ઝડપથી સાંસદ બની ગયા હતા. વડોદરાના એક પ્લોટ પર એમણે ગેરકાયદેસર કબજો જમાવ્યો હોવાનો કેસ થયો હતો.

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની હાર થયા પછી ટીએમસીના મોટા ભાગના સાંસદો ટીએમસી છોડી ગયા હતા. આ બધા સાંસદોને ભાજપનું આડકતરૂ સમર્થન છે એ બધા જાણે છે. યુસુફ પઠાણે પણ વહેતી ગંગામાં હાથ ધોઈ લેવા મમતા બેનર્જીને પડતા મૂકીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળી લીધું હતું. હવે એકાએક વડોદરા કોર્પોરેશને એ વિવાદીત પ્લોટ યુસુફ પઠાણને ફાળવવાનું નક્કી કર્યું છે. મમતા બેનર્જી સાથેની દગાખોરીનો ફાયદો યુસુફ પઠાણને થઈ ગયો છે.

### વિરોધ કરવા ધ્રુવ રાઠી ભારત છોડી લંડન પહોંચી ગયા

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું માંગવા ભારત આવેલા યુટ્યુબર ધ્રુવ રાઠી હવે થોડા દિવસો બાદ દેશ છોડી લંડન ભેગા થઈ ગયા છે.

લંડન પહોંચ્યા પછી એમણે ભારત સરકાર સામે રણશિંગુ ફૂક્યું છે. સોશ્યલ મીડિયા એક્સ પર એમણે લખ્યું હતું કે, 'હવે ઈન્ટરનેશનલ અવાજ ઉઠાવવાનો સમય આવી ગયો છે.' જોકે કેટલાક નીરિક્ષકો એમ માની રહ્યા છે કે ભારત આવ્યા પછી એમની મુશ્કેલી વધી ગઈ હતી. એમની સામે થયેલા જૂના કેસો સંદર્ભે એમને રૂબરૂ જઈને નોટીસો આપવાની કોશિશ થઈ હતી. જો તેઓ વધુ સમય ભારત રહેતે તો કદાચ એમને કાયદાકીય મુશ્કેલીનો સામનો કરવો પડતે. ભૂતકાળમાં એમની સામે થયેલા બદનક્ષીના કેસો કરનાર ફરિયાદીઓ એક્ટીવ થઈ ગયા હતા. જોકે લંડનમાં પણ એમનું કામ સરળ નહીં હોય, કારણ કે લંડનના મૂળ ભારતીય રહેવાસીઓ પણ એમનો વિરોધ કરવાના મૂડમાં છે.

### સીજેપીના વિરોધી આનંદ દુબેએ ઉદ્ધવનો હાથ છોડી શિંદેનો પકડ્યો

શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના રાષ્ટ્રીય પ્રવક્તા આનંદ દુબેએ થોડા દિવસો પહેલા શિવસેના (ઉદ્ધવ ઠાકરે) છોડી દીધી હતી.

હવે આનંદ દુબે એકનાથ શિંદેની શિવસેનામા જોડાઈ ગયા છે. તેઓ મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેની હાજરીમાં શિવસેના (એકનાથ શિંદે)માં જોડાયા હતા. એમનું કહેવું છે કે, જે ટ્રેનમાં કોકરોચો હોય એ ટ્રેનમાં હું મુસાફરી કરી શકું નહીં. આનંદ દુબેનું માનવું છે કે ઉદ્ધવ ઠાકરે બાલા સાહેબ ઠાકરેની વિચારધારા ભૂલી ગયા છે. બાલા સાહેબ ઠાકરે પ્રખર હિન્દુવાદી હતા જ્યારે ઉદ્ધવ ઠાકરે હવે કોંગ્રેસની વિચારધારા પ્રમાણે ચાલે છે. એમણે કટાક્ષ કરતા કહ્યું હતું કે 'વોટ ચોરી નહીં, આ લોકોના મગજની ચોરી થઈ છે.' આનંદ દુબેએ ધ્રુવ રાઠી, સરજીલ ઈમામ અને ઉમર ખાલીદને પોતાના આદર્શ માનવાનો ઈન્કાર કર્યો હતો.

### દિલ્હી એરપોર્ટ પરથી અમરદીપ ગ્રેવાલની ધરપકડ

અમરદીપ સિંહ ગ્રેવાલને દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ થઈ છે. એમની સામે લુકઆઉટ નોટીસ જાહેર થઈ હતી. એમની સામે થયેલા કેસોની તપાસ ઈડી કરી રહી છે.

અમરદીપ સિંહ ગ્રેવાલ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના પત્નીના કુટુંબી છે. શિરોમણી અકાલીદળના નેતા વિક્રમ સિંહ મજીઠીયાએ સોશ્યલ મીડિયા પર લખીને આ માહિતી આપી હતી. વિક્રમ સિંહ મજીઠીયાનો આરોપ છે કે ગ્રેવાલનું નામ પાંચ કરોડના બેનામી સોદા સાથે જોડાયેલું છે. ઈડીની તપાસમાં બીજી કેટલીક વ્યક્તિઓ સામે પણ પગલા લેવામાં આવી શકે છે. મજીઠીયાએ એમની પોસ્ટમાં અમરદીપ ગ્રેવાલને 'જુગનીના જીજા' કહીને કેટલાક પ્રશ્નો કર્યા છે. એમના દાવા પ્રમાણે ગ્રેવાલ સામે પહેલા લુકઆઉટ નોટીસ બહાર પાડવામાં આવી હતી. હવે ઈડીની પૂછપરછ પછી સત્ય બહાર આવશે.

### 'કાયદાકીય વ્યવસાય ઢીલાપોચા માટે નથી'

ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઇ) સૂર્યકાંતએ કાયદાનો અભ્યાસ પૂરો કરનાર વિદ્યાર્થીઓને કહ્યું હતું કે હંમેશા ન્યાયનું રક્ષણ કરો તેમ જ બંધારણીય મૂલ્યોને વફાદાર રહો. એમણે કહ્યું હતું કે, કાયદાના વ્યવસાયમાં સાહસ, પ્રમાણીકતા અને એવી વ્યક્તિઓની વાત સાંભળવી જરૂરી છે કે જેમને સાંભળવામાં નથી આવતા. સીજેઆઇ બેંગ્લુરુમાં નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી (એનએલએસઆઇયુ)ના દિક્ષાંત સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા. સીજેઆઇએ એક અગત્યની વાત કહી હતી.

'કાયદાકીય શિક્ષણ ફક્ત એકેડેમીક નામ સુધી સિમિત રહેવું જોઈએ નહીં. એમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને અલગ અલગ વિચારધારા સમજાવવાનો તેમજ સમાજ સેવા માટે તૈયાર કરવાનો છે. હું ફક્ત તમને અભિનંદન નથી આપી રહ્યો, પરંતુ મને તમારી પાસે ઘણી અપેક્ષા છે. ન્યાય અપાવવા માટે સાહાસ અને સંવેદનશીલતા જરૂરી છે. કાયદાકીય વ્યવસાય ઢીલાપોચા માટે નથી.'

## સીજેપીના

(૧૯મા પાનાનું ચાલુ)

હતી, જેથી તે કનોટ પ્લેસ ખાતની તિરંગા માર્ચમાં જોડાઈ શક્યો નહોતો. બીજીબાજુ સૌરભ દાસ અને આશુતોષ રાંકા ઈનકાર કરવા છતાં ચોરી છુપે જંતર-મંતર પહોંચી ગયા હતા અને અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કર્યો હોવાથી તેમની ન્યાયિક અટકાયત કરાઈ છે.

દરમિયાન ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ એસોસિએશન (એઆઈએસએ)ની પ્રમુખ નેહા બોરાને દિલ્હી પોલીસે શનિવારે વહેલી સવારે છોડી મૂકી હતી. દિલ્હીમાં કનોટ પેલેસ ખાતે શુક્રવારે સાંજે 'લહરા દો તિરંગા' વિરોધ માર્ચ પહેલાં નેહાની પણ અટકાયત કરાઈ હતી.

દિલ્હી પોલીસે તેને આખી રાત અજ્ઞાત સ્થળે કસ્ટડીમાં રાખી હતી અને વહેલી સવારે છોડી હતી. મુક્તિ પછી નેહા બોરાએ દિલ્હી પોલીસ અને કેન્દ્રમાં ભાજપ સરકારની આકરી ટીકા કરી હતી તથા તેની અટકાયતને 'ગેરકાયદે' ગણાવી હતી. તેણે કહ્યું, મને મંડી હાઉસમાં રખાઈ હતી. વહેલી સવારે ૫.૦૦ વાગ્યે છોડી મૂકી હતી.

અભિજિત દીપકે અને નેહા બોરા સહિત અનેક દેખાવકારોની અટકાયતના વિરોધમાં શનિવારે પણ દિલ્હીમાં આંશિક દેખાવો થાય હતા, જ્યાં દેખાવકારોએ દિલ્હી પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો.

બીજીબાજુ દિલ્હી પોલીસે કનોટ પેલેસમાં લહરા દો તિરંગા વિરોધ પ્રદર્શન બદલ પ્રતિબંધક આદેશોના ભંગ બદલ અનેક દેખાવકારો સામે અનામી એફઆઈઆર દાખલ કરી છે.

## મહિલા પત્રકારે

(૧૯મા પાનાનું ચાલુ)

તેમણે રાહુલ ગાંધી સામે એફઆઈઆર નોંધવાની માગ કરી છે. ફરિયાદમાં કહેવાયું છે કે આ ઘટના બાદ તેમને ધમકાવવામાં આવી અને ડરાવવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો હતો. પોતે ત્રણ મહિનાની ગર્ભવતી છે તેથી આ ઘટનાને ગંભીરતાથી જોવી જોઈએ તેવી તેમણે માગણી કરી હતી.

## ફોટોશોપ,

(૧૯મા પાનાનું ચાલુ)

માટે ફોટોક્રાફ્ટ, વીડિયો એડિટિંગ માટે ફિલ્મક્રાફ્ટ અને ફોટો મેનેજમેન્ટ માટે લાઈટક્રાફ્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આફ્ટર ઈફેક્ટસ, ઈનડિઝાઈન અને એક્રોબેટ જેવા સોફ્ટવેરની કોપી પણ બનાવવામાં આવી છે. ઈફેક્ટક્રાફ્ટ, ડિઝાઈનક્રાફ્ટ અને પ્રિન્ટક્રાફ્ટમાં ઓરિજનલ સોફ્ટવેર જેવી તમામ સુવિધાઓ આપવામાં આવી છે.

થોમસે એન્થ્રોપિકના ક્લોડ ઓપસ ૫.૫ એઆઈ મોડલની મદદથી આ સોફ્ટવેર ડેવલપ કર્યા છે. એરક્રાફ્ટના ટૂલ્સ ફ્રી અને ઓપન સોર્સ છે. આ નવા ડેવલપમેન્ટે સાબિત કર્યું છે કે, એઆઈની મદદથી મોંઘા સોફ્ટવેર બનાવી શકાય છે. પરંતુ, તેમને જે તે સોફ્ટવેરના સંપૂર્ણ વિકલ્પ ગણવા યોગ્ય નથી.







ગુજરાત સમાચાર

# CLASSIFIEDS | ટચુકડી જાહેરખબર

PROPERTY | MATRIMONIAL | BUSINESS | AUTOMOBILES | JOB | SERVICES

# ક્લાસિફાઈડ

Call : 8799236001/2/3

ટચુકડી જાહેરખબર હવે દરરોજ પ્રસિદ્ધ કરાય છે.

## આશ્રમરોડ

### વેચવાનું છે

વેચવાનો છે 3 B H K ફ્લેટ શાંતિનગર જૈન દેરાસરના સાનિધ્યમાં ઉસ્માનપુરા, આશ્રમ રોડ- 9913850555

વેચાણ આપવાની છે ઓફિસ 544 સ્કે. ફુટ, First Floor, હોટલ હયાત પાસે, ઈન્કમટેક્ષ, આશ્રમરોડ. 9924829041

વેચવાનો છે બંગલો 400 વારનો ઉસ્માનપુરા આશ્રમરોડ Broker 9327041600, 9974931507

વેચવાની છે ઓફિસ 3660 ચોરસ ફૂટ, રિવર ફ્રન્ટ ફેસીંગ, આશ્રમરોડ. 9426608826

વેચવાનો છે ફ્લેટ, 3 B H K, લક્ઝુરીયસ, 1 કાર પાર્કીંગ સાથે, જૈન દેરાસર નજીક, ઉસ્માનપુરા, આશ્રમ રોડ 7778044455

વેચાણ આપવાની છે ઓફીસ, 1000 ફૂટ, અલ્ટિમસ, આશ્રમ રોડ. 9825930185

વેચવાનો છે બંગલો 475 વારનો, ઉસ્માનપુરા દેરાસર નજીક. આશ્રમરોડ, PH Realtor. 9825005830/ 8460005830

### જોઈએ છે

જોઈએ છે ઓફિસ લાયક પ્લોટ 150 થી 200 વાર, સીજી રોડ, નારણપુરા, નવરંગપુરા, પાલડી, આશ્રમ રોડમાં. મો 9727717184

### ભાડે આપવાનું છે

ભાડે આપવાની છે 1500 ફૂટ ઓફિસ સમૃદ્ધિ આશ્રમ રોડ 9825355663

ભાડે આપવાની છે દુકાન, 1000 ફૂટ, ઓફિસ, ગોડાઉન લાયક, આશ્રમરોડ. 9824029059

ભાડે આપવાનો છે ફ્લેટ 4 bedoom ગ્રાઉન્ડ ફ્લોર આશ્રમ રોડ ઉસ્માનપુરા 9824060799

ભાડે આપવાની છે ઓફિસ Fully Furnished, 275 Sq. Feet, પનોરમા કોમ્પ્લેક્ષ, આશ્રમરોડ. Om Estate. 9825406422

ભાડે/ વેચાણ આપવાની છે ઓફિસ 5600 સ્કેવર ફૂટ, રેસ્ટોરન્ટ લાયક જગ્યા ટેરેસ સાથે. અલ્ટીમસ બીલ્ડીંગ, આશ્રમરોડ. દલાલ આવકાર્ય. 9898998654

## સી.જી. રોડ

### વેચવાનું છે

વેચવાનો છે ફ્લેટ, 3 B H K સમર્થ એપાર્ટમેન્ટ લો ગાર્ડન સીજી રોડ 9377177940

વેચવાની છે ઓફીસ 2630 Foot Fully furnished CG Road. 9974570002

### જોઈએ છે

જોઈએ છે. પ્લોટ, 1000 Yard, રેસીડેન્સીયલ લાયક, સીજી રોડ, પાલડી, સેટેલાઈટ. 9327014038

### ભાડે આપવાનું છે

On Rent Penthouse, 3600 Sq Feet, 4 B H K, Furnished, CG Road, Laxmi Consultants- 9328252052

તાત્કાલિક ભાડે/ વેચાણ આપવાની છે જગ્યા 3500 સ્કે ફૂટ ફુલ્લી ફર્નીશ્ડ, એલોકેટ પાર્કિંગ સાથે, પરિમલ ગાર્ડન સામે, સીજી રોડ, દલાલ આવકાર્ય, 9879788955

ભાડે આપવાની છે ઓફિસ 2227 Ft, શુકન, 203, CG રોડ. 9825089710

ભાડે/ વેચાણ આપવાની છે. ઓફિસ 1100 સ્કે. ફૂટની ફુલ્લી ફર્નિશ્ડ. વાસ્તુશાસ્ત્ર મુજબ, વેલ મેઈન્ટેન બિલ્ડીંગ, વેલે પાર્કિંગ, 24 કલાક પાણી –લિફ્ટ, સિક્યોરિટીની સુવિધા, આતિશ બિલ્ડીંગ, ગુલબાઈ ટેકરા પાસે, ઓફ સીજી. રોડ. 9824013883

ભાડે/ વેચાણ આપવાની છે, ઓફિસ, 2050 Sq. ft., ફુલ્લી ફર્નીશ્ડ, 2 પાર્કિંગ સાથે, B 403, ટાઈમ સ્કવેર, સીજી રોડ. સંપર્ક- 9302105020

ભાડે/ વેચાણ આપવાની છે, ઓફિસ, 1818 Sq. ft., ફુલ્લી ફર્નીશ્ડ, 1 પાર્કિંગ સાથે, 801, સફાયર કોમ્પ્લેક્ષ, સીજી રોડ. સંપર્ક- 9302105020

## નવરંગપુરા

### વેચવાનું છે

વેચવાનો છે ફ્લેટ 3 બેડ લક્ઝુરિયસ ફુર્નીશ્ડ 1575 ફૂટ નવરંગપુરા 8160745862

વેચવાની છે ઓફિસ, 515 Sq Ft, Golden Triangle, નવરંગપુરા, TVP- 8460115182

વેચવાનો છે પ્લોટ 1070 વાર સ્વતંત્ર 30 ફિટ રોડ નવરંગપુરા 9824001838

વેચવાનો છે ફ્લેટ 3 B H K નક્ષત્રમા મીઠાખળી નવરંગપુરા 9374240602

વેચવાનો છે. ફ્લેટ Premium 3 B H K, 311 વાર, Navrangpura. Deepak 9909032171

વેચવાનો છે સ્વતંત્ર પ્લોટ 2000 વાર, નવરંગપુરા. Mo. 9824212588

વેચવાનું છે, બેઝમેન્ટ, 2200 ચો. ફૂટ, સાર્થક કોમ્પ્લેક્ષ, સ્વસ્તિક ચારરસ્તા, નવરંગપુરા. 9825606910

વેચવાનો છે 3 બેડરૂમ ફ્લેટ. નવરંગપુરા. 6351453121. (દલાલ માફ)

વેચવાનો છે ફ્લેટ 4 બેડરૂમ, 3200 સ્ક્વેર ફૂટ, નવરંગપુરા 9429306131

વેચવાનો છે ફ્લેટ, 2 B H K, નિલયા, સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા. M. 9879746266.

વેચવાનું છે ટેનામેન્ટ વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા 6355791759

વેચવાનો છે ફ્લેટ 3 બેડનો ફુલ્લી ફર્નીશ્ડ નવરંગપુરા પ્રાઈમ લોકેશનમાં 6355791759

વેચવાનો છે 700 વારનો પ્લોટ રહેઠાણ/ ધંધાને લાયક રોડ ઉપરનો નવરંગપુરા પ્રાઈમ લોકેશનમાં 6355791759

વેચવાનો છે પ્લોટ 415 વાર સ્વતંત્ર 80 ફુટ રોડ, નવરંગપુરા. 9825612039

વેચાણ/ ભાડે આપવાનો છે ફ્લેટ 3 બેડ, હોલ, કિચન વિજય ચારરસ્તા પાસે, નવરંગપુરા 7487093995

વેચવાનું છે. ટેનામેન્ટ 3 B H K, 308 વાર પ્લોટ, સામવેદ હોસ્પિટલ પાસે, નવરંગપુરા, 9586035553

### જોઈએ છે

જોઈએ છે ફ્લેટ, 4 b h k, નવરંગપુરામાં. સંપર્ક- 9825474217

વેચાણથી જોઈએ છે પ્લોટ સ્વતંત્ર 500થી 3000 વાર નવરંગપુરા, એસ. જી. હાઈવે, બોડકદેવ, ગોતા, સેટેલાઈટ, જગતપુર, સાયન્સ સીટી. 9426016334

### ભાડે જોઈએ છે

તાત્કાલિક ભાડે જોઈએ છે મકાન નારણપુરા નવરંગપુરા દલાલ સોરી 9879406441

ભાડે જોઈએ છે ગોડાઉન લાયક જગ્યા 2000 Ft. નવરંગપુરા. 9033003290

### ભાડે આપવાનું છે

ભાડે આપવાનો છે ફ્લેટ, 2 B H K, ગ્રાઉન્ડ ફ્લોર, હું કોલેજ પાસે, નવરંગપુરા- 9898101414

ભાડે આપવાનું છે ટેનામેન્ટ, 2 B H K, નવરંગપુરા, દલાલ માફ- 9428219914

ભાડે આપવાનો છે. ફ્લેટ 4 B H K, સેમી ફર્નીશ્ડ, નવરંગપુરા. 9081744455

ભાડે આપવાની છે. ઓફિસ 800 Sq ft, ફર્નીશ્ડ, Zodiak, નવરંગપુરા. 7383561313

ભાડે/ વેચાણ આપવાની છે. ઓફિસ ફૂલી ફર્નિશ્ડ ઓફિસ 5000 સ્કે. ફુટ., બેઝમેન્ટ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા. 9427609819

ભાડે/ વેચાણ આપવાનો છે ફ્લેટ 3 બેડનો- નવરંગપુરા. શાહ એસ્ટેટ. 9974089640

ભાડે/ વેચાણ આપવાની છે જગ્યા 2700 સ્કે. ફૂટ., ઓફિસ, ગોડાઊન લાયક, ગ્રાઉન્ડ ફ્લોર ઉપર, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા. 9427609819

For Rent Flat 3 B H K, Fully Furnished, Nr. By Vijay Cross Road, Navrangpura, Size 2150 Sq. Ft., Yavi Realty 9265985527

બાડે આપવાની છે દુકાન મોકાની 1200 ફુટ પહેલો માળ રોડ ફેસિંગ 60 પુટ સાઈનેજ સ્ટેડીયમ નવરંગપુરા. 9408720527, 9328675378

ભાડે આપવાની છે દુકાન ગ્રાઉન્ડ ફલોર 500 sq. Ft. કોર્નરની ફાસ્ટ ફુડ લાયક સ્ટેડીયમ નવરંગપુરા. 9408720527, 9328675378

ભાડે આપવાની છે ઓફીસ 500 ફુટ દરેક ધંધા લાયક પેહલો માળ, રોડ ફેસિંગ નવરંગપુરા. 9408720527

ભાડે આપવાનો છે ફ્લેટ 4 બેડ, હોલ, કિચન કોમર્સ છ રસ્તા પાસે, નવરંગપુરા 7487093995

## એલીસબ્રીજ

### વેચવાનું છે

વેચવાની છે દુકાન મેઈન રોડ ઉપર એલિસબ્રિજ, મોં. 9374074917

વેચવાનો છે 3 B H K ફ્લેટ, ફર્નીશ્ડ, લો- ગાર્ડન, એલિસબ્રિજ. 9426519565

## આંબાવાડી

### વેચવાનું છે

વેચવાનો છે ફ્લેટ અર્જન્ટ 3 B H K આંબાવાડી, 6357766559

વેચવાનો છે બંગલો 5 બેડ પ્લોટ 400 વાર કાર્પેટ બાંધકામ 200 વાર ગુલબાઈ ટેકરા પાસે આંબાવાડી 9104452244

વેચવાનો છે પ્લોટ 200 વાર આઝાદ સોસાયટીમાં પ્રાઈમ લોકેશન આંબાવાડી 9104452244

વેચવાનો છે ફ્લેટ 3 બી. એચ. કે પંચવટી સર્કલ પાસે, આંબાવાડી. 8160469889- 9925074211

વેચવાનો છે બંગલો 300 વાર કારપેટ પ્લોટ, નેમીનાથ સોસાયટી, નહેરૂનગર, આંબાવાડી. 9228148400

વેચવાનો છે ફ્લેટ, 3 બેડરૂમ, ફર્નિશ્ડ, BSNL નજીક, આંબાવાડી. 9825729590

અર્જન્ટ વેચાણ/ ભાડે આપવાની છે. જગ્યા, 1000 Ft. ઓફિસ, ક્લાસ, ગોડાઉન લાયક. CN પાસે, આબાંવાડી- 9374162944

વેચવાનો છે ફ્લેટ, 3 બેડરૂમ, 255 વાર, Fully Furnished, જૈન દેરાસર નજીક, નહેરૂનગર, આંબાવાડી- 6353542235

વેચવાનો છે પ્લોટ 410 વાર રેસિડન્ટ લાયક હિંમતલાલ પાર્ક આંબાવાડી Radhekrushna Real Estate 8469315719

વેચવાની છે દુકાન 400 Sq. Ft માણેકબાગ મેઈન રોડ ટચ (દલાલ માફ) 9825066588

વેચવાનો છે. ફ્લેટ 3 B H K, 195 વારનો, પ્રાઈમ લોકેશન, Swara Sapphire- 2, આંબાવાડી 9898388228

વેચવાનો છે. ફ્લેટ 3 B H K, 186 Sq Yards Carpet, આંબાવાડી, પ્રગ્નેશ રાવલ આદિત્ય પ્રોપર્ટી. 8980631896

For Sale /Rent Office 1300 Ft, Semi Furnished, University Road, Gulbai Tekra, Ambawadi. 7984920945 The Real Estate Connect

For Sale Showroom First Floor, 3744 Ft, West Facing, Nehrunagar Road, Ambawadi 7984920945 The Real Estate Connect

વેચવાનો છે ફ્લેટ, 2 B H K, આંબાવાડી. બ્રોકર. 9327798654

વેચવાનો છે ફ્લેટ, 2 બેડરૂમ, હોલ, કીચન. સનફોટોની સામે, નહેરૂનગર, આંબાવાડી. M. 9909011555.

વેચવાનો છે પ્લોટ, 520 વાર, શ્રેયસ ફાઉન્ડેશન પાસે, આંબાવાડી. Shree Siddhi Realty. 9898688899.

વેચવાનો છે સ્વતંત્ર પ્લોટ 400 વારનો, ક્લિનિક, Office લાયક, આંબાવાડી 9904520322 (દલાલ માફ)

વેચવાનું છે પેન્ટ હાઉસ, 4 B H K, ફુલ્લી ફર્નિશ્ડ, આંબાવાડી. 9327010458

વેચવાનો છે ફ્લેટ 3 B H K, ફર્નિશ્ડ, પરિમલ, આંબાવાડી- 9033040879

### જોઈએ છે

વેચાણથી જોઈએ છે પ્લોટ 400થી 500 વાર, માણેકબાગ, તપોવન, સત્યાગ્રહ છાવણી. આંબાવાડી. 9426016334

### ભાડે જોઈએ છે

ભાડે જોઈએ છે ફ્લેટ IDBI ફેમીલીને સેટેલાઈટ, નવરંગપુરા, આંબાવાડી. 9428106121

ભાડે જોઈએ છે 4 B H K બંગલો/ ફ્લેટ, આંબાવાડીમાં- 7984912888

### ભાડે આપવાનું છે

ભાડે આપવાનો છે ફ્લેટ, 2 B H K, સેમી ફર્નિશ્ડ, ટેરેસ રાઈટ સાથે, રહેણાંક/ બેંક/ ઓફિસ લાયક, A/ 10, શીતલ એપાર્ટમેન્ટ, હીરાબાગ રેલવે ક્રોસિંગ પાસે, અંબાવાડી- 9099031222

ભાડે આપવાની છે દુકાન, 3000 ફૂટ, ઓફિસ, ગોડાઉન લાયક, નહેરૂનગર, આંબાવાડી. 9824056344

ભાડે આપવાનો છે શોરૂમ 775 ફુટ ગ્રાઉન્ડ ફ્લોર નહેરુનગર આંબાવાડી 9824353773

ભાડે/ વેચાણ આપવાની છે ઓફિસ B/ 518, ગોપાલ પેલેસ, 1798 સ્કવેર ફૂટ, નહેરુનગર આંબાવાડી, 9979078587

ભાડે આપવાનો છે ફ્લેટ, 1 બેડરૂમ, આંબાવાડી, બ્રોકર 7383811934

ભાડે આપવાનો છે ફ્લેટ, 3 બેડરૂમ, ફર્નિશ્ડ, આંબાવાડી, બ્રોકર 9327798654

ભાડે આપવાનો છે ફ્લેટ 4 B H K, સેમી ફર્નીશ્ડ, આંબાવાડીમાં. 9426519565

For Rent Flat 4 B H K, Semi Furnished, University Road, Nr. By Panjra Pole, Cross Road, Ambawadi. Size 4700 Sq. Ft., Yavi Realty 9265985527

For Rent Flat 4 B H K, Semi Furnished, Nr. By Nehrunagar Circle, Manekbaug, Ambawadi. Size 3200 Sq. Ft., Yavi Realty 9265985527

## પાલડી

### વેચવાનું છે

વેચવાનો છે ફ્લેટ સાફલ્ય 3 B H K, 240 વાર, સિનિયર સીટીઝન પાર્ક, ધરણીધર દેરાસર, પાલડી. પર્સનલ સોલર 9023720263

વેચવાનો છે ફ્લેટ, 3 B H K, 211 વાર, ફુલ હવા ઉજાસ, શાંતિવન, પાલડી. M. 9724167190

વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ- હોલ- કિચન, ફર્નિશ્ડ. પરિમલ દેરાસર નજીક, પાલડી. દલાલ માફ. 9427327521, 7874135392.

વેચવાનો છે ફ્લેટ. 2 બેડરૂમનો, ફુલ્લી ફર્નિશ્ડ. દેરાસર પાસે, મહાલક્ષ્મી, પાલડી. 7016679990.

વેચવાની છે ઓફિસ 565 ચોરસ ફૂટ, (52.49 ચોરસ મીટર) 808, સિલ્વરઓક બિલ્ડીંગ 8મા માળે, ફર્નિચર સાથે લીફ્ટ, મેઈન રોડ પ્રાઈમ લોકેશન મહાલક્ષ્મી ચાર રસ્તા પાલડી રાજેશભાઈ- 7698814103 અજયભાઈ- 9714150250

વેચવાનો છે ફ્લેટ, 3 બેડ લક્ઝુરીયસ ફર્નિશ્ડ, જૈન દેરાસર પાસે, પાલડી. 8866500081

વેચવાનું છે. પેન્ટહાઉસ 300 વારનું, પાલડી. 9879795252

વેચવાનો છે ફ્લેટ 3 B H K, 215 વાર, ફુલ્લી ફર્નિશ્ડ, જૈનનગર, પાલડી. 9409618235

વેચવાનું છે ટેનામેન્ટ 2 માળનું 4 B H K, પાલડી 9327482722 9978889959

વેચવાનો છે પેન્ટહાઉસ, 3 બેડરૂમ પુષ્કર 4 વીતરાગ દેરાસરની સામે પાલડી Jp estate 9327482722

વેચવાનો છે ફ્લેટ 3 B H K દેરાસરની બાજુમાં, Sunrise Elegance, પાલડી 9824004409

**અરજન્ટ વેચવાનો છે**
**610 વાર પ્લોટ**
**અશોકનગર પાલડી**
**99252 67856**

વેચવાનો છે બંગલો 5 બેડ, 470 વાર પ્લોટ ભઠ્ઠા પાલડી 9316739531 (દલાલ માફ)

વેચવાનો છે તાત્કાલિક ફ્લેટ 4 B H K જૈન મરચન્ટ પાલડી 9824933256

વેચવાનો છે ફ્લેટ 2 B H K જૈનદેરાસર પાસે પાલડીમાં 9974919171

વેચાણ /ભાડે આપવાનો છે ફ્લેટ 3 બેડ ફર્નિચર સાથે વિકાસગૃહ પાલડી 9913833374

વેચવાનો છે બંગલો જૈન લોકાલિટી પાલડી 9924226429 દલાલ માફ

વેચવાનો છે ફ્લેટ વીતરાગ સોસાયટી શાંતિવન પાલડી મહાનિધિ રીયલ્ટી 9825553445

વેચવાનો છે ફ્લેટ 225 વાર, 3 B H K ફુલ્લી ફર્નિશડ, લક્સયુરિયસ, સુવિધા મહાલક્ષ્મી, પાલડી, 9227216177 અરુણ ગાંધી

વેચવાનો છે, ફ્લેટ 4 B H K, 435 વાર, સર્વન્ટ રુમ સાથે, દેરાસરની બાજુમાં, વિકાસ ગૃહ રોડ, પાલડી, સંપર્ક- 8128495312.

વેચાણ આપવાનો છે. સ્પેશિયસ ફ્લેટ 4 બેડરૂમ, પાલડી. 9104376209

વેચવાનો છે ફ્લેટ, 2 B H K Fully Furnished જૈનનગર પાલડી 9638800707

વેચવાનો છે ફ્લેટ 3 B H K, જૈન દેરાસર, શુભ આશિષ, પાલડી 9016499361

વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમનો, જૈન નગર, વસંતકુંજ દશાપોરવાડ સોસાયટી વિસ્તારમાં, પાલડી. 9427601773

વેચવાનો છે રેસિડેન્શિયલ પ્લોટ 2048 વાર, પાલડી 7861802909 The Real Estate Connect

For Sale/ Rent Showroom 1167 Ft, Ground Floor, Onyx -2, Paldi 7984920925 The Real Estate Connect

વેચવાની છે, ગ્રાઉન્ડ ફ્લોર શોપ, 500 ચો. ફૂટ, સુમેર કોમ્પ્લેક્ષ, સુવિધા ચારરસ્તા, પાલડી. 9825606910

વેચવાનું છે ફ્લેટ, 1 B H K, જૈન દેરાસર પાસે, પાલડી. 9376169823

વેચવાનો છે 3 B H K, ફ્લેટ, લકઝુરીયસ, 1 કાર પાર્કીંગ સાથે, જૈન દેરાસર વાળી બિલ્ડીંગમાં, River front View, પંકજ સોસાયટી, પાલડી. 7778044455, 7383317501

વેચવાનો છે બંગલો, 690 વાર, પંકજ સોસાયટી, 50 ફૂટ રોડ ઉપર, ભઠ્ઠા પાલડી. 7778044455

વેચવાનો છે ફ્લેટ 3 બેડ લકઝુરિયસ ફર્નિશ્ડ જૈનનગર પાલડી. બ્રોકર- 9408881294

વેચવાનો છે 3 B H K ફ્લેટ 300 વાર, પાર્કિંગ સાથે, પાલડી, CA Realtors- 8401411929

વેચવાનું છે. ફ્લેટ, 2 B H K, 85 વાર, પાલડી. 9586035553

### જોઈએ છે

ભાડે /વેચાણ જોઈએ છે 2, 3, 4 બેડ ફ્લેટ પાલડી વાસણા. 7778010864

### ભાડે જોઈએ છે

ભાડે જોઈએ છે ફ્લેટ, બંગલો, ટેનામેન્ટ, 1, 2, 3, 4, 5, B H K પાલડી. Broker 7405444563, 9824782641

ભાડે/ વેચાણ જોઈએ છે ફ્લેટ, બંગલો, દુકાન, ઓફીસ પાલડી, વાસણા અર્હમ પ્રોપર્ટીસ 9173677878

### ભાડે આપવાનું છે

ભાડે આપવાની છે દુકાન રોડટચ ગ્રાઉન્ડ ફ્લોર મહાલક્ષ્મી પાલડી 9879149955

ભાડે આપવાનો છે ફ્લેટ, 3 બેડ, જૈનનગર, પાલડી. 9824056344- 8866500081

ભાડે આપવાનો છે પેન્ટ હાઉસ 3 બેડ ફર્નીશ્ડ ધરણીધર પાસે, પાલડી 9316739531 (દલાલ માફ)

ભાડે આપવાનો છે ફ્લેટ 3 બેડ ફર્નીશ્ડ વિકાસગૃહ પાલડી 9408489912 (દલાલ માફ)

ભાડે આપવાની છે ઓફિસ 200 ફૂટ લિફ્ટ ત્રીજો માળ ભઠ્ઠા પાલડી 9316739531

ભાડે આપવાનો છે ફ્લેટ, 3 બેડ પાલડી. Space Unlimited 7284001166, 7069001166

ભાડે આપવાની છે ઓફિસ, 470 ફૂટ, અંજલી ચાર રસ્તા, પાલડી 9909911285

ભાડે/ વેચાણ આપવાની છે 1240 ચોરસ ફુટ ઓફિસ Arithanemi Nexus 1 પાલડી. 9725590595

ભાડે આપવાનો છે ફ્લેટ 2 b h k ગ્રાઉન્ડ ફ્લોર ઓફીસ/ ગોડાઉન માટે ચંદ્રનગર પાલડી અર્હમ પ્રોપર્ટીસ 9898858433

## વાસણા

### વેચવાનું છે

વેચવાનો છે પ્લોટ 220 વારનો વાસણામાં દલાલ માફ 9427600682

વેચવાનું છે ટેનામેન્ટ 300 વારનો પ્લોટ, વાસણા. દીપક બ્રોકર. 9925344526

વેચવાનો છે બંગલો 3 B H K ફુલ્લી ફર્નિશ વાસણા દલાલ માફ 9624107676

વેચવાની છે દુકાન ગ્રાઉન્ડ ફ્લોર 330 ફુટ કાર્પેટ વાસણા મહાનિધિ રીયલ્ટી 9825553445

વેચવાનો છે ફ્લેટ તાત્કાલિક 102 વાર, 3 B H K, ફુલ્લી ફર્નિશ્ડ, ધમરસિક દેરાસરના સાનિધ્યમાં, વાસણા, 9725635396

વેચવાનો છે બંગલો 400 વાર, ધરણીધર દેરાસર પાસે, વાસણા. 8671003737

વેચવાનો છે ફ્લેટ 2 B H K ન્યુ વાસણા 9879919322

વેચાણ આપવાનો છે 2 B H K ફ્લેટ 145 વાર, જવાહરનગર દેરાસર પાસે, વાસણા. Navkar Property 8866003366

વેચવાનો છે બંગલો 305 વાર રોડ ટચ બંસીધર સોસાયટી ગાર્ડનની સામે વાસણા 9825080009

### ભાડે આપવાનું છે

ભાડે/ વેચાણ આપવાનો છે ફ્લેટ 2 બેડ વાસણા ફર્નિશડ 9879834196

ભાડે આપવાનો છે ઓફિસ/ રેસીડેન્સ લાયક Bunglow વાસણા 9824028484

તાત્કાલિક ભાડે આપવાનો છે ફ્લેટ 3 B H K વાસણા. 9428730149, 7383586210

ભાડે આપવાનો છે ફ્લેટ- 3 B H K ફુલ્લી ફર્નિશ્ડ, બીજે માળે, લિફ્ટ વગર, ધરણીધર દેરાસર પાછળ, વાસણા (M) 9898047182

ભાડે આપવાની છે દુકાન ધરણીધર ચાર રસ્તા પાસે વાસણા 8488069177

ભાડે આપવાનો છે ટેનામેન્ટ 3 b h k અનફર્નિશ્ડ વાસણા અરિહંત સોસાયટી અર્હમ પ્રોપર્ટીસ 9737737575

## જીવરાજપાર્ક-વેજલપુર

### વેચવાનું છે

વેચવાનો છે ફ્લેટ 2 B H K, બકેરી સીટી, વેજલપુર. 9898305495

વેચવાનો છે ફ્લેટ 2 બેડરૂમ, પેહલા માળે, એલોટેડ પાર્કિંગ, વિનસ પાર્કલેન્ડ વેજલપુર. 9662042317, 9998846217

વેચવાની છે ઓફિસ 1001 સ્કવેર ફીટ, સમસ્તા આર્કેડ, વેજલપુર, 9898746042, 9023152309 જલારામ

વેચવાનો છે ફલેટ 2 B H K બકેરી સિટી, વેજલપુર Broker 9824120981

વેચવાનું છે ટેનામેન્ટ વેજલપુર. દલાલ માફ. 9825763749

### ભાડે જોઈએ છે

ભાડે /વેચાણ જોઈએ છે દુકાન 200 સ્કેવર ફૂટની ગ્રાઉન્ડ ફ્લોર/ પહેલે માળે વાસણા, વેજલપુરમાં 7383949768

### ભાડે આપવાનું છે

ભાડે આપવાનું છે ટેનામેન્ટ 2 બેડ જીવરાજપાર્ક હિમાની એસ્ટેટ 9427000168

ભાડે આપવાનો છે ફ્લેટ 2 B H K ફુલ્લી ફર્નીશ્ડ ઓન્લી ફોર ફેમિલી. શ્રીનંદનગર વિભાગ- 3, વેજલપુર. બ્રોકર માફ. 9376101755

## સરખેજ

### વેચવાનું છે

For Sale Flat, 3300 Sq Ft, Swati Premier, Linkin Road, Sarkhej -6353074596 The Real Estate Connect

### ભાડે આપવાનું છે

ભાડે આપવાનું છે. ગોડાઉન 1250 સ્ક્વેર ફૂટ, ઉજ્જલા સર્કલ, સરખેજ, 8758891951

## મકરબા

### વેચવાનું છે

વેચવાનો છે ફ્લેટ, 1 B H K, પહેલા માળે, નજરાના વાળી ગલીમાં, પોલીસ હેડ કવાર્ટર્સ પાસે, પ્રધાનમંત્રી આવાસ યોજના મકરબા. 9998840585

વેચવાનો છે પ્લોટ 936 વાર TP 204 R3 ઝોન, મકરબા 9924185065

વેચવાનો છે પ્લોટ 2500 વાર કર્ણાવતી ક્લબ પાછળ ઝવેરી સર્કલ મુમતપુરા મકરબા 9515016555

## સેટેલાઈટ

### વેચવાનું છે

વેચવાનો છે. લક્ઝુરિયસ બંગલો 4 Bedroom, 425 વાર, ફર્નિશડ, પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઇટ, 9624412866

વેચવાની છે. ઓફિસ, ફર્નિશડ, 220 Sq ft નહેરુનગર, સેટેલાઈટ, 7874070345

વેચવાનો છે ફ્લેટ 3 Bedroom, સેટેલાઈટમાં રાજ એસ્ટેટ. 9925017399, 9925010399

તાત્કાલિક વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ સ્પેસિયએસ/ વેન્ટિલેટેડ સેટેલાઈટ 9327727319

વેચવાનું છે ટેનામેન્ટ સ્ટાર બઝારની બાજુમાં, પાયલ પાર્ક સોસાયટી, સેટેલાઈટ, 9427337633

વેચવાનો છે ફ્લેટ 2 બેડરૂમ હોલ કીચન, સેમી ફર્નીશ્ડ, લો રાઈઝ, લીફ્ટ વગર, જોધપુર ગામ, સેટેલાઈટ 9106403525, 9327064315

વેચવાનો છે ફ્લેટ 2 B H K, ફુલ્લી ફર્નિશ્ડ, અગ્રવાલ એપાર્ટમેન્ટ, સેટેલાઈટ. 9375807078

વેચવાનો છે ફ્લેટ, 2 બેડરૂમ, ફર્નિશ્ડ, અગ્રવાલ ટાવર, સેટેલાઈટ. 9825729590

For Sale Flat, 3 Bedroom, 1580 Feet, Alloted Parking, Satellite. 8320809454

For Sale Flat, 4400 Sq Feet, 4 B H K, Fully Furnished, Keshavbaug, Satellite, Laxmi Consultants- 9328252052

વેચવાનું છે પેન્ટ હાઉસ, 5 બેડ, લક્ઝુરીયસ ફર્નિશ્ડ, પ્રહલાદનગર, સેટેલાઈટ. 8866500081

For Sale flat 4 B H K 3860 Ft satellite 9898631454

વેચવાનો છે પ્લોટ 1500 વાર સત્યાહગ્રહ છાવણી સેટેલાઈટ 9316739531 (દલાલ માફ)

વેચાણ આપવાનું છે રોહાઉસ 25 સિદ્ધિ વિનાયક રોહાઉસ શ્યામલ બ્રિજ પાસે, તિરુપતિ કોમ્પ્લેક્સની પાછળ સેટેલાઈટ 9825262512

વેચવાની છે office 2000 sq. ft. Prahladnagar સેટેલાઈટ 7069837573

વેચવાનો છે ફ્લેટ, 2 B H K, ફર્નિશ, A 19, શિવાનંદ એપાર્ટમેન્ટ, રામદેવનગર, સેટેલાઈટ 9898578743

વેચવાનો છે ફ્લેટ, 3 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, વિશાલ રેસીડેન્સી, સેટેલાઈટ- 9913990089

વેચવાનો છે, ફલેટ, 4 B H K, 420 વાર પેન્ટ હાઉસ, ટેરેસ રાઈટ સાથે, પાર્થસાર્થી એવન્યુ, બીલેશ્વર મંદીર સામે, સેટેલાઈટ. 7874199831.

વેચવાનો છે બંગલો 3 બેડ 225 વાર પ્રહલાદનગર, સેટેલાઈટ. 9104819098

વેચવાનો છે ફ્લેટ 4 બેડ ફુલ્લી ફર્નીશ્ડ 2675 Sq. Ft. સેટેલાઈટ 7990601049

વેચવાનો છે બંગલો 3 બેડ શીવાલીક, સેટેલાઈટ. Daksh Realtors 9879799939

વેચવાનો છે. બંગલો 4 B H K Fully Furnished, પ્લોટ 285 વાર, બાંધકામ 330 વાર, સેટેલાઈટ. Aditya Property. 8905054254

વેચવાનો છે. ફલેટ 4 B H K, 2500 ફુટ કારપેટ, શિવરંજની નહેરુનગર, સેટેલાઈટ, પાંચાણી રીઆલ્ટી. 9712921524

વેચવાનો છે બંગલો 300 વાર શ્યામલ ચાર રસ્તા પાસે સેટેલાઈટ 8671003737

વેચાણ આપવાનું છે ટેનામેન્ટ 229 વારનું જોધપુર સેટેલાઇટ. અર્હમ પ્રોપર્ટીસ- 9173677878

વેચવાનો છે શોરૂમ, 1400 ફુટ કાર્પેટ, ગ્રાઉન્ડ ફ્લોર પ્રહલાદનગર, સેટેલાઈટ 7861802909 The Real Estate Connect

વેચવાનો છે પ્લોટ 500 વાર સેટેલાઈટ 6352984811 The Real Estate Connect

વેચવાનો છે બંગલો 4 B H K ફર્નીશ્ડ 570 વાર પ્લોટ પ્રહલાદનગર, સેટેલાઈટ 9099968039 The Real Estate Connect

વેચવાની છે ઓફિસ 5500 ફુટ ફૂલી ફર્નીશ્ડ સેટેલાઈટ 7984920945 The Real Estate Connect

વેચવાનો છે પ્લોટ, સત્યાગ્રાહ છાવણીમાં, 511 વાર, બંગલો લાયક, સેટેલાઈટ, 9099401419

વેચવાનો છે બંગલો, 4 બેડ, 250 વાર પ્લોટ, પ્રહલાદનગર, સેટેલાઈટ, બ્રોકર- 9825292391, 9879292391

વેચવાનો છે ફ્લેટ 2 બેડરૂમ શુભદર્શન પ્રેરણાતીર્થ સેટેલાઈટ બ્રોકર 9426743238

વેચાણ આપવાનો છે, ફ્લેટ, 3 B H K, 185 વાર, સેટેલાઈટ. 9558254440

વેચવાનો છે બંગલો 950 વાર પ્લોટ, 550 વાર બાંધકામ, સારી ગેટેડ સોસાયટીમાં, શિવરંજની ચાર રસ્તા, સેટેલાઈટ- 9825018819

વેચવાનો છે ફ્લેટ, 3 B H K, ફર્નિશ્ડ, લોરાઈઝ, 165 વાર, પ્રાઈમ લોકેશન, ચોથો માળ, શ્યામલ ચારરસ્તા, પારેખ હોસ્પિટલ પાસે, સેટેલાઈટ. મોબાઈલ. 9173022019. (Broker)

વેચવાનો છે ફ્લેટ, 4 B H K, 3224 ચો. ફૂટ. Emberlynn-3, સેટેલાઈટ. 9974910224.

વેચવાનો છે ફલેટ, 4 B H K, 3100 sq. ft. Ratnaakar Caledonia, સેટેલાઈટ. Coldwell Banker. 9512370011.

વેચવાનો છે ફ્લેટ 3 બેડ નહેરુનગર પાસે, પ્રાઈમ લોકેશન સેટેલાઈટ 6355791759

વેચવાનો છે ફ્લેટ 5 B H K ગ્રાઉન્ડ ફ્લોરનો, રોડટચ, રેસિડેન્સ/ ઓફિસ લાયક., સેટેલાઈટ.- 9426329360

વેચાણ/ ભાડે આપવાની છે ઓફિસ 4115 Sq. Ft.ની, ફુલ્લી ફર્નિશ્ડ, કોન્ફરન્સ રૂમ તથા પર્સનલ પાર્કિંગ. મૌર્યાંશ, શ્યામલ ચારરસ્તા, સેટેલાઈટ. WhatsApp ચિંતન પટેલ- 9099921163

વેચવાનો છે ફ્લેટ, 1875 Sq. Feet. ફર્નિશ્ડ, પ્રેરણાતીર્થ દેરાસરની બાજુમાં, સેટેલાઈટ. 9825304051

### જોઈએ છે

વેચાણ જોઈએ છે ઓફિસ, 900 થી 1200 સ્કે. ફીટની, શ્યામલ ચાર રસ્તા નજીક, સેટેલાઈટ. 9313165527

જોઈએ છે ફ્લેટ, 3 B H K. સેટેલાઈટમાં. Coldwell Banker. 9512370011.

### ભાડે આપવાનું છે

ભાડે આપવાનો છે flat 3 બેડરૂમ હોલ કીચન, Furnished, સેટેલાઈટ ફકત ફેમીલી બ્રોકર 9714944233

ભાડે આપવાનો છે ફ્લેટ 2 બેડ ફર્નીશ્ડ, સેટેલાઈટ બ્રોકર 9725196220

ભાડે આપવાની છે શોપ- 1500 ફૂટ ફસ્ટ ફ્લોર શિવરંજની ચારરસ્તા, સેટેલાઈટ- 7096071555

ભાડે આપવાની છે ઓફિસ 225 ફૂટ ફસ્ટ ફ્લોર સેટેલાઈટમાં 9427600682

ભાડે આપવાનો છે ફ્લેટ, લક્ઝુરીયસ, 4 બેડરુમ, ફર્નિશ્ડ, સેટેલાઈટ. Swastik Properties 9712384441

On Rent Flat, 4 Bed, Mayfair, Shivranjani, Satellite- 9898023574

ભાડે આપવાની છે ઓફિસ, 2000 સ્કેર ફૂટ, સુપર બિલ્ટપ, ફુલ્લી ફર્નિશ્ડ, ઈન્દ્રપ્રસ્થ કોર્પોરેટ, શેલ પેટ્રોલ પંપની સામે, પ્રહલાદનગર, સેટેલાઈટ- 9825072340

ભાડે આપવાનો છે ફ્લેટ 3 બેડ ફુલ્લી ફર્નીશ્ડ જોધપુર સેટેલાઈટ 9316739531 (દલાલ માફ)

ભાડે આપવાનો છે ફ્લેટ 3 બેડ Luxurious furnished/ unfurnished સેટેલાઈટ 9824459000 દલાલ માફ

ભાડે આપવાનો છે ફ્લેટ 3 B H K જોધપુર રોડ, સેટેલાઈટ 6352984811 The Real Estate Connect

For rent Flat 3 bedroom furnished prernatirth star bazar satellite broker 9426743238

વેચાણ/ ભાડે આપવાનો છે ફ્લેટ 4 B H K, ફર્નિશ્ડ, સ્ટાર બજાર પાછળ, સેટેલાઈટ- 9825018819

ભાડે આપવાની છે ઓફિસ 629 Sq. Ft. ફુલ્લી ફર્નિશ્ડ એટેચડ વોશરૂમ, પેન્ટ્રી, પાર્કિંગ, (દલાલ આવકાર્ય,) પેલેડિયમ કોમ્પ્લેક્સ, કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર, સેટેલાઈટ. 9327011175.

ભાડે આપવાનો છે બંગલો, ફર્નિશ્ડ 3 B H K માણેકબાગ, શ્યામલ, સેટેલાઈટ 9426865900

For Rent Showroom 1500 Ft, Satellite 9913622281 The Real Estate Connect

## બોપલ-ઘુમા

### વેચવાનું છે

For Sale Plot 400 Yard Green City Bopal Asset Procon. 9898908041

For Sale Plot 550 Yard Shangrila Village Bopal Asset Procon. 9898908041

For Sale Plot 282 Yard 2 Road Corner South Bopal Asset Procon. 9898908041

વેચવાનો છે ફ્લેટ 1700 ફૂટ, સફલ પરિસર રોડ, સાઉથ બોપલ 9924621294

વેચવાનું છે. પેન્ટહાઉસ, 3 બેડરૂમ, વકીલ બ્રિજ, આંબલી પાસે, બોપલ, દલાલ માફ, 7490919789

વેચવાનો છે પ્લોટ 600 વાર ગ્રીન સિટી, ઘુમા. Wright Properties, 9909951506

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા બાવળા ના મેમર ગામ ની સીમના ખાતા નં ૬૫૯ ના બ્લોક/સર્વે નં ૯૬ (જુના બ્લોક/સર્વે નં ૬૩) ની કુલ હે.આરે.ચો.મી. ૨-૬૪-૩૦ પૈકી ૧-૨૮-૧૫ ચો.મી. ખેતી ની જમીન વાળી મિલકત જોરૂભાઇ લધાભાઇ પટેલ ની માલીકી, કબજા-ભોગવટાની કોઇ પણ પ્રકારના બોજા રહિતની આવેલ છે, તથા અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરી અમારી પાસે ઉપરોકત જમીનમાં અમો પાસે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ માંગેલ છે. તો સદરહુ મિલકતમાં કોઇ પણ બેંક, શખ્સ, વ્યકિત, સંસ્થાનો લાગભાગ, ભરણ-પોષણનો કે અન્ય કોઇ પણ પ્રકારનો હકક હિત હિસ્સો પોષાતો હોય તો નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવા સહિત રજી. એડી. થી જાણ કરવી. ત્યારબાદ કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહિ અને ટાઇટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે તે જાણવું.

તારીખ: ૧૮-૧૦-૨૦૨૬

**મંથન અજીતકુમાર રાવલ**
**(એડવોકેટ અને નોટરી)**
ઓફિસ નં ૬૦૩, શિવાલીક સત્યમેવ, એસ.પી. રીંગ રોડ જંકશન, આંબલી, અમદાવાદ - ૩૮૦૦૫૮
મો - ૯૬૨૪૦ ૮૬૬૪૪

## જાહેર નોટિસ

**મોજે - ઈશ્વરપુરા**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણા સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે ઈશ્વરપુરા ગામની સીમના રી-સર્વે મુજબ નવા (એ) સર્વે નં.૫૦ (જુના સર્વે નં.૧૬ પૈકી ૧ / પૈકી ૧) ની હે.આરે.ચો.મી. :૧-૦૧-૫૮ ની ખેતીની જમીન પટેલ વાસુદેવભાઈ કરશનભાઈ તથા (બી) સર્વે નં.૨૮ (જુના સર્વે નં.૧૬ પૈકી ૧૪પૈકી ૨) ની હે.આરે.ચો.મી. : ૦-૮૩-૩૧ ની ખેતીની જમીન પટેલ તરૂણભાઈ કરશનભાઈની માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૮-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**ગામ - આદ્રજ**

ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ મહેસાણાના તાલુકે કડીના મોજે ગામ-આદ્રજની સીમના ખાતા નં.૩૩૮ ના રી-સર્વે/બ્લોક નં.૭૯૯ (જુના સર્વે/બ્લોક નં.૪૦૦/૨) ની હે.આરે.ચો.મી.૦-૦૯-૦૯ યાને કે ૯૦૯ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીનના માલીક કબજેદાર (૧) ઠાકોર વેલાજી ફતાજી (૨) ઠાકોર છનાજી ફતાજી (૩) કંચનબેન સોમાજી ઠાકોર (૪) ભીખીબેન ભીખાજી ઠાકોરનાઓ હોવાનું જણાવી તેઓએ અમો પાસેથી ઉપરોકત જમીનના માલીક કબજેદાર હોવા અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીનમાં ઉપરોકત જમીન માલીકો સીવાય અન્ય કોઈના કોઈપણ જાતના લાગભાગ, હકક, હિત, હિસ્સા, લીયન બાનાખત, દાવા, બોજા, વેચાણના અગર અન્ય કોઈપણ જાતના હકકો આવેલા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજીસ્ટર્ડ એ.ડી.થી નીચેના સરનામે જાણ કરવી જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીનમાં અન્ય કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સા, દાવા, બોજા કે અન્ય કોઈજાતના હકકો આવેલા નથી અને હોય તો તે જતા યાને કે વેવ કરેલ છે તેમ માની મુદ્દત વિતે સદરહુ જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમારા અસીલના કહેવા મુજબ ઈસ્યુ કરવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહિ તેની નોંધ લેવી.

અમદાવાદ તા.૧૮.૧૦.૨૦૨૬

**Rahul V. Patel**
**(Advocate)**
**Office Address :-**
G-606, Shree Vishnudhra Homes, B/h.Vodafone Tower, Gota, Ahmedabad-382481.
Mo.9727358565

## જાહેર નોટિસ

આથી અમારા અસીલની સુચના અને ફરમાઇસથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે જત રજીસ્ટ્રેશન-ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૭ (ઓઢવ) ના મણિનગર તાલુકાના ગામ મોજે રાજપુર-હિરપુરની સીમમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૪ ના ફા.પ્લોટ નં. ૫ ની જમીન ઉપર આવેલ ''બાવન કો.ઓ.હા.સો.લી.'' માં આવેલ ટેનામેન્ટો પૈકી ટેનામેન્ટ નં. ૧૬ વાળી મિલકત નરેન્દ્રભાઇ દુધાભાઇ મકવાણા ના નામે શેર સર્ટિફિકેટ નં. ૨૧ તા.૨૦-૬-૧૯૯૦ ના રોજ ઇશ્યુ કરેલ જે સદર શેરસર્ટિફિકેટ તથા તેની સાથેના તમામ કાગળો અમારા અસીલની ભુલથી અને શરતચુકથી કયાંક ખોવાઇ ગયેલ છે જે ખુબજ શોધ ખોળ કરવા છતા મળી આવેલ નથી જે સદર શેરસર્ટિફિકેટ નં. ૨૧ ઉપર તથા તેની સાથેના તમામ કાગળો ઉપર કોઇપણ વ્યકિત કે સંસ્થા કે બેંક પાસેથી કોઇપણ પ્રકારની લોન મેળવેલ નથી તેમ છતાં તેવી કોઇપણ પ્રકારની લોન કે બોજો મળી આવે તો તે અંગેની સંપુર્ણ તમામ જવાબદારી શ્રી નરેન્દ્રભાઇ દુધાભાઇ મકવાણા ની રહેશે. જે અંગે કોઇપણ બેન્ક, વ્યકિત, સંસ્થા, મંડળી ઇત્યદિ કોઇને કોઇપણ પ્રકારનો વાંધો હોય તો તેની જાણ સદર આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખીત જાણ કરશો ત્યારબાદ કોઇની પણ તકરાર ચાલશે નહીં અને સોસાયટી દ્વારા અમારા અસીલને ડુપ્લીકેટ શેર સર્ટિફિકેટ ઇશ્યુ કરી આપવા સદર સમાચાર પત્રમાં જાહેર નોટીસ આપીએ છીએ જેની નોંધ લેશો.

સ્થળ :- અમદાવાદ
તારીખ:- ૧૭/૧૦/૨૦૨૬.

**કિશોર.બી.શિણોલ,**
**એડવોકેટ એન્ડ નોટરી**
૨-એ, લવ કોમ્પલેક્ષ, અપ્સરા સિનેમાની સામે, કાંકરીયા, અમદાવાદ-૩૮૦૦૨૮
(મો.) ૯૯૭૯૯ ૩૫૧૫૨

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા વિરમગામ ના ગામ મોજે વડગાસ ના ખાતા નં. ૧૦૭૫ નો સર્વે/બ્લોક નં. ૧૮૫ ની ૦-૪૭-૭૩ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ, જેનો આકાર રૂ. ૦.૦૦ ની જુની શરતની ખેતી લાયક ઉપયોગ વાળી જમીનની માલિકી ૧. હસમુખભાઈ વિરજીભાઈ પટેલ, ૨. ધર્મેન્દ્રભાઈ હસમુખભાઈ પટેલ, ૩. કુમારભાઇ હસમુખભાઈ પટેલ, (૦-૩૮-૮૫ હે.આરે.ચોમી અનુ નં. ૨ તથા ૩) નાએ પોતાની સંયુક્ત માલિકી, કબજા ભોગવટાની બોજા રહિત અને માર્કેટેબલ હોવાનું જણાવી સદરહુ મિલકત અમારા અસીલ શ્રી અજયભાઈ નરસિહભાઈ પ્રજાપતિ વિગેરે ને વેચાણ આપવાનું નક્કી કરેલ હોઈ અમારા અસીલે સદરહુ મિલકતનું અમારી પાસે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા અંગે અભિપ્રાય/સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે ઉપરોક્ત જણાવેલ મિલકતમાં કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થાનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, અલાખો, બોજો, લીયન, ચાર્જ, ગીરો, બાનાખત, ભરણપોષણનો હક્ક કે અન્ય કોઈપણ નાણાકીય સંસ્થા કે બેંકનો બોજો વિગેરેનો હક્ક પોસાતો હોયતો અમોને અમારા ઉપરોક્ત જણાવેલ સરનામે પુરાવા સહીત રજીસ્ટર્ડ એડી.થી કે જાતે દિન - ૭ માં જાણ કરવી તેમ કરવામાં કસુર થયેથી સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન, ચાર્જ પોસાતો નથી અને જો પોસાતો હોયતો તે જતો યાને વેવ કરેલ છે, તેમ સમજી માની મુદત વિત્યેથી અમારા અસીલને સદરહુ બિનખેતી જમીનના ટાઈટલ ક્લીયર, ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેનું રેકર્ડ પરથી અભિપ્રાય/સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની નોધ લેવી.

અમદાવાદ
તારીખ :- ૧૭/૧૦/૨૦૨૬
જમીન માલિક ની સહી
૧. હસમુખભાઈ વિરજીભાઈ પટેલ,
૨. ધર્મેન્દ્રભાઈ હસમુખભાઈ પટેલ,
૩. કુમારભાઈ હસમુખભાઈ પટેલ

**મારી મારફતે**
**Bk.Legal Firm**
**Advocate**
**S.V.BHADANI**
**D.M.CHAUDHARY**
809-810-811, 8TH, Floor, Loha Bhavan, Opp.Old High Court, Income Tax, Ashram Road, Navarangpura, Ahmedabad-380009
Mo. 9898708302

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૭ (ઓઢવ) ના મણીનગર તાલુકાના મોજે ગામ રાજપુર-હીરપુરની સીમના ટી.પી. સ્કીમ નંબર-૪ ના ફાઈનલ પ્લોટ નંબર-૪૫ પૈકીની જમીન ઉપર ''રાજેન્દ્ર પાર્ક''ના નામથી ઓળખાતા બંગલાઓ પૈકી સબ પ્લોટ / બંગલા નંબર-ઈ/૧૧ ની ૪૩૬ ચોરસવારવાળી મીલકત કે જેનો સીટી સરવે નંબર-૪૭૮૨ છે તે મીલકત સુરેશભાઈ પરસરામની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજાઓમાંથી મુકત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મીલકત ઉપર કોઈપણ બેન્ક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીસ્સો, બોજો, ચાર્જ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી પુરાવા સહીત દિન-૭ (સાત) માં નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો સદરહુ મીલકતમાં અન્ય કોઈનો લાગભાગ, હકક, હીસ્સો, બોજો, અલાખો કે કબજો નથી અને જો હોય તો તે જતા કરેલા છે તેમ માની સદરહુ મીલકતના રાઈટ ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ ગણી સદરહુ મીલકત અંગેનું ટાઈટલ સર્ટીફીકેટ આપી દેવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તેની સ્પષ્ટ નોંધ લેશો.

અમદાવાદ.
તારીખ. ૧૭/૧૦/૨૦૨૬.

**વિરલ એન. શાહ, એડવોકેટ**
૩, શાહ કોલોની, ભૈરવનાથ રોડ, મણીનગર, અમદાવાદ.
(મો). ૯૮૨૪૦ ૨૫૩૨૨

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગરના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા કલોલના ગામ મોજે પલીયડની સીમના નવા બ્લોક નંબર-૧૬૯/૦૦૧ (જુના બ્લોક નંબર-૮૨૯)ની કુલ ૩૬૮૬ ચોરસમીટર ખેતીની જમીન અલ્પેશ મનુભાઈ યાદવે તેઓની સંપુર્ણપણે સ્વતંત્ર, માલિકી, કબજા, ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૧૮/૧૦/૨૦૨૬

**કૌશિક.જી.પટેલ**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(બી.એસ.સી., એલ.એલ.બી.)**
ઓફીસ :-૧૨, બીજો માળ, જે. બી. આર. આર્કેડ, આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

## જાહેર નોટિસ

**મોજે-જાસપુર**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે-જાસપુર ગામની સીમના બ્લોક નં. ૬૪૬ વિગેરેની બિનખેતીની જમીન ઉપર શીલ્પસ ગ્રીન એગ્રો ઓનર્સ એસોસીએશન (શિલ્પગ્રામ-૧) નામની રહેણાંકીય પ્લોટોની યોજના આવેલ છે. તેમાં આવેલ સબ-પ્લોટ નં. ૩૭/એફ ની ચો.મી. ૧૦૫૭ (ચો.મી. ૮૭૫ નેટ પ્લોટ એરીયા) રોડ-રસ્તા તથા કોમનપ્લોટના વગર વહેચાયેલ હક્કસહિતના ખુલ્લા પ્લોટવાળી મીલકત S.R. INVESTMENT - એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને તેના વહીવટકર્તા ભાગીદારે અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનુ સર્ટીફિકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઇનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૮-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર) ના સાબરમતી તાલુકાના ગામ મોજે શેખપુર-ખાનપુરની સીમના ટી.પી સ્કીમ નંબર-૧૯, ફાઈનલ પ્લોટ નંબર - ૨૬૪ ની જમીનમાં ઈશિતા કો. ઓ. હા. સો. લી. આવેલ છે. જે ઈશિતા ટાવર'ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ ફ્લેટ નંબર - બી/૧૧ની બાંધકામવાળી મીલકત - સંદીપ કૃષ્ણમુરારીલાલ અગ્રવાલ તેમના સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ હોવાનું જણાવી સદરહુ ફ્લેટ અંગે ઈશ્યુ કરેલ શેર સર્ટીફીકેટ નંબર - ૫૯ ખોવાઈ ગયેલ હોવાનું જણાવી ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતું ન હોઈ તેવું જણાવી સોસાયટી પાસે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તેમજ આ અંગે સોસાયટીએ અમારી પાસે અભિપ્રાય માંગેલ છે. સદરહુ ફ્લેટ તથા શેર સર્ટીફીકેટ ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદ્દત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક, દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને સોસાયટી સદરહુ ફ્લેટ અંગે ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ તથા આનુસંગિક કાગળો ઈશ્યુ કરશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

અમદાવાદ.
તા. ૧૮-૧૦-૨૦૨૬

**મુકેશ જી.પંડ્યા, એડવોકેટ**
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. : 98258 09777
Mob. : 98259 09777

## જાહેર નોટિસ

આ કેસની તપાસ બનાવટી ટ્રેડિંગ એપ દ્વારા થયેલી આશરે રુ. ૮૬ લાખની છેતરપિંડીની ફરિયાદ બાદ શરૂ થઈ હતી. આરોપીઓ શેરબજારમાં મોટા નફાની લાલચ આપીને લોકોને રોકાણ કરવા પ્રેરિત કરતા હતા. શરૂઆતમાં એપ પર નફો થતો હોવાનો ખોટો આભાસ ઊભો કરીને વધુ નાણાં રોકવા માટે દબાણ કરવામાં આવતું હતું. ત્યારબાદ રોકાણકારોની રકમ વિવિધ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી. પોલીસે ટેક્નિકલ તપાસ અને નાણાકીય વ્યવહારોની કડીઓના આધારે છ આરોપીઓની ધરપકડ કરી હતી. આ ધરપકડ પુણે, લાતુર, અહિલ્યાનગર, નવી મુંબઈ અને હૈદરાબાદ સહિતનાં સ્થળોએથી કરવામાં આવી હતી. આમાં આરોપીઓમાં એન્જિનિયરિંગ, સીએ અને બીએચએમએસ સંબંધિત શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોનો સમાવેશ થયો હતો. તો અન્ય આરોપીઓની શોધખોળ હાલ ચાલુ છે.

# એઆઈ ક્ષમતા સાથેની ટોરપિડો સિસ્ટમના સફળ પરીક્ષણનો ઉત્તર કોરિયાનો દાવો

સેઉલ,તા.૧૭

ઉત્તર કોરિયાએ શનિવારે જણાવ્યું કે, લક્ષ્યાંક શોધવા માટે તથા અન્ય માર્ગદર્શન માટે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરતી નવી ટોરપિડો સિસ્ટમનું પોતે સફળ પરીક્ષણ કર્યું છે.

## કેસીએનએના રિપોર્ટ અંગે દ. કોરિયાના સૈન્યનો તત્કાળ કોઈ પ્રતિભાવ નહીં

કોરિઅન સેન્ટ્રલ ન્યુઝ એજન્સી (કેસીએનએ) એ જણાવ્યું કે, ગુરૂવારે જે શસ્ત્રનું પરીક્ષણ કરાયું એ ઝામ-૨.૦ નામની 'સુપર સ્પીડ, યોગ્યપણે માર્ગદર્શિત' ટોરપિડો સિસ્ટમ હતી. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ) નો શું અર્થ થાય છે તે એણે સમજાવ્યું નહિ.

રિપોર્ટમાં ઉમેરાયું છે કે, છેલ્લા પાંચ વર્ષોમાં ૧૮૦ કરતાં વધુ પરીક્ષણો પછી વિકસાવાયેલી શસ્ત્રની પ્રોપલ્ઝન સિસ્ટમ્સની ગુરૂવારે કરાયેલા પરીક્ષણમાં ચકાસણી કરાઈ છે.

પોતાની સૈન્ય ટેકનોલોજીની અતિશયોક્તિનો ઉત્તર કોરિઆ સામે આક્ષેપ કરતા રહેતા દક્ષિણ કોરિઆના લશ્કરે કેસીએનએના રિપોર્ટ વિષે તત્કાળ કોઇ ટિપ્પણી કરી નથી.

ઉત્તર કોરિઆના નેતા કિમ જોન્ગ ઉને વર્ષો સુધી બેલિસ્ટિક મિસાઈલ વિકસાવ્યા પછી નૌકાદળની ક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરતા ઉત્તર કોરિઆએ તાજેતરના સપ્તાહોમાં શસ્ત્રોનું નિદર્શન વધાર્યું છે, જેમાં એના પ્રથમ અન્ડરવોટર - લોન્ચ્ડ મિસાઈલ પરીક્ષણો હાથ ધરવાનો સમાવેશ થાય છે. નિષ્ણાતોના મતે, બુધવારે કરાયેલા મિસાઈલ પરીક્ષણોમાં જેને હજી યુધ્ધમાં ઉપયોગમાં લેવાનું બાકી છે એ સબમરીનનો સમાવેશ થાય છે. પ્યોન્ગયાન્ગના જણાવાયાનુસાર, આ સબમરીન અણુશસ્ત્રોને લોન્ચ કરવા માટે બનાવાઈ છે.

અમેરિકા સાથેની અણુશસ્ત્રોના મુદે કરાયેલી ચર્ચામાં વર્ષોથી પડેલી મડાગાંઠ ખેંચાયા કરતા કિમ જોન્ગ ઉને દક્ષિણ કોરિઆ સાથેના બધા રાજદ્વારી સંબંધો અને સહયોગને બંધ કરી દઈને દક્ષિણ કોરિઆને કાયમી શત્રુ ગણાવ્યું છે.

દ્રશ્યમ-૩માં કાયદાના સકંજામાં ફસાયેલો

# અભિનેતા અજય દેવગણ જુહુના બંગલામાં ગેરકાયદે બાંધકામ પર પાલિકાનો હથોડો

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૧૭

બોલીવુડ અભિનેતા અજય દેવગણ એક તરફ પોતાની ફિલ્મ 'દૃશ્યમ-૩'ને કારણે ચર્ચામાં છે.જેમાં તેનું પાત્ર કાયદાના સકંજામાં ફસાય છે. બીજી તરફ, વાસ્તવિક જીવનમાં પણ તે મુશ્કેલીમાં મુકાયો છે. મુંબઈ મહાનગરપાલિકા એ જુહુ સ્થિત અજય દેવગણ અને તેમનાં માતા વીણા દેવગણ સાથે સંબંધિત હોવાનું કહેવાતા બંગલામાં થયેલા કથિત અનધિકૃત બાંધકામ સામે કાર્યવાહી કરીને તેનો કેટલોક ભાગ તોડી પાડ્યો છે.

## જરૂરી મંજૂરીના દસ્તાવેજો રજૂ નહીં કરતાં કેટલોક ભાગ તોડી પડાયો : જો કે નોટિસમાં અજય દેવગણના નામનો ઉલ્લેખ નહીં

જુહુની જેવીપીડી સ્કીમમાં આવેલી કપોલે કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના આ બંગલામાં સિપોરેક્સ બ્લોકની દીવાલો સહિતનું અનધિકૃત બાંધકામ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ હતી. આ મામલે પાલિકાના કે/વેસ્ટ વોર્ડે મુંબઈ મહાનગરપાલિકા અધિનિયમની કલમ ૩૫૪-એ હેઠળ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બાંધકામ બંધ કરવાની નોટિસ ફટકારી હતી. પાલિકાના અધિકારીના જણાવ્યા અનુસાર, માલિકોએ ૧૫ સપ્ટેમ્બરે નોટિસનો જવાબ રજૂ કર્યો હતો. જોકે, તેમાં બાંધકામને મંજૂરી આપતા જરૂરી દસ્તાવેજો કે સત્તાવાળાઓની પરવાનગીની નકલ ન હોવાથી પાલિકાએ ૬ ઓક્ટોબરના આદેશમાં તેમનો જવાબ ફગાવી દીધો હતો. નોટિસમાં તાત્કાલિક બાંધકામ બંધ કરીને ૨૪ કલાકમાં જરૂરી મંજૂરીઓ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તેમ કરવામાં નિષ્ફળતા મળે તો ગેરકાયદે બાંધકામ અને બાંધકામની સામગ્રી માલિકના જોખમે તથા ખર્ચે દૂર કરવાની ચેતવણી પણ અપાઈ હતી. ત્યારબાદ ૧૨ ઓક્ટોબરે પાલિકાના કર્મચારીઓએ કાર્યવાહી કરીને બંગલાની અનધિકૃત સિપોરેક્સ બ્લોકની દીવાલો સહિતના કેટલાક ભાગ તોડી પાડ્યા હતા. જોકે, પાલિકાની નોટિસ અને આદેશમાં અજય દેવગણ કે તેમનાં માતા વીણા દેવગણનાં નામનો ઉલ્લેખ નથી. આ મિલકતની તેમની માલિકી અલગથી સ્થાપિત કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

**બંગલો પોતાનું રહેઠાણ નહીં, ભાડે આપેલી મિલકત : અજય**

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા.૧૭

અજય દેવગણની ઓફિસે સ્પષ્ટતા કરી છે કે બીએમસીની કાર્યવાહી હેઠળ આવેલી મિલકત તેમનું રહેઠાણ નહીં, પરંતુ ભાડે આપેલી અલગ મિલકત છે. મિલકત માટે જરૂરી પરવાનગીઓ મેળવવા અરજી કરવામાં આવી છે અને તમામ લાગુ નિયમો તથા માર્ગદ શકાનું પાલન કરવામાં આવી રહ્યું છે. બીએમસીની સૂચના મુજબ જરૂરી ફેરફારો પણ કરવામાં આવ્યા હોવાનું નિવેદનમાં જણાવાયું છે.

પ્રમોશનની સમસ્યા ઉકેલવા નવી પહેલ

# CRPFમાં લાન્સનાયક સહિતના જૂના હોદ્દા ફરી શરૂ કરવા વિચારણા

નવી દિલ્હી, તા.૧૭

દેશના સૌથી મોટા અર્ધલશ્કરી દળ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)માં જવાનોની બઢતીમાં થતો વિલંબ દૂર કરવા માટે લાન્સ નાયક અને નાયકના હોદ્દા ફરી શરૂ કરવાની વિચારણા થઈ રહી છે. આશરે ૩.૨૫ લાખ કર્મચારીઓ ધરાવતા આ દળમાં ૧૯૯૭માં આ હોદ્દા નાબૂદ કરાયા હતા. આ પગલાથી જવાનોનું મનોબળ વધારવાનો હેતુ છે.

## અગ્નિવીરોને આકર્ષવા અને ઘટતી સંખ્યાની સમસ્યા દૂર કરવાનો હેતુ

સીઆરપીએફના મુખ્યાલયે દેશભરમાં વિવિધ ક્ષેત્રિય કચેરીઓને બે દિવસમાં સૈનિક સંમેલનો યોજીને કર્મચારીઓના અભિપ્રાય મેળવવા જણાવ્યું છે. અગાઉ લાન્સ નાયક અને નાયકના હોદ્દાઓને અનુક્રમે કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલના પોલીસ હોદ્દાઓમાં ભેળવી દેવામાં આવ્યા હતા. હાલમાં કોન્સ્ટેબલને પ્રથમ બઢતી મેળવવા સરેરાશ બાવીસથી પચ્ચીસ વર્ષ રાહ જોવી પડે છે.

નવા પ્રસ્તાવ મુજબ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ વચ્ચે લાન્સ નાયક તથા નાયકના બે હોદ્દા ફરી દાખલ થઈ શકે છે. તેનાથી જવાનોને વધારાની બઢતીની તકો મળશે અને લાંબા સમયથી રહેલી અસંતોષની લાગણી ઘટી શકે છે. આ પહેલનો બીજો હેતુ ચાર વર્ષીય અગ્નિવીર યોજના હેઠળ સેવા આપીને નિવૃત્ત થતા અગ્નિવીરોને સીઆરપીએફ સહિતના અર્ધલશ્કરી દળોમાં જોડાવા માટે આકર્ષવાનો છે.

# કોટામાં ધાર્મિક પ્રવાસે નીકળેલી મધ્ય પ્રદેશની મિનિ બસ ૧૫ ફૂટ ઊંડા નાળામાં પડતાં આઠનાં મોત, ૧૫ ઘાયલ

### કોલકાતાના

(૧૯મા પાનાનું ચાલુ)

એક કલાક માટે બંધ કરાયો હતો.

આ ઘટના નજરે જોનાર એક વ્યક્તિએ કહ્યું કે, તેણે અનેક લોકોને બેહોશ થતા જોયા હતા. અનેક લોકોને બાઈક પર હોસ્પિટલ લઈ જવાતા હતા. આ ઘટના વિગતોએ દૂર્ગા પૂજા પંડાલના આયોજકોની બેદરકારી સામે સવાલો ઉઠાવ્યા છે. અન્ય એક વ્યક્તિએ કહ્યું કે પંડાલના પ્રવેશ દ્વાર અને એક્ઝિટ ગેટ ખૂબ જ સાંકડા હતા. આ જગ્યાએ લાઈટની કોઈ વ્યવસ્થા ન હોવાથી અંધારુ હતું. આ બેદરકારીએ સ્થિતિ વધુ બગાડી નાંખી. આ સમયે પંડાલનો એક ભાગ તૂટી જતાં નાસભાગ મચી ગઈ હતી.

સ્થાનિક લોકોના દાવો છે કે છેલ્લા ત્રણ-ચાર દિવસથી પંડાલમાં લોકોની ભીડ વધી રહી હતી, આમ છતાં ભીડના સંચાલન માટે કોઈ વ્યવસ્થા કરાઈ નહોતી. મુખ્યમંત્રી શુભેન્દુ સરકારે હેલ્પલાઈન જાહેર કરાઈ હોવાનું જણાવ્યું હતું. ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીએ પણ દુર્ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યું હતું.

દરમિયાન રાજસ્થાનના કોટામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર એક મિનિબસ ૧૫ ફૂટ ઊંડા એક નાળામાં પડી જતાં આઠ લોકોનાં મોત નીપજ્યાં હતા અને ૧૫ ઘાયલ થયા હતા. મધ્ય પ્રદેશના ભોપાલથી એક મિનિબસ ૨૩ લોકોને લઈને શુક્રવારે સાંજે ચાર દિવસના ધાર્મિક પ્રવાસે નીકળી હતી. અધિકારીઓએ કહ્યું કે, મિનિ બસ શનિવારે વહેલી સવારે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર કોટા નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે ડ્રાઈવરને ઝોકું આવી જતાં અથવા તે સૂઈ જતાં બસ આઠ લેનના એક્સપ્રેસ વે પરથી ઉતરીને ૧૫ ફૂટ ઊંડા નાળામાં ખાબકી હોવાનું મનાય છે. ઈજાગ્રસ્તોને કોટામાં ન્યૂ મેડિકલ કોલેજ હોસ્પિટલ અને એમબીએસ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# મિલો પાસે ખાંડનો ૨૦૨૬-૨૭ સીઝનનો ઓપનિંગ સ્ટોક ઘટીને એક દાયકાથી વધુ સમયમાં સૌથી નીચો

### ઈથેનોલ

(૧૯મા પાનાનું ચાલુ)

ખરીદવા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પર પ્રતિબંધ મૂકી દીધો છે. સરકારના નિર્દેશોના પગલે સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ શેરડીના રસ, ખાંડ, સુગર સિરપ અને બી-હૈવી ખોળથી બનેલું ઈથેનોલ ખરીદી શકશે નહીં. સરકારે ઈથેનોલ બનાવવા માટે ખાંડનો ઉપયોગ શૂન્ય કરવા નિર્દેશ આપ્યો છે.

સરકારી ઓઈલ કંપનીઓએ અંદાજે ૧,૧૦૦ કરોડ લીટર ઈથેનોલની ખરીદી માટે ટેન્ડર જાહેર કર્યા છે. ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ, મેંગ્લોર રિફાઈનરી અને નુમાલીગઢ રિફાઈનરી ૧ નવેમ્બર ૨૦૨૬થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૭ સુધીમાં આ ટેન્ડર હેઠળ ચાર તબક્કામાં ઈથેનોલની ખરીદી કરશે.

સરકારના નિર્દશોના પગલે રાતોરાત ૨૫૦ કરોડથી વધુ ઈથેનોલનો સપ્લાય રાષ્ટ્રીય ગ્રીડમાંથી દૂર થઈ જવાની સંભાવના છે.

૨૦૨૫-૨૬ની ઈથેનોલ સપ્લાય સાઈકલમાં રાષ્ટ્રીય ગ્રીડમાં ખાંડ આધારિત ઈથેનોલનો ૨૬૬ કરોડ ટન પૂરવઠો પૂરો પડાયો હતો, જે આગામી સિઝનમાં પૂરો પાડી શકાશે નહીં.

ઈન્ડિયન સુગર એન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશને જણાવ્યું હતું કે, આ વખતે કુલ અને ચોખ્ખું ખાંડ ઉત્પાદન લગભગ ૨.૮ કરોડ ટન જેટલું રહેવાની શક્યતા છે. ગત સીઝનમાં ખાંડનું ઉત્પાદન ૩.૧ કરોડ ટન રહ્યું હતું, જેમાંથી લગભગ ૩૦ લાખ ટન ખાંડ ઈથેનોલ ઉત્પાદન માટે વાપરવામાં આવી હતી. ઈસ્માના અંદાજ મુજબ ૨૦૨૬-૨૭ સીઝનમાં વપરાશ ૨.૮૫ કરોડ ટનથી ૨.૯ કરોડ ટન વચ્ચે રહી શકે છે.

મહારાષ્ટ્રમાં શેરડીનું પિલાણ શરૂ થઈ ચૂક્યું હોવાથી ખાંડના ભાવો સ્થિર થવાની ધારણા છે, પરંતુ આવતા વર્ષે જૂન-જુલાઈ સુધીમાં આપણે ખાંડની અછત પૂરી કરવા માટે ઓછામાં ઓછી ૧૦ લાખ ટન આયાત કરવાની જરૂર પડશે.

ઉદ્યોગ જગતના સૂત્રો મુજબ, ઓછા ઉત્પાદનને કારણે ૨૦૨૬-૨૭ સીઝનની શરૂઆતમાં મિલો પાસે ખાંડનો ઓપનિંગ સ્ટોક ઘટીને ૩૫થી ૩૬ લાખ ટન થઈ ગયો છે, જે એક દાયકાથી વધુ સમયમાં સૌથી નીચો સ્તર છે.

# રશિયા પ્રતિબંધો હળવા કરવાના ટ્રમ્પના નિર્ણયને પુતિનના રાજદૂત ક્રિબ્સ દીમિત્રેદેવે ઐતિહાસિક ગણાવ્યો

### રશિયન ક્રૂડ મુદે

(૧૯મા પાનાનું ચાલુ)

અમેરિકન કોંગ્રેસને સ્પષ્ટ કર્યું છે કે હાલ રશિયા પરના પ્રતિબંધો દૂર કરવા અને ટેરિફમાં છૂટ આપવીએ અમેરિકાના રાષ્ટ્રીય હિતમાં છે. આ કાયદા હેઠળ ટ્રમ્પને રશિયા અને તેની પાસેથી ઓઈલ અને ગેસ ખરીદતા ટોચના પાંચ દેશો સામે આકરાં આર્થિક પગલાં ઉઠાવવાનો અધિકાર મળ્યા હતા. ટ્રમ્પના આ કાયદાના પગલે જ ભારત અને ચીન સહિત પાંચ દેશો પર ૧૦૦ ટકા ટેરિફ જ્યારે રશિયા પર ૫૦૦ ટકા ટેરિફનું જોખમ હતું.

જોકે, ટ્રમ્પે રશિયાને છૂટછાટોમાં આપેલી રાહતનો અર્થ એ નથી કે તેના પરના જૂના બધા જ પ્રતિબંધો ખતમ કરી નાંખ્યા છે. રશિયન સરકારની કેટલીક પ્રવૃત્તિઓ પર અગાઉ જાહેર કરાયેલા અમેરિકન આદેશો મુજબ પ્રતિબંધો યથાવત્ રહેશે. વધુમાં ટ્રમ્પ સરકાર રશિયન ઓઈલ અને ગેસની ખરીદી પર નજર પણ રાખશે.

રશિયા પરના કેટલાક પ્રતિબંધો હળવા કરવાના ટ્રમ્પના નિર્ણયને દુનિયાના લગભગ તમામ દેશોએ આવકાર્યા છે. રશિયાના પ્રમુખ પુતિનના વિશિષ્ટ રાજદૂત ક્રિબ્સ દીમિત્રેદેવે ટ્રમ્પના આ પગલાને ઐતિહાસિક કહ્યું છે, સાથે જણાવ્યું છે કે, બંને દેશો વચ્ચેના આર્થિક સહકારને પુષ્ટિ મળશે આ ક્ષણ એક ઐતિહાસિક ક્ષણ બની રહેશે. તેથી બંને દેશો વચ્ચે આર્થિક સહકાર વધવા સાથે પારસ્પરિક વિશ્વાસ પણ વધી રહેવા સંભવ છે. નિષ્ણાતોનું કહેવું છે કે, ૩જી નવેમ્બરે અમેરિકી સંસદના 'મિડ-ટર્મ પોલ'ને નજરમાં રાખી પ્રમુખ ટ્રમ્પે આ પગલું ભર્યું છે. કારણ કે ઈંધણ- ખાસ કરીને ડીઝલના ભાવો વધતા જતા અમેરિકાની જનતા ભાવવધારા નીચે દબાઈ ગઈ છે.

### ઈમરાન ખાને

(પહેલા પાનાનું ચાલુ)

ગેરકાયદે, વિકૃત, કઠોર અને કાયદાની દ્રષ્ટીએ ખરાબ ગણાવાઈ હતી. અરજીમાં નોટિસ રદ કરવા અને વચગાળાની રાહતમાં પ્રક્રિયા પર રોક લગાવવાની વિનંતી કરાઈ છે. અરજીમાં જણાવ્યું છે કે ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) કાર્ડ ધારકને શાંતિપૂર્ણ વિરોધમાં ભાગ લેવાથી પ્રતિબંધીત કરતી કોઈ જોગવાઈ નથી.વળી નોટિસમાં કોઈ કારણ, સહાયક માહિતી અથવા ચોક્કસ કાયદાકીય ઉલ્લંઘનનો ખુલાસો કરાયો નથી. અરજીમાં ખાને દલીલ કરી છે કે એક્ઝિક્યુટિવ અધિકારીઓએ તેમને કોઈ પૂર્વ સુનાવણી આપી ન હતી, ઓસીઆઈ તરીકેના તેમના કાનૂની અધિકારોને બાયપાસ કર્યા હતા અને રાજકીય સોશિયલ મીડિયા ઝુંબેશનો ઉતાવળમાં પ્રતિસાદ આપ્યો હતો.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ પ્રદર્શનોમાં ભાગ લીધા બાદ પોલીસે તેમને થોડા સમય માટે અટકાયતમાં લીધા બાદ આ ઘટના બની હતી.

ગામદેવી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ હેઠળ જાહેર વ્યવસ્થાના ભંગનો આરોપ લગાવીને એફઆઈઆર નોંધાવવામાં આવ્યા બાદ તરત જ આ નિર્દેશ જારી કરવામાં આવ્યો હતો.

૧૭ ઓક્ટોબરના રોજ, એફઆરઆરઓએ ખાનને કારણદર્શક નોટિસ જારી કરીને પૂછ્યું કે નાગરિકતા કાયદાની કલમ ૭ડી હેઠળ તેમનું ઓસીઆઈ નોંધણી કેમ રદ ન કરવી જોઈએ.

આ અરજી ૧૯ ઓક્ટોબરના રોજ મુખ્ય ન્યાયાધીશ મહેશ ચંદ્ર ત્રિપાઠી અને ન્યાયાધીશ અદ્વૈત સેઠનાની ડિવિઝન બેન્ચ સમક્ષ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે .

# સોશિયલ મીડિયા પર બાળ શોષણ સામગ્રી ઓળખવા અને હટાવવા મજબુત માળખુ તૈયાર કરો : સુપ્રીમનો આદેશ

## સુરક્ષા અને અભિવ્યક્તિના અધિકારો એકબીજાના વિરોધી નથી, બાળકોને બન્ને આપવા આપણી ફરજ : સુપ્રીમ

### ઈન્ટરનેટ બાળકોનો

(૧૯મા પાનાનું ચાલુ)

એકબીજાના વિરોધાભાસી નથી, સુરક્ષા અને અભિવ્યક્તિ બન્ને આપણા બાળકોને મેળવવાનો અધિકાર છે.

જોકે આ સાથે જ સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા, ઈન્ટરનેટ પર બાળકોના શારીરિક શોષણની સામગ્રીઓ પર અંકુશ માટે પણ આદેશ આપ્યા હતા. સુપ્રીમે કેન્દ્રને કહ્યું છે કે તે એક એવુ માળખુ તૈયાર કરે કે જે ઈન્ટરનેટ પરથી બાળકોના શોષણ સાથે સંકળાયેલી તમામ સામગ્રી ઓળખી કાઢવા કે હટાવવામાં મદદરૂપ સાબિત થાય. સુપ્રીમે એમ પણ કહ્યું હતું કે હાલમાં ઈન્ટરનેટ બાળકો માટે જોખમ પેદા કરી શકે છે જોકે બાળકો માટે હાનીકારક સામગ્રી હટાવવામાં નિષ્ફળતાને કારણે આપણે તેમના ઈન્ટરનેટના ઉપયોગ પર પ્રતિબંધો ના મુકી શકીએ.

સુપ્રીમે કહ્યું હતું કે બંધારણના આર્ટિકલ ૧૯(૧)એમાં માત્ર અભિવ્યક્તિની સ્વતંત્રતા જ નથી મળી સાથે માહિતી જાણકારી મેળવવાનો અને તેને લોકો સુધી પહોંચાડવાનો અધિકાર પણ સામેલ છે. અંતરિયાળ વિસ્તારના બાળકો માટે ઈન્ટરનેટ માહિતી મેળવવાનું માધ્યમ છે. સોશિયલ મીડિયા પર બાળકોના શારીરિક શોષણના વીડિયો, તસવીરો સહિતની સામગ્રીઓ પર રોક લગાવવા સહિતની માગણી કરતી એક અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ છે જેની સુનાવણી દરમિયાન સુપ્રીમે ઈન્ટરનેટના ઉપયોગ અંગે આ ટિપ્પણી કરી હતી, સાથે જ બાળકો વિરોધી સામગ્રી હટાવવા માટે તેની ઓળખ કરવા માટે યોગ્ય અને મજબુત માળખુ તૈયાર કરવા પણ આદેશ આપ્યા હતા.

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

### ૯-૯ ઓવરોની મેચમાં ભારતના ૭.૪ ઓવરોમાં ૧૧૮/૫ના સ્કોર પછી મેચ પડતી મુકવી પડી

## વરસાદે રોમાંચક મેચની મજા બગાડી : ભારત અને વિન્ડિઝ વચ્ચે ટી ૨૦ શ્રેણી ૨-૨થી બરાબર રહી

બેંગલુરું, તા. ૧૭

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની શ્રેણીની આખરી અને પાંચમી ટી ૨૦ મેચ આજે વરસાદના વિઘ્નને લીધે અનિર્ણિત જાહેર થઇ હતી. આ સાથે આ શ્રેણી ૨-૨થી બરાબર રહી હતી.

આમ તો વરસાદની ગઈકાલથી આગહી હતી જ અને તે ખરી પડી હતી. મેચનો સમય સાંજના સાતનો હતો અને તે અગાઉના કલાકથી ધીમી ધારે પડતો હતો. સાડા આઠ વાગે વરસાદ ધીમો પડ્યો હતો.

ચિન્નાસ્વામી સ્ટેડિયમના ગ્રાઉન્ડની વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ભારતના તમામ ગ્રાઉન્ડમાં શ્રેષ્ઠ હોઈ કોઈએ કલ્પના પણ નહીં કરી નહીં હોય તેમ ગ્રાઉન્ડ રમવા લાયક થતાં રાત્રે નવ વાગે ટોસ થયો હતો અને સવા નવ વાગે ૯-૯ ઓવરોની મેચ રમવાનું નક્કી થતાં ચાહકો ખુશ થઇ ગયા હતા.

પાવર પ્લે માટે ૨.૪ ઓવરો રખાઈ હતી.

વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન હોપે ટોસ જીતીને પ્રથમ બોલિંગ લીધી હતી. ભારતે ૭.૪ ઓવરોમાં ૫ વિકેટે ૧૧૮ રનનો સ્કોર કર્યો હતો ત્યારે ફરી વરસાદ પડયો હતો. વેસ્ટ ઈન્ડિઝને બેટિંગમાં આવવા રાત્રીના ૧૦.૩૫નો સમય કટ ઓફ ટાઈમ હતો અને ત્યારે વરસાદ ચાલુ રહેતા અમ્પાયરોએ મેચ નિર્ણય વગરની જાહેર કરી હતી અને ચાહકો નિરાશ થયા હતા.

ભારત તરફથી અભિષેક શર્મા એક છગ્ગો ફટકારી ઈનિંગની પ્રથમ ઓવરના પાંચમાં બોલે પોલની બોલિંગમાં ઝીલાયો હતો.

જો કે ઈશાન કિશને વન ડાઉન આવી દસ બોલમાં ત્રણ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૩૦ રન ફટકારી વેસ્ટ ઈન્ડિઝને હતાશ કર્યું હતું. શેફર્ડની ઈનિંગની બીજી ઓવરમાં ઈશાનને લીધે ૨૪ રન ઝૂડાયા હતા.

ઈશાન આઉટ થયા પછી સેમસને સાત બોલમાં ૧૬ રન ફટકાર્યા. જો કે શ્રેયસ ઐયર ૧૪ બોલમાં ૨૨ અને તિલક વર્મા ૬ બોલમાં ૭ રન જ નોંધાવી શકતા ભારતનો સ્કોર વિન્ડિઝ માટે ભયજનક નહીં બને તેમ લાગતું હતું



ત્યારે નમન ધીરે કોઈએ કલ્પના નહોતી કરી ત્યારે છ બોલમાં એક ચોગ્ગા, ત્રણ છગ્ગા સાથે અણનમ ૨૪ ફટકારી વિન્ડિઝ પર દબાણ સર્જાય તેવો સ્કોર ૧૧૮ રનનો ભારત માટે મુકયો હતો. ૭.૪ ઓવરમાં તિલક વર્મા બોલ્ડ થયો અને વરસાદ પડ્યો હતો.

વેસ્ટ ઈન્ડિઝ તરફથી સ્પિનર મોતીએ બે ઓવરમાં ૨૫ રન આપ્યા હતા. સ્પ્રિંગરે ૧.૪ ઓવરમાં ૧૭ રન આપી બે વિકેટ ઝડપી હતી.

વેસ્ટ ઈન્ડિઝે ૧૨ વાઈડ બોલ ફેંક્યા હતા જે મેચ રમાઈ હોત તો તેઓને આકરા પુરવાર થયા હોત.

**ભારત**

| | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| સેમસન બો.સ્પ્રીંગર | ૧૬ | ૭ | ૨ | ૧ |
| અભિષેક કો. જોસેફબો. પોલ | ૬ | ૪ | ૦ | ૧ |
| કિશન કો. પોવેલ બો. જોસેફ | ૩૦ | ૧૦ | ૩ | ૨ |
| શ્રેયસ કો. જોસેફ બો. પોલ | ૨૨ | ૧૪ | ૨ | ૦ |
| તિલક બો. સ્પ્રીંગર | ૭ | ૪ | ૦ | ૧ |
| ધીર અણનમ | ૨૪ | ૬ | ૧ | ૩ |
| વધારાના (નોબોલ ૨, વાઈડ ૧૨) | ૧૩ | | | |
| (૭.૪ ઓવરોમાં પાંચ વિકેટે) | ૧૧૮ | | | |

વિકેટનો ક્રમ : ૧/૧૩ (અભિષેક, ૦.૫), ૨/૪૫ (કિશન, ૨.૩), ૩/૬૬ (સેમસન, ૪.૧), ૪/૮૮ (શ્રેયસ, ૬.૧), ૫/૧૧૮ (તિલક વર્મા, ૭.૪)

બોલિંગ : પોલ ૨-૦-૩૪-૦, શેફર્ડ ૧-૦-૨૪-૦, જોસેફ ૧-૦-૧૮-૧, મોતી ૨-૦-૨૫-૦, સ્પ્રીંગર ૧.૪-૦-૧૭-૨.

### ઈશાન કિશનના ૧૦ બોલમાં ૩૦ : નમન ધીરના ૬ બોલમાં અણનમ ૨૪ રન

### ભારતની ઘરઆંગણે ચાર વર્ષમાં ૧૨ ટી-૨૦ શ્રેણીની વિજયકૂચ અટકી

### ગુજરાત -દિલ્હી, સૌરાષ્ટ્ર -કર્ણાટક અને વડોદરા - બિહાર ટકરાશે

## આજથી રણજી ટ્રોફીના બીજા રાઉન્ડની મેચ રમાશે : ગીલ પંજાબ તરફથી ઉતરશે

નવી દિલ્હી, તા. ૧૭

ભારતની પ્રતિષ્ઠિત ઘરેલુ ક્રિકેટ સ્પર્ધા રણજી ટ્રોફીની ૨૦૨૬-૨૭ની સિઝનનો બીજો રાઉન્ડ આવતીકાલે, ૧૮ ઑક્ટોબરથી શરૂ થઈ રહ્યો છે. પ્રથમ રાઉન્ડમાં અનેક આંતરરાષ્ટ્રીય ખેલાડીઓની નિષ્ફળતા, યુવા બેટ્સમેનોની પ્રભાવશાળી ઈનિંગ્સ અને કેટલાક રોમાંચક મુકાબલા જોવા મળ્યા બાદ હવે બીજા રાઉન્ડમાં ખેલાડીઓની ફોર્મ અને ટીમોના પ્રદર્શન પર નજર રહેશે. જોકે, સૌથી વધુ ચર્ચા ભારતના ટેસ્ટ અને વન-ડે કેપ્ટન શુભમન ગીલની છે, જે ન્યૂ ચંડીગઢમાં છત્તીસગઢ સામે પંજાબ તરફથી મેદાનમાં ઊતરશે.



**ગીલને તક**

ગીલ પ્રથમ રાઉન્ડમાં આસામ સામે પંજાબની ટીમમાં નહોતો. હવે ન્યૂઝીલેન્ડના આગામી પ્રવાસ પહેલાં તેને આ મેચ રમવાની તક મળી છે. ગીલ ટેસ્ટ ક્રિકેટમાં ચોથા ક્રમે બેટિંગ કરે છે અને છત્તીસગઢ સામે પણ તે આ જ ક્રમે ઊતરે તેવી અપેક્ષા છે. જોકે, પંજાબની ટીમની કેપ્ટનસી ઉદય સહારન કે ગીલ કોણ સંભાળશે તે નક્કી નથી.પંજાબે પ્રથમ મેચમાં આસામ સામે પ્રથમ દાવમાં સરસાઈ મેળવીને ત્રણ પોઈન્ટ મેળવ્યા હતા, પરંતુ મેચ ડ્રો રહી હતી.

**પંજાબ મજબૂત**

પંજાબ માટે પ્રથમ રાઉન્ડમાં યુવા બેટ્સમેન વિહાન મલ્હોત્રાએ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પદાર્પણ કરતાં સદી ફટકારી હતી. સલિલ અરોરા અને ઈમનજોત સિંહ ચહલે પણ સદી નોંધાવી હતી. પંજાબે પ્રથમ દાવમાં ૪૭૮ રન છ વિકેટે બનાવી દાવ ડિક્લેર કર્યો હતો. ઝડપી બોલર ઉમેશ યાદવે વિદર્ભમાંથી પંજાબમાં જોડાયા બાદ પ્રથમ મેચમાં ૭૦ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. આસામ તરફથી શિબસંકર રોયે અણનમ ૧૪૩ અને કેપ્ટન દેનિશ દાસે ૧૦૩ રન બનાવ્યા હતા. આમ, પંજાબની બેટિંગ અને બોલિંગ બંનેમાં સકારાત્મક સંકેતો મળ્યા છે.

### પ્રથમ રાઉન્ડમાં દિગ્ગજ બેટ્સમેનો નિષ્ફળ જાડેજા, કરુણ નાયર અને સ્મરણ ચમક્યા

**ટોપર નિષ્ફળ**

પ્રથમ રાઉન્ડમાં ભારતીય ટેસ્ટ ખેલાડીઓનું પ્રદર્શન મિશ્ર રહ્યું હતું. મુંબઈ તરફથી રમતા યશસ્વી જયસ્વાલ ચંડીગઢ સામે ખાતું ખોલાવ્યા વિના આઉટ થયો હતો. કેએલ રાહુલ કર્ણાટક તરફથી આંધ્ર સામે બંને દાવમાં માત્ર ચાર અને એક રન બનાવી શક્યો હતો. તમિલનાડુના સાઈ સુદર્શન રાજસ્થાન સામે ત્રણ રન કરીને આઉટ થયો હતો, જ્યારે મુંબઈના સરફરાઝ ખાને પણ માત્ર એક રન બનાવ્યો હતો. આ નિષ્ફળતાઓથી સ્પષ્ટ થયું કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સ્થાન ધરાવતા ખેલાડીઓ માટે પણ ઘરેલુ લાલ દડાની ક્રિકેટમાં લય મેળવવી સહેલી નથી.

જોકે, આંધ્ર સામે કર્ણાટકની ટીમ માત્ર ૨૨ રનમાં ચાર વિકેટ ગુમાવીને મુશ્કેલીમાં હતી ત્યારે સ્મરણ રવિચંદ્રને ૧૨૬ રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ્સ રમી ટીમને સંભાળી હતી. આંધ્રે પ્રથમ દાવમાં ૪૧૮ રન બનાવ્યા હતા. બીજી ઈનિંગ્સમાં કરુણ નાયરે અણનમ ૧૫૫ રન ફટકારીને કર્ણાટકને વધુ મોટી મુશ્કેલીમાંથી બહાર કાઢ્યું. મેચ ડ્રો રહી અને આંધ્રને પ્રથમ દાવની સરસાઈના ત્રણ પોઈન્ટ મળ્યા હતા.

**સૌરાષ્ટ્ર**

સૌરાષ્ટ્ર તરફથી રમતા રવીન્દ્ર જાડેજાએ પણ પ્રથમ રાઉન્ડમાં બેટ અને બોલ બંનેથી અસર છોડી. છત્તીસગઢ સામે તેણે ૧૦૨ અને પ્રેરક માંકડે ૧૨૯ રન બનાવ્યા હતા અને પ્રથમ દાવમાં ત્રણ વિકેટ ઝડપી હતી. લીડને આધારે સૌરાષ્ટ્રને ત્રણ પોઈન્ટ મળ્યા હતા.

**વડોદરા વિજયી**

વડોદરાએ ગોવા સામે ૪૭૨ રન આઠ વિકેટે બનાવી દાવ ડિકલેર કર્યા બાદ ગોવાને બંને દાવમાં ૧૯૯ અને ૧૩૮ રનમાં આઉટ કરીને એક ઈનિંગ્સ અને ૧૩૫ રનથી જીત મેળવી. બરોડા તરફથી ભાર્ગવ ભટ્ટે પાંચ વિકેટ ઝડપી હતી.

**ગુજરાતની પણ જીત**

ગુજરાતે ઓડિશાને દસ વિકેટથી હરાવ્યું હતું. તેની પ્રથમ રણજી મેચ રમતા વેદાંત ત્રિવેદીએ ૧૦૮,આર્ય દેસાઈએ ૯૪ રન કર્યા હતા. સિદ્ધાર્થ દેસાઈએ ૬ અને નાગવાસવાલાએ ત્રણ વિકેટ ઝડપી હતી.

**શમીનું ફોર્મ**

બંગાળના મોહમ્મદ શમીએ દિલ્હી સામે પ્રથમ ઈનિંગ્સમાં ચાર વિકેટ ઝડપી હતી. પંજાબના ગુરનૂર બ્રારે આસામ સામે બે વિકેટ મેળવી હતી, જ્યારે આકાશદીપે પણ દિલ્હી સામે બે વિકેટ ઝડપી હતી.

બીજા રાઉન્ડમાં પંજાબ અને છત્તીસગઢ ઉપરાંત અનેક રસપ્રદ મુકાબલા યોજાશે. દિલ્હી અને ગુજરાત, સર્વિસીસ અને બંગાળ, કેરળ અને ઓડિશા, મહારાષ્ટ્ર અને ઝારખંડ, કર્ણાટક અને સૌરાષ્ટ્ર તથા આંધ્ર અને હૈદરાબાદ વચ્ચેની મેચો પર નજર રહેશે.

રણજી ટ્રોફીનું મહત્ત્વ માત્ર પોઈન્ટ ટેબલ કે વિજય સુધી મર્યાદિત નથી. આ સ્પર્ધા ભારતીય ક્રિકેટના ભવિષ્ય માટે ખેલાડીઓની ક્ષમતા ચકાસવાનું મંચ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે રમતા ખેલાડીઓ અહીં પોતાની લય પાછી મેળવી શકે છે, જ્યારે યુવા ખેલાડીઓને અનુભવી ખેલાડીઓ સામે રમવાની તક મળે છે. પ્રથમ રાઉન્ડમાં જયસ્વાલ અને રાહુલ જેવા ખેલાડીઓની નિષ્ફળતા તથા કરુણ નાયર, સ્મરણ રવિચંદ્રન અને વિહાન મલ્હોત્રા જેવા ખેલાડીઓના પ્રદર્શને આ સ્પર્ધાની અનિશ્ચિતતા અને રસ જાળવી રાખ્યો છે.

### શાંઘાઈ ઓપનની ફાઈનલમાં સ્પેનના બે ખેલાડીઓ વચ્ચે ટક્કર

## ઝવેરેવનું શાંઘાઈમાં ચેમ્પિયન બનવાનું સ્વપ્ન રોળાયું : ફોકિના સામે હાર્યો

શાંઘાઈ, તા.૧૭

શાંઘાઈ માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટમાં સ્પેનના ફોકિનાએ ટોચના ક્રમાંકિત જર્મન ખેલાડી એલેક્ઝાન્ડર ઝવેરેવને ત્રણ સેટના સંઘર્ષમાં હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. બીજી સેમિફાઈનલમાં સ્પેનના ૨૦ વર્ષીય રાફેલ જોદારે રશિયાના મેડવેડેવને સીધા સેટમાં પરાજય આપતાં ફાઈનલમાં સ્પેનના બે ખેલાડીઓ વચ્ચે મુકાબલો નિશ્ચિત થયો હતો.

**ફોકિનાની લડત**

ફોકિનાએ પ્રથમ સેટ ૫-૭થી ગુમાવ્યા બાદ જોરદાર વાપસી કરતાં તે પછીના બે સેટ ૬-૪, ૬-૩થી જીતીને મેચ પોતાના નામે કરી હતી. બે કલાકથી વધુ સમય ચાલેલી આ મેચમાં ફોકિનાએ ૩૬ વિનર્સ ફટકાર્યા હતા. ત્રીજા નિર્ણાયક સેટની શરૂઆતમાં ઝવેરેવના ડબલ ફોલ્ટનો લાભ લઈને



### અન્ય સેમી ફાઈનલમાં મેડવેડેવને ૨૦ વર્ષીય જોદારે પરાજય આપ્યો

ફોકિનાએ બ્રેક મેળવી ૨-૦ની સરસાઈ મેળવી હતી. ત્યારબાદ તેણે પોતાની સર્વિસ પર નિયંત્રણ જાળવી રાખીને ઝવેરેવને વાપસી કરવાની તક આપી નહોતી. ઝવેરેવ માટે આ પરાજય નિરાશાજનક રહ્યો હતો.

**જોદારની આસાન જીત**

બીજી તરફ, બીજી સેમિફાઈનલમાં યુવા સ્પેનિશ ખેલાડી રાફેલ જોદારે અનુભવી મેડવેડેવને ૬-૩, ૬-૪થી હરાવીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું.

**સ્પેનનું પ્રભુત્વ**

હવે ફાઈનલમાં તેનો સામનો પોતાના જ દેશના ફોકિના સામે થશે. બંને સ્પેનિશ ખેલાડીઓ વચ્ચેનો આ મુકાબલો ટુર્નામેન્ટ માટે ઐતિહાસિક બની રહેશે. શાંઘાઈ માસ્ટર્સના ઈતિહાસમાં સ્પેનનો કોઈ ખેલાડી અત્યાર સુધી સિંગલ્સ ટાઈટલ જીતી શક્યો નથી. તેથી આ વખતે સ્પેનને પ્રથમ વખત ચેમ્પિયન મળે તેવી ખાતરી થઈ ગઈ છે.

## પેરા એશિયન ગેમ્સ : માનસી જોશી અને તુલસીમતીની જોડીએ મેડલ નિશ્ચિત કર્યો

નાગોયા, તા. ૧૭

જાપાનના નાગોયામાં યોજાઈ રહેલી એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ માં ભારતની સ્ટાર પેરા-બેડમિન્ટન ખેલાડી માનસી જોશી અને તેની પાર્ટનર તુલસીમતી મુરુગેસને મહિલા ડબલ્સમાં સેમી ફાઈનલમાં પ્રવેશ કરીને ભારત માટે મેડલ પાકો કરી લીધો છે. આ મહત્વપૂર્ણ મેચમાં માનસી જોશી અને તુલસીમતી મુરુગેસનની જોડીએ ચીનની યુમેઇ લિઉ અને ટાત્ત્ગટાત્ત્ગ લી ની જોડીને સીધા સેટોમાં ૨૧-૧૦, ૨૧-૧૭ થી હરાવી દીધી હતી. આ જીત તેઓએ પેરા-બેડમિન્ટનની મહિલા ડબલ્સ SL3-SU5 કેટેગરીમાં મેળવી છે. ભારતની આ જોડીએ ગ્રુપ-એમાં ટોચના બે સ્થાનમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરીને સેમિફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે.



### અશ્વિને પસંદગીકારોના નિર્ણયને 'અન્યાય' ગણાવ્યો

## જયસ્વાલને વનડે ટીમમાં સ્થાન નહીં મળતાં અશ્વિન નારાજ

ચેન્નાઈ, તા. ૧૭

ભારતીય ક્રિકેટના યુવા પ્રતિભાશાળી બેટ્સમેન યશસ્વી જયસ્વાલને ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણી માટે ભારતીય ટીમમાં સ્થાન ન મળતાં ભૂતપૂર્વ ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિને પસંદગીકારોના નિર્ણય સામે સવાલો ઉઠાવ્યા છે. અશ્વિનના મતે, સતત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાની તક ન મળવાથી જયસ્વાલના આત્મવિશ્વાસ અને તેની કારકિર્દીના વિકાસ પર નકારાત્મક અસર પડી શકે છે. તેમણે આ નિર્ણયને અયોગ્ય ગણાવ્યો છે.

આ નિર્ણયથી અશ્વિન નિરાશ થયા છે અને તેમણે ટીમ મેનેજમેન્ટ તથા પસંદગીકારોને યુવા બેટ્સમેનને વધુ તક આપવા અપીલ કરી છે. અશ્વિનની



નારાજગીનું મુખ્ય કારણ એ છે કે ભારતીય કેપ્ટન શુભમન ગિલ જો શ્રેણીની છેલ્લી બે વનડેમાં રમવાનો ન હોય, તો તેની જગ્યાએ જયસ્વાલને તક આપી શકાય તેમ હતી.

જયસ્વાલની પ્રતિભા અંગે અશ્વિનની દલીલને તેનો અગાઉનો દેખાવ પણ મજબૂત બનાવે છે.

જયસ્વાલે આ વર્ષે જૂનમાં અફઘાનિસ્તાન સામેની પોતાની છેલ્લી વનડેમાં ૮૬ બોલમાં અણનમ ૧૧૦ રન બનાવ્યા હતા. આ પ્રદર્શન પછી પણ તેને ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણી માટે પસંદ કરવામાં આવ્યો નથી. ૨૦૨૭માં યોજાનારા વનડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખતાં ભારતીય ટીમ માટે યુવા ખેલાડીઓને તૈયાર કરવા અને વિકલ્પો વિકસાવવા મહત્ત્વપૂર્ણ છે.

### રોહિત શર્માને ફરી કેપ્ટનસી સોંપાય તેવી ચર્ચા : આગામી હરાજી પહેલા હેડ કોચની પસંદગી કરવી પડશે

## મુંબઈ ઈન્ડિયન્સના હેડ કોચ જયવર્દનેની વિદાય : ટીમમાં મોટા ફેરફારોની શક્યતા

મુંબઈ, તા ૧૭

આઈપીએલની સૌથી સફળ ટીમોમાં સ્થાન ધરાવતી મુંબઈ ઈન્ડિયન્સ હવે આગામી સિઝન માટે નવેસરથી તૈયારી કરવાની દિશામાં આગળ વધી રહી છે. ટીમના મુખ્ય કોચ જયવર્દનેએ પોતાના પદેથી વિદાય લેવાની આજે જાહેરાત કરી છે. આ કારણે ફ્રેન્ચાઇઝીમાં મોટા ફેરફારોની શક્યતા વધી છે. બીજી તરફ, ટીમના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માને ફરીથી સુકાન સોંપવામાં આવશે કે કેમ તે અંગે પણ ચર્ચા શરૂ થઈ છે.

**બીજી ટર્મમાં નિષ્ફળ**

શ્રીલંકાના ભૂતપૂર્વ કેપ્ટન અને અનુભવી કોચ જયવર્દનેનો મુંબઈ ઈન્ડિયન્સ સાથેનો સંબંધ એક દાયકાથી વધુ સમયનો રહ્યો છે. તેઓ ૨૦૧૭થી ૨૦૨૨ દરમિયાન ટીમના મુખ્ય કોચ હતા. તેમના માર્ગદર્શન હેઠળ મુંબઈ ઈન્ડિયન્સે ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૦માં આઈપીએલનાં ત્રણ ખિતાબ જીત્યા હતા. આ સફળતાએ તેમને ફ્રેન્ચાઇઝીના સૌથી સફળ કોચમાં સ્થાન અપાવ્યું હતું.

૨૦૨૪માં તેઓ ફરી મુખ્ય કોચ તરીકે જોડાયા હતા. જોકે, બીજી ઈનિંગમાં ટીમને અગાઉ જેવી સફળતા મળી નહોતી. ૨૦૨૫ની સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ ચોથા સ્થાને રહી હતી અને પ્લેઆત્ત્ફમાં તેનો પ્રવાસ પૂરો થયો હતો. ત્યાર બાદ ૨૦૨૬ની સિઝનમાં ટીમનું પ્રદર્શન વધુ કથળ્યું હતું. ટીમ માત્ર ચાર મેચ જીતી શકી હતી અને પોઈન્ટ્સ ટેબલમાં નવમા સ્થાને રહી હતી. આ નિરાશાજનક પરિણામો બાદ હવે કોચિંગમાં ફેરફારનો નિર્ણય લેવામાં આવ્યો છે.

**હેડ કોચની શોધ**

જયવર્દનેની વિદાય બાદ મુંબઈ ઈન્ડિયન્સ માટે સૌથી મોટો પ્રશ્ન નવા મુખ્ય કોચની પસંદગીનો છે. ટીમ મેનેજમેન્ટ નવા કોચની નિમણૂક માટે સંભવિત ઉમેદવારો પર વિચાર કરી રહ્યું છે. આગામી દિવસોમાં આ અંગે વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે. પરંતુ કોચ બદલવાથી જ ટીમની સમસ્યાઓનો ઉકેલ આવી જશે કે કેમ તે જોવાનું રહેશે. મુંબઈ ઈન્ડિયન્સ પાસે પ્રતિભાશાળી ખેલાડીઓ હોવા છતાં છેલ્લી કેટલીક સિઝનમાં ટીમ અપેક્ષિત સફળતા મેળવી શકી નથી. ખેલાડીઓની પસંદગી, ટીમનું સંતુલન, નિર્ણાયક મેચોમાં પ્રદર્શન અને કેપ્ટનશિપ આ તમામ મુદ્દાઓ નવા કોચ માટે પડકારરૂપ બની શકે છે.



હા દક પંડ્યાનું મુંબઈ સાથેનું ભાવિ પણ હજુ સ્પષ્ટ નથી થતું

**રોહિત પર નજર**

૨૦૨૪ની સિઝન પહેલાં રોહિતના સ્થાને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવવામાં આવ્યા હતા. આ નિર્ણયને લઈને ચાહકોમાં ભારે ચર્ચા થઈ હતી. હાર્દિકની આગેવાની હેઠળ ટીમ ૨૦૨૪માં પોઈન્ટ્સ ટેબલમાં સૌથી નીચે રહી હતી. ૨૦૨૫માં ટીમે સુધારો કરીને પ્લેઑફમાં સ્થાન મેળવ્યું, પરંતુ ૨૦૨૬માં ફરી નિરાશાજનક પ્રદર્શન કર્યું. આ પરિસ્થિતિમાં રોહિતને ફરીથી કેપ્ટન બનાવવાની અટકળો સ્વાભાવિક છે. મુંબઈની ટીમ કેપ્ટનસીમાં ફેરફાર કરવાનું નક્કી કરે, તો રોહિત શર્મા ઉપરાંત સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા અને જસપ્રીત બુમરાહ જેવા નામો અંગે પણ વિચારણા થઈ શકે છે.

**ટ્રેડનો સમય**

નવા હેડ કોચ, કેપ્ટન ઉપરાંત હાર્દિક પંડ્યાના ભવિષ્ય અંગે પણ અટકળો ચાલી રહી છે. અન્ય ફ્રેન્ચાઈઝી સાથે ખેલાડીઓની આપ-લે એટલે કે ટ્રેડ અંગે પણ અહેવાલો આવ્યા છે. જેમાં મુંબઈ હાર્દિકને મુક્ત કરે તેવી પણ ચાહકોમાં ચર્ચા ચાલે છે. પ્રત્યેક ટીમને ટ્રેડ માટે નવેમ્બર મહિનાની મધ્યમા રણનીતિ નક્કી કરી લેવી પડશે. મુંબઈ ઈન્ડિયન્સ માટે આગામી આઈપીએલ સિઝન જૂની વિજેતા ઓળખ ફરી સ્થાપિત કરવાની કસોટી પણ બની રહેશે.

### ભુવનેશ્વર કુમાર ભારતની ટીમ જોડે જોડાતા હોંગ કોંગ સિક્સસ ટુર્નામેન્ટમાં કૃણાલ પંડ્યા ભારતનો કેપ્ટન રહેશે



### ૧૯ વર્ષીય સિસેએ હેટ્રિક ગોલ સાથે ઈતિહાસ સર્જ્યો

## યુરોપા લીગ : એસી મિલાનનો સાલ્ઝબર્ગ સામે ૪-૦થી વિજય

સાલ્ઝબર્ગ, તા. ૧૭

યુરોપા લીગ ફૂટબોલ સ્પર્ધામાં એસી મિલાને ઓસ્ટ્રિયાની ટીમ આરબી સાલ્ઝબર્ગને તેના જ ઘરઆંગણે ૪-૦થી હરાવીને શાનદાર પુનરાગમન કર્યું હતું. મિલાનના ૧૯ વર્ષીય યુવા ફોરવર્ડ અલ્ફાદ્જો સિસે આ મુકાબલાનો સૌથી મોટો હીરો બન્યો હતો. તેણે મેચની પ્રથમ ૪૯ મિનિટમાં જ ત્રણ ગોલ નોંધાવી હેટ્રિક પૂરી કરી હતી. ગોન્ઝાલો રામોસે ચોથો ગોલ કરીને મિલાનના વિજય પર મહોર મારી હતી.૧૫મી મિનિટે ઓમારી હચિન્સનના સુંદર ક્રોસ પર સિસેએ હેડર દ્વારા ગોલ કરીને મિલાનને ૧-૦ની સરસાઈ અપાવી હતી. ત્યાર બાદ ૩૨મી મિનિટે ડેવિડે બાર્ટેસાગીના પાસનો લાભ ઉઠાવી સિસેએ પોતાનો બીજો ગોલ નોંધાવ્યો હતો. પ્રથમ હાફના અંતે મિલાન ૨-૦થી આગળ હતું. ૪૯મી મિનિટે એડ્રિયન રાબિયોના ક્રોસ પર ગોલ કરીને તેણે હેટ્રિક પૂરી કરી હતી.



૧૧ નવેમ્બરે ગ્રીસમાં લગ્ન વિધિ, ચેન્નાઈમાં રિસેપ્શન યોજાશે

### કાવ્યા મારન SRH ટીમની માલિક છે

## કાવ્યા મારન અને અનિરુદ્ધ નવેમ્બરમાં લગ્નગ્રંથિથી જોડાશે

હૈદરાબાદ : દક્ષિણ ભારતીય મનોરંજન જગત અને ક્રિકેટની દુનિયા સાથે જોડાયેલા બે લોકપ્રિય નામ કાવ્યા મારન અને અનિરુદ્ધ રવિચંદરના લગ્નના સમાચાર ચર્ચામાં છે. આઈ.પી.એલ.ની ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ હૈદરાબાદની માલિક અને સી.ઈ.ઓ. કાવ્યા મારન અને જાણીતા સંગીતકાર અનિરુદ્ધ રવિચંદર નવેમ્બર, આવતા મહિને લગ્ન કરશે. તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીને લગ્નના રિસેપ્શનનું આમંત્રણ મળ્યા બાદ આ સમાચારને સત્તાવાર સમર્થન મળ્યું છે. સન ગ્રુપના અધ્યક્ષ કલાનિધિ મારન અને તેમનાં પત્ની કાવેરી મારને હૈદરાબાદમાં રેવંત રેડ્ડીને રૂબરૂ મળીને આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગની તસવીરો અને માહિતી તેલંગાણાના મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવતાં લગ્નની તૈયારીઓ અંગેની ચર્ચાએ જોર પકડ્યું છે. લગ્ન વિધિ ગ્રીસમાં ૧૧ નવેમ્બરે યોજાઈ શકે છે. ચેન્નાઈમાં ૨૧ નવેમ્બરે રિસેપ્શનનું આયોજન થવાની સંભાવના છે.

# ફોલોઅર્સથી બિઝનેસ સામ્રાજ્ય સુધી : Gen Z યંગ સ્ટાર્સ


મિસ્ટર બીસ્ટ


કાઈલી જેનર


જેક પોલ


રાયન કાજી


જંગકુક


બિલી આઈલિશ

ડિજિટલ યુગમાં સેલિબ્રિટી બનવાનો અર્થ માત્ર ફિલ્મો કે મ્યુઝિક પૂરતો રહ્યો નથી. યંગ સ્ટાર્સે યુટ્યુબ, સોશિયલ મીડિયા, બ્યૂટી પ્રોડક્ટ્સ અને બ્રાન્ડ ડીલ્સ સાથે કમાણીની નવી તકો ઊભી કરી છે. **મિસ્ટર બીસ્ટ :** જિમ્મી ડોનાલ્ડસન તરીકે જન્મેલા મિસ્ટર બીસ્ટ યુટ્યુબ પર ખૂબ પોપ્યુલર થયો છે. તેની કંપની બીસ્ટ ઈન્ડસ્ટ્રીઝ ફિસ્ટેબલ ચોકલેટ બ્રાન્ડ સહિત અનેક બિઝનેસમાં સક્રિય છે. ૨૦૨૬માં તેની વાર્ષિક કમાણી લગભગ ૩૦૦ મિલિયન ડોલર હતી. **કાઈલી જેનર :** રિયાલિટી ટીવીથી જાણીતી બનેલી કાઈલીએ ૨૦૧૫માં કાઈલી કોસ્મેટિક્સ શરૂ કરી હતી. ૨૦૨૦માં કોસ્મેટિક્સ કંપની કોટીએ તેમાં ૫૧ ટકા હિસ્સો ૬૦૦ મિલિયન ડોલરમાં ખરીદ્યો હતો. સોશિયલ મીડિયા પર તેની લોકપ્રિયતાએ બ્યૂટી બિઝનેસને ગ્લોબલ બનાવવામાં મદદ કરી. **જેક પોલ :** યુટ્યુબથી કારકિદી શરૂ કરનાર જેક પોલે બોકિંસગમાં પ્રવેશ કર્યો. સોશિયલ મીડિયાના ફોલોવર્સને કારણે તેની બોકિંસગ મેચિઝે આંતરરાષ્ટ્રીય ધ્યાન ખેંચ્યું. **રાયન કાજી :** બાળપણમાં રમકડાંના રિવ્યૂના વીડિયોથી લોકપ્રિય બનેલા રાયનની રાયન્સ વર્લ્ડ ચેનલ આગળ જતાં મોટી બ્રાન્ડમાં ફેરવાઈ. ટોય્ઝ, વીડિયો ગેમ્સ અને બાળકો માટેના મનોરંજન સાથે જોડાયેલા આ બિઝનેસે ડિજિટલ કન્ટેન્ટને નવી દિશા આપી. **જંગકુક :** દક્ષિણ કોરિયન બેન્ડ બીટીએસના મેમ્બર તરીકે વૈશ્વિક ઓળખ મેળવનાર જંગકુકે સેવન અને સ્ટેન્ડિંગ નેક્સ્ટ ટુ યુ જેવા સોંગ્સથી સોલો સિંગર તરીકે સફળતા મેળવી. તેણે અનેક ટોપ બ્રાન્ડ્સ સાથે ડીલ કરી છે. **બિલી આઈલિશ :** અનેક હિટ સોંગ્સથી જાણીતી બનેલી બિલીએ મ્યુઝિકની સાથે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ સફળતા મેળવી છે. નો ટાઈમ ટુ ડાય અને વોટ વોઝ આઈ મેડ ફોર જેવા સોંગ્સને ઓસ્કાર મળ્યા છે.

**મિસ્ટર બીસ્ટે ૨૦૨૬માં ૩૦૦ મિલિયન ડોલરની કમાણી કરી છે : કાઈલીએ તેની કોસ્મેટિક બ્રાન્ડનો હિસ્સો ૬૦૦ મિલિયન ડોલરમાં વેચ્યો હતો**

**જેક પોલે યુટ્યુબના વીડિયો બનાવવાથી કારકિર્દીની શરૂઆત કરી હતી, છેલ્લા ઘણા સમયથી બોક્સર તરીકે નવા રંગરૂપમાં દર્શકો સમક્ષ આવ્યો**

### નવેમ્બરથી ફિલ્મનું શૂટિંગ શરૂ થશે

## પ્રિયદર્શન નિર્દેશિત આગામી ફિલ્મમાં અક્ષયકુમાર શિકારીની ભૂમિકામાં

મુંબઈ, તા. ૧૭

પ્રિયદર્શન અને અક્ષય કુમારની જોડીની એક ઓર ફિલ્મ આવી રહી છે. પ્રિયદર્શનની આગામી ફિલ્મમાં અક્ષય કુમાર શિકારીની ભૂમિકામાં જોવા મળશે.



આ ફિલ્મનું નિર્માણ રમેશ તૌરાણી કરી રહ્યા છે. જો કે, પ્રિયદર્શને આ મામલે હાલ કશું કહેવાની ના પાડી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દેવામાં આવશે. રાજસ્થાન અને મધ્યપ્રદેશના વનવિસ્તારોમાં તથા મુંબઈમાં બનાવવામાં આવનારા સેટ્સ પર ત્રણ મહિના સુધી શૂટિંગ કરવામાં આવશે.

આ ફિલ્મમાં અક્ષય કુમાર ઉપરાંત અન્નુ કપૂર અને રાજપાલ યાદવ પણ મહત્વની ભૂમિકાઓ ભજવી રહ્યા છે. હાલ ફિલ્મની હિરોઈન માટે ખોજ ચાલુ છે. ફિલ્મની પટકથા પ્રિયદર્શન અને રોહન શંકરે લખી છે. બંને જણાંએ અગાઉ ભૂતબંગલા ફિલ્મમાં સાથે કામ કર્યું છે.

**રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં વિવિધ વન વિસ્તારોમાં ત્રણ મહિના સુધી શૂટિંગ કરાશે**

### આ મામલે વધુ સુનાવણી ૨૯ ઓક્ટોબરે કરાશે

## ક્રિતી સેનનની પર્સનાલિટી રાઈટ્સના રક્ષણ માટે દિલ્હી હાઈકોર્ટમા અરજી

મુંબઈ, તા. ૧૭

ક્રિતી સેનને પોતાના પર્સનાલિટી અને પબ્લિસિટી રાઈટ્સના ગેરકાનુની દુરૂપયોગ સામે રક્ષણ મેળવવા માટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. સિંગલ જજ પુરુષૈન્દ્ર કુમારની બેન્ચ સમક્ષ આ કેસ સુનાવણી કરવામાં આવી હતી.



ન્યાયાધીશે ક્રિતીના વકીલને સુસંગત ચૂકાદાઓ તથા પર્સનાલિટી રાઈટ્સ વિશેની સંશોધિત સામગ્રીને રેકોર્ડ પર મુકવા જણાવ્યું હતું. ક્રિતીની કાનુની ટીમ દ્વારા સુપરત કરવામાં આવેલી સામગ્રીનો અભ્યાસ કરી હાઈકોર્ટ તેનો ચૂકાદો આપશે. આ કેસનું વધુ સુનાવણી ૨૯ ઓક્ટોબરે કરવામાં આવશે.

સેલિબ્રિટીઓના નામ અને ઈમેજનો ગેરકાયદે વેપારી ઉપયોગ થવા ઉપરાંત હવે એઆઈ જનરેટેડ સામગ્રીનો પણ ગેરકાયદે ઓનલાઈન દુરૂપયોગ વધી રહ્યો છે ત્યારે ઘણાં ફિલ્મ સ્ટાર્સે આવી અરજી નોંધાવીને એક પ્રકારનું કાનુની રક્ષણ મેળવ્યું છે. બીગ બીથી માંડી અનિલ કપૂર સુધી ઘણાં ફિલ્મસ્ટાર્સે આવું કાનુની રક્ષણ હાઈકોર્ટમાંથી મેળવ્યું છે.

**દિલ્હી હાઈકોર્ટે ક્રિતીના વકીલને સુસંગત ચૂકાદાઓ અને અન્ય સંશોધિત સામગ્રી સુપરત કરવા જણાવ્યું**

### કુણાલ કપૂર ઈન્દ્રની ભૂમિકામાં

## રામાયણ ફિલ્મ માટે પડદાં પાછળ દસ હજાર ટેકનિશ્યન્સ કામ કરી રહ્યા છે

મુંબઈ, તા. ૧૭

રામાયણ ફિલ્મના એક નવી પ્રમોશનલ વિડિયોમાં ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ જણાવ્યું હતું કે આ ફિલ્મ માટે દસ હજારથી વધારે ટેકનિશ્યન્સ દુનિયાભરમાં કામ કરી રહ્યા છે.



ફિલ્મના નવા પ્રોમોમાં સીતા સાઈ પલ્લવીને અસુરો સામે લડતાં બતાવવામાં આવી છે તો કુણાલ કપૂર પણ ઈન્દ્ર તરીકે પોતાનું વજ્ર લઈને દેખાય છે. રાવણની ભૂમિકા ભજવતો યશ પણ ભગવાન શિવની વિરાટ પ્રતિમા સમક્ષ તાંડવ કરતો જણાય છે.

ચાર હજાર કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલી આ ફિલ્મ અંગે મલ્હોત્રાએ જણાવ્યું હતું કે કેટલીક ફિલ્મો બનાવવામાં આવતી હોતી નથી તે બની જાય છે. પાંચ નવેમ્બરે રિલિઝ થનારી આ ફિલ્મમાં એ આર રહેમાન ઉપરાંત હોલિવૂડના સંગીતકાર હાન્સ ઝીમરે પણ સંગીત આપ્યું છે.

**રૂ. ચાર હજાર કરોડના ખર્ચે બની રહેલી રામાયણમાં હોલિવૂડના કમ્પોઝર હાન્સ ઝિમરનું સંગીત**

### ત્રણ વર્ષમાં પોણા બે કરોડ રૂપિયાની ભાડાંની આવક

## રણબીરે પૂણેનો એપાર્ટમેન્ટ મહિને ૪.૬૩ લાખ રૂ.ના માસિક ભાડે આપ્યો

મુંબઈ, તા. ૧૭

રણબીર કપૂરે પૂણેના કલ્યાણીનગરમાં આવેલાં ટ્રમ્પ ટાવર એમાં આવેલો પોતાનો દસમા માળનો એપાર્ટમેન્ટ ત્રણ વર્ષ માટે લીવ એન્ડ લાઈસન્સ ધોરણે ભાડાં પર આપ્યો છે. ૬૦૯૪ ચોરસ ફૂટના આ એપાર્ટમેન્ટની સાથે ત્રણ કવર્ડ પાર્કિંગ સ્પેસીસનો પણ સમાવેશ થાય છે.



૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૯ સુધી માન્ય લીવ એન્ડ લાઈસન્સ કરાર અનુસાર પ્રથમ વર્ષ માટે માસિક ભાડું ૪.૬૩ લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે તેમાં દર વર્ષે પાંચ ટકાનો વધારો થતાં બીજા વર્ષે માસિક ભાડું ૪.૮૬ લાખ રૂપિયા અને ત્રીજા વર્ષે માસિક ભાડું ૫.૧૧ લાખ રૂપિયા થશે. આ કરારમાં ૨૭.૭૮ લાખ રૂપિયાની સિક્યુરિટી ડિપોઝીટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રણ વર્ષમાં રણબીર કપૂરને પોણાં બે કરોડ રૂપિયાની ભાડાંની આવક આ એપાર્ટમેન્ટમાંથી થશે.

આ એપાર્ટમેન્ટ રૂચિ ગોયલને ભાડે આપવા માટે છ ઓક્ટોબરે કરાર કરવામાં આવ્યો છે.

**યરવડામાં આવેલા ટ્રમ્પ ટાવરમાં દસમો માળ લીવ એન્ડ લાઈસન્સ ધોરણે ત્રણ વર્ષ માટે ભાડા પેટે આપ્યો**

### રશિયન ક્રૂડ મુદ્દે દુનિયાને ડરાવતા ટ્રમ્પે ચૂંટણીનો રેલો આવતા રશિયન ક્રૂડ ખરીદવા દરવાજા ખોલી કાઢ્યા

# ફ્રીડમ ફ્યુઅલ : ભારતને દબાવવા અમેરિકાની નૈતિકતાનો નફ્ફટ નાચ

છેલ્લા કેટલાક વર્ષોથી આંતરરાષ્ટ્રીય કૂટનીતિના રંગમંચ પર એક અત્યંત રોચક અને નાટકીય ખેલ ભજવાઈ રહ્યો છે. આ ખેલનું નામ છે: વોશિંગ્ટનનો વૈશ્વિક નૈતિકતાનો નફ્ફટ ઉપદેશ.

**નૈતિક નાટક પોતાની ચરમસીમાએ પહોંચ્યું સપ્ટેમ્બર ૨૦૨૬માં. યુએસ કોંગ્રેસમાં ભારે દેશભક્તિના સૂત્રોચ્ચાર અને બંને મુખ્ય પક્ષોના અભૂતપૂર્વ સમર્થન સાથે 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ' પસાર કરવામાં આવ્યો. તેના હેઠળ રશિયા પાસેથી ક્રૂડ લેનારા ભારત, ચીન જેવા દેશો ઉપર ૧૦૦ ટકા ટેરિફ નાખવાની ધમકીઓ અપાઈ : બરાબર ચૂંટણીના ઉંબરે અમેરિકામાં ડીઝલના ભાવ પ્રતિ ગેલન ૬.૫૨ ડૉલરની સર્વકાલીન ઊંચાઈએ પહોંચી ગયા. દેશના પાયા સમાન ખેડૂતો, ઔદ્યોગિક પરિવહન ક્ષેત્ર અને ટ્રક ચાલકો રસ્તા પર આવી ગયા. જનતામાં વિરોધનો વંટોળ ઊભો થયો. સત્તાધારી પક્ષને સંસદમાં પોતાની બહુમતી ગુમાવવાનો સ્પષ્ટ ડર દેખાવા લાગ્યો અને ટ્રમ્પે નફ્ફટાઈની પરાકાષ્ઠાએ પહોંચીને રશિયન ક્રૂડની આયાત માટે કાયદો નેવે મૂકી દીધો : અમેરિકી તિજોરી ભલે ક્રેમલિનના ડીઝલ જહાજોને લાલ જાજમ પાથરીને આવકારે, ભારત પોતાના ૧૪૦ કરોડ લોકોની ઊર્જા સુરક્ષા અને આર્થિક સ્વાતંત્ર્યને સૌથી ઉપર રાખશે. જ્યારે કોઈ મહાસત્તાનું વર્તન આટલં સ્પષ્ટપણે દંભી, અસંગત અને સ્વાર્થી સાબિત થઈ ચૂક્યું હોય, ત્યારે તેની સાથે કાયદાના નિયમો પર દલીલ કરવામાં સમય બગાડવો નિરર્થક છે**

જ્યારે ૧.૪ અબજ નાગરિકોના વિશાળ દેશ ભારતે પોતાના સામાન્ય જનજીવનને ઊર્જા સંકટના અંધકારમાંથી ઉગારવા માટે રશિયા પાસેથી રાહતદરે ક્રૂડ આ[illegible] આયાત કરવાનું શરૂ કર્યું, ત્યારે પશ્ચિમી મીડિયા અને વોશિંગ્ટનના થિંક-ટેન્કોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો. આપણને આંતરરાષ્ટ્રીય મંચો પર ઊભા રાખીને અપરાધી સાબિત કરવાનો પૂરજોશ પ્રયાસ થયો. ભાષણો આપવામાં આવ્યા કે ભારત દ્વારા ખરીદાયેલા રશિયન તેલનું એક-એક ટીપું વ્લાદિમીર પુતિનના યુદ્ધતંત્રને લોહી પૂરું પાડી રહ્યું છે. પશ્ચિમે ભારતને આર્થિક બહિષ્કારની ધમકીઓ આપી, રાજદ્વારી દબાણ ઊભું કર્યું અને 'રૂલ્સ-બેઝ્ડ ઈન્ટરનેશનલ ઓર્ડર' એટલે કે નિયમ-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના નામે નીતિશાસ્ત્રના બોધપાઠ આપ્યા.

રાજદ્વારી ઈતિહાસ સાક્ષી છે કે પશ્ચિમી દેશો જ્યારે પોતાના સિદ્ધાંતોનું માર્કેટિંગ કરે છે, ત્યારે તેમાં સૌથી મોટો સ્વાર્થ છુપાયેલો હોય છે. વર્ષ ૨૦૨૫માં જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય નિકાસો પર ૨૫ ટકા દંડાત્મક ટેરિફ લાદવાની જાહેરાત કરી, ત્યારે તેને વિશ્વ સમક્ષ આંતરરાષ્ટ્રીય સદાચારના પાઠ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. વોશિંગ્ટનથી સ્પષ્ટ ફરમાન સંભળાવાયું હતું કે રશિયન હાઈડ્રોકાર્બન્સના અણુ-અણુમાં અનૈતિકતા સમાયેલી છે, જ્યારે અમેરિકાનું નૈતિક ચારિત્ર્ય સંપૂર્ણપણે પવિત્ર અને અડગ છે. આખી દુનિયાએ અમેરિકી નેતૃત્વની આ આચારસંહિતાનું મૂકપણે પાલન કરવું પડશે, નહીંતર આર્થિક બહિષ્કાર માટે તૈયાર રહેવું પડશે.

આ નૈતિક નાટક પોતાની ચરમસીમાએ પહોંચ્યું સપ્ટેમ્બર ૨૦૨૬માં. યુએસ કોંગ્રેસમાં ભારે દેશભક્તિના સૂત્રોચ્ચાર અને બંને મુખ્ય પક્ષોના અભૂતપૂર્વ સમર્થન સાથે 'લિન્ડસે ઓ.ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ' પસાર કરવામાં આવ્યો. રાષ્ટ્રપતિ ટ્રમ્પે અત્યંત ગર્વ સાથે ટીવી કેમેરા સામે આ કાયદા પર હસ્તાક્ષર કર્યા. આ કાયદા દ્વારા અમેરિકન વહીવટીતંત્રને એવી અસિમિત સત્તા મળી ગઈ કે તે રશિયા પાસેથી ઊર્જા ખરીદવાની હિમાકત કરનારા ભારત અને ચીન જેવા દેશો પર ૧૦૦ ટકા જેટલો આકરો ટેરિફ લાદી શકે. કેપિટલ હિલના ગલિયારાઓમાંથી ગૂંજતી નૈતિક સ્પષ્ટતા એટલી પ્રચંડ હતી કે સામાન્ય માણસ પણ માની બેસે કે અમેરિકા વિશ્વમાંથી પાપનો નાશ કરવા નીકળ્યું છે. અમેરિકી સેનેટરોએ ભારતને સંબોધીને જાહેરમાં ઘમંડભર્યા પ્રવચનો આપ્યા કે ભારતે હવે 'પોતાનું વર્તન સુધારવું પડશે' અને પોતાનું ક્રૂડ ઓઈલ 'ક્યાંક બીજેથી' ખરીદવું પડશે. ભારતના કરોડો પરિવારોના રસોડાના બજેટ કે ગરીબોની ભૂખમરા સામેની લડાઈ કરતાં અમેરિકી સેનેટરોની કાલ્પનિક નૈતિકતા વધુ મહત્વની ગણવામાં આવી.

જો કે, કેલેન્ડરના પાનાં પલટાયા અને તાજેતરમાં ઓક્ટોબર મહિનો આવ્યો. અમેરિકામાં મિડટર્મ ચૂંટણીઓનો માહોલ ગરમાયો હતો. સામાન્ય અમેરિકન મતદાર રોજિંદા ખર્ચ અને મોંઘવારીથી ત્રસ્ત હતો. બરાબર ચૂંટણીના ઉંબરે અમેરિકામાં ડીઝલના ભાવ પ્રતિ ગેલન ૬.૫૨ ડૉલરની સર્વકાલીન ઊંચાઈએ પહોંચી ગયા. દેશના પાયા સમાન ખેડૂતો, ઔદ્યોગિક પરિવહન ક્ષેત્ર અને ટ્રક ચાલકો રસ્તા પર આવી ગયા. ગ્રોસરી સ્ટોર્સમાં ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતાં જનતામાં વિરોધનો વંટોળ ઊભો થયો. સત્તાધારી પક્ષને સંસદમાં પોતાની બહુમતી ગુમાવવાનો સ્પષ્ટ ડર દેખાવા લાગ્યો. પછી જે બન્યું, તે અકલ્પનીય હતું. વોશિંગ્ટનની અતૂટ ગણાતી નૈતિકતાનું મહોરું ખુલી ગયું. આખી દુનિયાએ જોયું કે અમેરિકી ઉચ્ચ સિદ્ધાંતોની એક અત્યંત મર્યાદિત 'એક્સપાયરી ડેટ' હોય છે, જે ઘરેલું ચૂંટણીની તારીખો સાથે સીધી જોડાયેલી છે.

**ન્યૂઝ ફોકસ**

ત્યારબાદ વ્હાઈટ હાઉસે જે પગલું ભર્યું, તેની નફ્ફટાઈની પરાકાષ્ટા હતી. જે કાયદો હજુ માંડ ત્રણ અઠવાડિયાં પહેલાં જ રાષ્ટ્રપતિના હસ્તાક્ષરથી અમલમાં આવ્યો હતો, તે જ કાયદાને ખુદ રાષ્ટ્રપતિ ટ્રમ્પે કચરાની ટોપલીમાં પધરાવી દીધો. તેમણે પડદા પાછળ વ્લાદિમીર પુતિન સાથે એક અતિવિશાળ ઊર્જા ડીલ ફાઈનલ કરી નાખી. આ કરાર હેઠળ ૪.૮ મિલિયન ટન રશિયન શુદ્ધ ડીઝલ સીધું અમેરિકન બંદરો પર આયાત કરવાની મંજૂરી આપવામાં આવી. જે વહીવટીતંત્ર સામાન્ય દિવસોમાં નાના કાયદાકીય કાગળિયાં ખસેડવામાં મહિનાઓ વીતાવી દે છે, તે જ યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે અકલ્પનીય કાર્યક્ષમતા બતાવી. તેમણે રાતોરાત એક હંગામી જનરલ લાયસન્સ જારી કરી દીધું, જેનાથી ઊર્જા પ્રતિબંધો હળવા થઈ ગયા અને રશિયન ડીઝલ ટેન્કરો માટે એપ્રિલ ૨૦૨૭ સુધી અમેરિકાના દરવાજા પહોળા થઈને ખુલી ગયા.

આ ઘટનાનું થોડું ગંભીર અને તટસ્થ પૃથક્કરણ કરીએ તો આંતરરાષ્ટ્રીય રાજકારણનો દંભ પૂરેપૂરો ઉઘાડો પડી જાય છે. જ્યારે ભારત જેવો વિકાસશીલ દેશ પોતાની ૧૪૦ કરોડની પ્રજાને આર્થિક પીડા અને મોંઘવારીથી બચાવવા માટે રશિયન ક્રૂડ ખરીદે છે, ત્યારે તેને પશ્ચિમની નજરમાં 'નૈતિક પતન' અને 'માનવતા વિરુદ્ધનો અપરાધ' ગણાવીને ૧૦૦ ટકા ટેરિફની ધમકી આપવામાં આવે છે. પરંતુ જ્યારે ટ્રમ્પ પોતાની રાજકીય ખુરશી બચાવવા અને ચૂંટણીમાં હારના ડરથી શુદ્ધ રશિયન ડીઝલ ખરીદે છે, ત્યારે તે એકાએક 'મુત્સદ્દીગીરીનું ઉચ્ચ સ્તરનું વ્યવહારુ પગલું' બની જાય છે. આ તર્ક સાંભળીને આખી દુનિયા સ્તબ્ધ છે. એવું લાગે છે કે રશિયન ઊર્જા માત્ર ત્યારે જ ક્રેમલિનના યુદ્ધતંત્રને પોષે છે જ્યારે તેનું પેમેન્ટ ભારતીય રૂપિયામાં થાય; પરંતુ જ્યારે એ જ ઊર્જા માટે વોશિંગ્ટનમાંથી લીલા રંગના અમેરિકન ડાલ્લરો વહે છે, ત્યારે તે નાણાં પવિત્ર બની જાય છે અને તેમાંથી કોઈ યુદ્ધ ભંડોળ ઊભું થતું નથી.

પૃથ્વીના ઉત્તર અને દક્ષિણ ગોળાર્ધ વચ્ચે આર્થિક સિદ્ધાંતો આટલી હદે કેમ બદલાઈ જાય છે? નવી દિલ્હી જ્યારે પોતાના નાગરિકો માટે મોંઘવારીનો ઉકેલ શોધે છે ત્યારે તે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે ખતરો ગણાય. પરંતુ જ્યારે ટ્રમ્પ ચૂંટણી જીતવા માટે તેલના ભાવ કાબૂમાં રાખવા માગે, ત્યારે રશિયન ડીઝલનું શુદ્ધિકરણ થઈને તે 'ફ્રીડમ ફ્યુઅલ' બની જાય છે. આપણે ટ્રમ્પ વહીવટીતંત્રની નૈતિક કસરતની પ્રશંસા કરવી પડેત તેમણે સાબિત કરી દીધું કે તેમના માટે 'અમેરિકા ફર્સ્ટ'નો વાસ્તવિક અર્થ 'દંભ સર્વોપરી' છે.



આટલા પ્રચંડ વિરોધાભાસને ઢાંકવા માટે પ્રમુખ તરફથી એક નવો જ હાસ્યાસ્પદ દાવો રજૂ કરવામાં આવ્યો. તેમણે જાહેર કર્યું કે રશિયા અને યુક્રેન વચ્ચે 'ઊર્જા યુદ્ધવિરામ' પર સહમતિ સધાઈ ગઈ છે. જોકે આ દાવાનું આયુષ્ય ચોવીસ કલાક પણ ન ટકી શક્યું. બીજા જ દિવસે સવારે રશિયન ગ્લાઈડ બોમ્બ યુક્રેનના રહેણાંક વિસ્તારો અને પાવર ગ્રીડ પર ત્રાટક્યા અને યુક્રેનિયન પ્રમુખ ઝેલેન્સ્કીએ ખુલ્લેઆમ કહ્યું કે આવો કોઈ યુદ્ધવિરામ થયો જ નથી. જ્યારે અમેરિકી મીડિયાએ ટ્રમ્પને આ વિસંગતતા વિશે સવાલ પૂછ્યા, ત્યારે તેમણે અત્યંત બેદરકારીથી કહી દીધું કે 'હવે કદાચ યુક્રેને નવો પ્રમુખ શોધવાનો સમય આવી ગયો છે.' બસ, સમસ્યાનું સમાધાન થઈ ગયું. પોતાના સ્વાર્થ ખાતર પોતાના જ સાથી રાષ્ટ્રોને રઝળતા મૂકી દેવાની પશ્ચિમની આ જૂની આદત ફરી એકવાર ચરિતાર્થ થઈ. અમેરિકાની સંસદ પણ પોતાના શાસકોના આ યુ-ટર્નથી ચકરાવે ચડી ગઈ છે. બંને પક્ષોના તટસ્થ ધારાશાસ્ત્રીઓ આંગળી ચીંધી રહ્યા છે કે રશિયન તેલની આ સીધી આયાત વર્ષ ૨૦૨૨ના એ સંઘીય કાયદાનું સીધું ઉલ્લંઘન છે, જેમાં રશિયન ઊર્જા પર પૂર્ણ પ્રતિબંધ મુકાયો હતો.

## અમેરિકા પોતે કરે તે વ્યવહારુ અને બીજા દેશો કરે તે માનવતા સામેનો ગુનો !

ઉલ્લેખનીય છે કે, નવી દિલ્હીના રાયસિના હિલ પર બેસીને ભારત આ સમગ્ર પરિદ્રશ્યને ખૂબ જ ગંભીરતાથી અને સ્મિત સાથે મૂલવી રહ્યું છે.

આ ઘટનાક્રમે ભારત અને સમગ્ર ગ્લોબલ સાઉથને એક મોટો પાઠ ભણાવ્યો છે, પશ્ચિમી પ્રતિબંધો કોઈ ન્યાય, સમાનતા કે વૈશ્વિક શાંતિના અડગ સ્તંભ નથી. તેઓ વાસ્તવમાં એક અત્યંત દંભી અને સગવડિયો વ્યવહાર છે. જ્યારે વોશિંગ્ટનમાં સત્તાની ઠંડી હવા ફૂંકાય અને ઘરેલું ચૂંટણી હારવાનો ભય પેદા થાય, ત્યારે એ પડદો હટાવીને રશિયન ડીઝલની હૂંફ લઈ લેવામાં આવે છે; અને જ્યારે બીજા કોઈ દેશ પર દબદબો જમાવવો હોય, ત્યારે એ જ બાબતને હથિયાર તરીકે આગળ ધરીને માનવતા અને કાયદાના પ્રવચનો શરૂ કરી દેવાય છે. આવા સંજોગોમાં ભારત જેવા સ્વતંત્ર રાષ્ટ્ર માટે સ્પષ્ટ સંદેશ છે કે આપણે કોઈના ખોટા નૈતિક દબાણ હેઠળ આવવાની જરૂર નથી. અમેરિકી તિજોરી ભલે ક્રેમલિનના ડીઝલ જહાજોને લાલ જાજમ પાથરીને આવકારે, ભારત પોતાના ૧૪૦ કરોડ લોકોની ઊર્જા સુરક્ષા અને આર્થિક સ્વાતંત્ર્યને સૌથી ઉપર રાખશે.

જ્યારે કોઈ મહાસત્તાનું વર્તન આટલું સ્પષ્ટપણે દંભી, અસંગત અને સ્વાર્થી સાબિત થઈ ચૂક્યું હોય, ત્યારે તેની સાથે કાયદાના નિયમો પર દલીલ કરવામાં સમય બગાડવો નિરર્થક છે. વોશિંગ્ટનના આપણા મિત્રો માટે હવે ભારતીય જનતા તરફથી એક જ સંદેશ છે, તમારા નવા આયાત કરેલા, પ્રીમિયમ રશિયન ડીઝલ પર કોઈપણ અપરાધભાવ વિના વૈભવી સવારીની મજા માણો.

લિન્ડસે ગ્રેહામ એક્ટની ચિંતા કરવાનું છોડી દો, કારણ કે હવે આખું વિશ્વ જાણી ચૂક્યું છે કે એ કાયદાની શાહી માત્ર અન્ય દેશોને ડરાવવા માટે જ વપરાય છે, પોતાના પર લાગુ કરવા માટે નહીં.

અમેરિકા અને તેના પ્રમુખોએ સમયાંતરે દુનિયાને આવા જ ગતકડાં અને અવનવા નિયમો અને પ્રતિબંધો દ્વારા દબાણમાં રાખી છે અને મુર્ખ બનાવવાનો પ્રયાસ કર્યો છે. ભારતે હવે આ સ્થિતિનો પાઠ ભણીને અમેરિકાને વળતો જવાબ આપવા સજ્જ થવું જોઈએ અથવા તો બિનજૂરી દબાણમાં આવવું જોઈએ નહીં.

# અમદાવાદમાં ૩૭ ડિગ્રી સાથે ગરમી યથાવત્

અમદાવાદ, શનિવાર

અમદાવાદમાં આજે ૩૭ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧ ડિગ્રીનો વધારો થયો હતો. હજુ આગામી પાંચ દિવસ તાપમાન ૩૭ની આસપાસ જ રહેશે. રાજ્યમાંથી રાજકાટમાં ૪૦.૩ ડિગ્રી સાથે સૌથી વધારે તાપમાન નોધાયું હતું. સુરતમાં ૩૭.૫, વડોદરામાં ૩૭.૨ ડિગ્રીએ ગરમીનો પારો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર સોમવારે નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી અને ભાવનગરમાં ગાજવીજ સાથે હળવો વરસાદ પડી શકે છે.


4BHK ફ્લેટ વેચવાના છે
3121 / 4130
D-204 / B-2402
Ready to Move / Higher floor unit Possession Soon
9879114454 - 9879114498

જોઈએ છે ખેતી લાયક જમીન
દહેગામ આજુબાજુ
25 થી 80 વિઘા
9825612039

Plot For Sale
1750 વાર F.P.
N.A. પજેશન સાથે
R2 Zone 18 MTR
8000538755

એગ્રીકલ્ચર જમીન વેચવાની છે
R3 પ્લોટ વેચવાના છે
COLDWELL BANKER
9824026653

વેચાણ/ભાડે આપવાની છે.
ઓફીસ / ક્લિનીક / ટ્યુશન ક્લાસ / હેલ્થ ક્લબ લાયક
M. : 8401861591
M. : 9377420074

Ready Possession
Plots @ 30Lakh
• Bank Loan Available
• All Amenities Ready
Sanand, Ahmedabad
9930069141 - 8000444477

પ્રોપર્ટી વેચાણ આપવાની છે
Mo. 93137 10414

ભાડે આપવાના છે શોરૂમ
2000 થી 32000 સ્ક્વે.ફૂટ
M- 9824499622, 9925405129

વેચવાની છે.
શોપ આશરે 500 સ્ક્વે.ફૂટ
મો.9825606910

વેચવાની છે લક્ઝુરિયસ પ્રોપર્ટી
Gala Ikebana
1200 વાર
સાણંદ
VISHWASH ESTATE 9712082718

ફ્લેટ વેચવાનો છે
4B2HK
Call: 98250 98545

પ્રિમીયમ ફ્લેટ વેચવાનો છે
2 BHK (1350 Sq.ft)
Call: 63532 75346

NA - READY POSSESSION
PLOTS
STARTING 15 LACS
SANAND NALSAROVAR RD
98250 39864/67

હોસ્પિટલ સેટઅપવાળી કોમર્શીયલ પ્રોપર્ટી વેચવાની છે
ચાંદખેડા TP-44
Approx 1500 ft કાર્પેટ
Call : 9879433777

Pre Lease Property for Sale
Showroom / Office
ROI : 4% to 9%
Bank / MNC / Brands
BROKER EXCUSE
9081611055
9081611044

નવા કોમર્શિયલ લેન્ડમાર્કમાં
1600 થી 7500 સ્ક્વે.ફૂટ
24000
8200943067 | 9377150055

અમદાવાદના પોશ વિસ્તાર SCIENCE CITY માં
Approx 500 થી 1000 sq.yd
M- 9687688615

PROPERTIES FOR SALE
PLOT : Olive Woods, Madha 2471 Yds.
SHOP : Pre-Lease, Ground Floor, 487 Ft. Carpet, Ambawadi, 1.5 Cr.
VILLA : 601 Yds. Plot - 1 Bed Arvind Forreste, 2.45 Cr.
TIA Estate - 9081388138

જમીન વેચવાની છે
ચેખલા - ૩ થી ૧૫ વિઘા
વાયણા - ૨ વિઘા
દેવકાંઠ (બાવળા)-૧૩૦ વિઘા
ધોલેરા - ૫ થી ૫૦ વિઘા
9375066559

વેચાણ આપવાની છે
અદ્યતન ડેવલોપ સ્કીમ
2 BHK ફ્લેટ વિવ્યુજન
નિકોલ મેઈન રોડ
9824273674, 9429199536

નવી સ્કીમમાં ફ્લેટ
3 BHK 1.27Cr
4 BHK 2.55Cr
થલતેજ મેટ્રો સ્ટેશન નજીક
M. 63 52 52 88 47

બંગલા જેવી વિશાળતા પ્રાઈવેટ લિવિંગ
4.5 BHK READY Possession 1 Floor 1 Flat
Kailasam
9662207544/8866694276

બંગલો વેચવાનો છે.
ફુલ્લી ફર્નિશ્ડ - 358 વાર
Mo.94260 48711

2500
9824019161, 9099956080

Science City
4BHK
READY
₹2.51CR++
99 98 906 506 - 7600 103 126

Futuristic Location
વૈષ્ણોદેવી સર્કલ
3BHK
KING SIZE ~1.05 CR++
નવી સ્કીમ
READY Possession
70431 29143
997 400 7534

રી-ડેવલપમેન્ટ માટે
5238 Sq. Yds.,
72 મેમ્બર્સ વાળી સોસાયટી
9426014616/ 9426036817

SAMPLE HOUSE READY
1.68 CR++
Gokul flora
3 BHK - 2400 sq.ft.
Architect Apurva Amin | Developed by Virani Group
www.viranigroup.in
76009-07009
B/h.Jahanvee Restaurant,University Rd,Panjrapole,Ambawadi,Ahmedabad.

વેચવાનો છે
4BHK બંગલો
પ્લોટ ૪૫૦ વાર
બાંધકામ ૫૦૦ વાર
M.: 90233 99356

Urgently Require
GYNAECOLOGIST- Full time
(MS/ DGO / CPS)
for 25 years Old Hospital.
Shree Harikrishana Multispeciality Hospital, Dholka, Ahmedabad.
Contact: 9879213675

N.A. જમીન વેચવાની છે
26000 વાર
M: 98250 20731

નવી સ્કીમમાં ફ્લેટ વેચવાના છે
થલતેજ
4BHK
3BHK
૨ હોલ વાળો
1.23 CR++
7041 366 249 - 7041 576 436

શેલામાં નવી ફ્લેટ
વેચવાનો છે
4324 Sq. Ft.
ગ્રીન કાર્ફટ ફ્લેટ
9327026582 (Owner)

મીઠાખળી, અમદાવાદમાં
ફુલ્લી ફર્નીશ્ડ
બંગલો વેચવાનો છે.
તદ્દન નવું બાંધકામ
535 વારનો પ્લોટ
M. 95379 19913

3BHK નવી સ્કીમમાં ગુરુકુળ
KING SIZE ~1.43 CR++
9898829291 - 6358226902

વેચવાનો છે ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ
2500 વાર કાર્પેટ, NA NOC,
M.: 9825842966

નવી સ્કીમમાં ફ્લેટ બુક કરાવો
4BHK 2.20Cr++
88 66 27 44 99 - 93 75 97 64 44

ફ્લેટ વેચવાનો છે
નવરંગપુરા, સ્વસ્તિક સોસાયટી
4 BHK + હોમ થીયેટર
9228774477

3BHK 1.23Cr++
88 66 27 44 99 - 93 75 97 64 44

બંગલો વેચવાનો છે
5BHK 600 વાર પ્લોટ 720 વાર બાંધકામ
ARCUS REALTORS 63511 44711








